ગુજરાત સમાચાર
રવિવાર, ૦૧-૧૧-૨૦૨૬

રવિપૂર્તિ

www.gujaratsamachar.com

02
અત્યાચારીઓનાં જુલમ સામે કદી નમે નહીં તેનું નામ નાવી પિલ્લે!

07
રેતીમાં દટાયેલી પોલીસ ફાઈલ : અઢાર ખોપરીઓ, એક અધૂરો ગુનો

આપણે ખરેખર વ્યસ્ત છીએ કે વ્યસ્ત દેખાવાની આદતના ગુલામ બની ગયા છીએ? : કામ વગર થોડી મિનિટો બેસીએ તેમાં પણ દોષની લાગણી અનુભવીએ છીએ

કંઈ જ ન કરવાની મસ્તી

હોરાઈઝન

ભવેન કચ્છી

આપણે કોઈને ફોન કરીએ અને પૂછીએ કે, 'શું ચાલે છે?' તો સામે છેડેથી ઘણી વાર જવાબ મળે છે, 'બસ, બહુ બિઝી છું. પછી વાત કરું.' કોઈ મિત્રને મળવા જવાનું નક્કી કરીએ તો તે કહે, 'આ અઠવાડિયું તો એકદમ પૅક્ડ છે.' કોઈ પરિચિતને પૂછીએ કે રવિવારે શું કાર્યક્રમ છે, તો તે પોતાના વ્યસ્ત સમયપત્રકની લાંબી યાદી સંભળાવે. ઓફિસમાં કોઈની ટેબલ પર ફાઈલોનો ઢગલો હોય, ફોન સતત રણકતો હોય અને એક પછી એક મીટિંગ ચાલતી હોય તો આપણે સહજ રીતે માનવા લાગીએ કે આ વ્યક્તિ બહુ મહત્ત્વની છે.

તેની સામે કોઈ માણસ શાંતિથી બારી પાસે બેસીને ચા પીતો હોય, પુસ્તકનાં બે પાનાં વાંચતો હોય કે માત્ર બહારના રસ્તા પરની અવરજવર જોતો હોય તો આપણને સવાલ થાય કે આની પાસે બીજું કોઈ કામ નથી?

મહત્તા વધે

આપણી જિંદગીમાં જાણે વ્યસ્તતા માત્ર જરૂરિયાત નથી રહી, એક પ્રકારની ઓળખ અને પ્રતિષ્ઠાનું પ્રતીક બની ગઈ છે. આપણે કામ કરીએ છીએ એટલું જ નહીં, આપણે કેટલા કામમાં ડૂબેલા છીએ તે બીજા લોકોને બતાવવાની પણ જાણે ફરજ અનુભવીએ છીએ. કોઈને જવાબ આપતાં કહીએ કે 'હમણાં બહુ કામ છે', તો આપણા મહત્ત્વમાં જાણે વધારો થતો હોય તેવું લાગે છે.

સોશિયલ મીડિયા પર પણ કોઈ વ્યક્તિ મીટિંગ, પ્રવાસ, કામની ડેડલાઈન, જિમ, અભ્યાસ કે અન્ય પ્રવૃત્તિઓની વાત કરે ત્યારે તેની સક્રિયતા જોઈને આપણે પ્રભાવિત થઈએ છીએ. જાણે જીવનમાં સતત કંઈક કરતા રહેવું એ જ સફળતાનું પ્રમાણપત્ર હોય!

પરંતુ આ આખી દોડમાં એક સવાલ પૂછવા જેવો છે : આપણે ખરેખર વ્યસ્ત છીએ કે વ્યસ્ત દેખાવાની આદતના ગુલામ બની ગયા છીએ? અને જો દિવસનો થોડોક સમય આપણે કંઈ જ ન કરીએ, કોઈ કામની યાદી પૂરી કરવાની ચિંતા ન કરીએ, મોબાઈલની સ્ક્રીન ન જોઈએ અને કોઈને આપણી ઉપયોગિતા સાબિત ન કરીએ, તો શું આપણે ખરેખર સમય બગાડીએ છીએ? કે પછી જિંદગીના અત્યંત જરૂરી એવા એક ભાગને જીવવાનો પ્રયત્ન કરીએ છીએ?

નવરાશ પણ જરૂરી

આપણી સામાજિક માનસિકતામાં કામ અને મહેનતને હંમેશાં મહત્ત્વ આપવામાં આવ્યું છે. 'ખાલી મગજ શેતાનનું કારખાનું', 'કામ વગરનો માણસ કાટ ખાય' કે 'સમય કિંમતી છે, તેનો સદુપયોગ કરો' જેવી શીખ આપણે બાળપણથી સાંભળતા આવ્યા છીએ. આ વાતોમાં મહેનત, શિસ્ત અને સમયના મૂલ્ય વિશેનો મહત્ત્વનો સંદેશ છે. સમસ્યા ત્યારે ઊભી થાય છે, જ્યારે આપણે એનો અર્થ એવો કરી બેસીએ કે સમયનો સદુપયોગ એટલે દરેક મિનિટમાં કોઈ ને કોઈ કામ કરવું જ.

ધારો કે કોઈ માણસ ઓફિસમાં આખો દિવસ કામ કરે છે. સાંજે ઘરે આવે છે ત્યારે પણ તેના મનમાં આવતીકાલની મીટિંગ, અધૂરા ઈમેઈલ, નવા પ્રોજેક્ટ અને બાકી રહેલી જવાબદારીઓનો ઘોંઘાટ ચાલુ છે. તે જમતાં જમતાં ફોન જુએ છે, પરિવાર સાથે બેઠો હોય ત્યારે પણ કામના સંદેશાનો જવાબ આપે છે અને રાત્રે સૂતાં પહેલાં આવતીકાલનું સમયપત્રક તૈયાર કરે છે. રવિવારે રજા હોય તો પણ તે કોઈ કોર્સ કરે છે, કોઈ નવી કુશળતા

શીખે છે અથવા પોતાની કારકિર્દી સુધારવા માટે કંઈક નવું કરે છે. આ બધું ખરાબ નથી. શીખવાની અને આગળ વધવાની ઈચ્છા પ્રશંસનીય છે.

પરંતુ જો તેને કોઈ એક સાંજે કંઈ જ કરવાનું ન હોય તો તે બેચેન થઈ જાય, તો વિચારવાની જરૂર છે.

ધીમા પડવાની જરૂર

ઘણા લોકો સોફા પર થોડી વાર બેસે તો પણ અપરાધભાવ અનુભવે છે. જાણે કોઈ અદ્રશ્ય અવાજ પૂછતો હોય, 'આમ બેસી રહેવાથી શું મળશે?' આ સવાલ ઘણી વાર બીજું કોઈ નહીં, આપણે પોતે જ પૂછીએ છીએ. બહારની દુનિયાએ સતત કાર્યરત રહેવાનું શીખવ્યું છે, પરંતુ ધીમા પડવાનો અધિકાર જાણે આપણે પોતાની પાસેથી જ છીનવી લીધો છે. આપણે બાળકને પૂછીએ છીએ કે આજે શું નવું શીખ્યો, યુવાનને પૂછીએ છીએ કે કારકિર્દીમાં આગળ વધવા શું કરી રહ્યો છે અને સફળ વ્યક્તિને મળીએ ત્યારે તેની પાસે કેટલાં કામ છે તે જાણવામાં રસ લઈએ છીએ. પરંતુ બહુ ઓછા લોકો પૂછે છે : આજે તને શાંતિથી બેસવાનો સમય મળ્યો? તારી સાથે તું કેટલો સમય વિતાવી શક્યો? છેલ્લે ક્યારે કોઈ ચિંતા વિના ચા પીધી?

સમયની મર્યાદા

એક સમય હતો જ્યારે લોકો પોતાની સફળતા ઘર, ગાડી, વ્યવસાય, હોદ્દો કે આવકથી દર્શાવતા. આજે તેમાં એક નવું માપદંડ ઉમેરાયું છે : તમે કેટલા વ્યસ્ત છો? ખાસ કરીને વ્યવસાયિક જગતમાં સતત મીટિંગ, સમયની અછત અને અનેક જવાબદારીઓ સંભાળવાની ક્ષમતા સફળતાની નિશાની બની ગઈ છે. કોઈ કહે કે 'મારી પાસે તો પોતાના માટે પણ સમય નથી', તો ઘણી વાર તે ફરિયાદ કરતાં ગૌરવની લાગણી સાથે કહેતો હોય છે.

પરંતુ સમય જ ન હોય એવી સ્થિતિ હંમેશાં મહત્ત્વની હોવાની નિશાની નથી. ક્યારેક તે નબળા આયોજનનું પરિણામ હોય છે, ક્યારેક બીજાને ના ન પાડી શકવાની મજબૂરી હોય છે અને ક્યારેક દરેક તક ઝડપી લેવાની લાલચનું. પોતાની ક્ષમતા કરતાં વધારે જવાબદારીઓ સ્વીકારીને સતત દોડતા રહેવું સફળતા નહીં, પોતાની મર્યાદાઓને ન ઓળખવાની નિશાની પણ હોઈ શકે.અહીં એક મહત્વનો ભેદ સમજવો જોઈએ : કામમાં વ્યસ્ત હોવું અને કામમાં અસરકારક હોવું બે અલગ બાબતો છે. જે માણસ આઠ કલાકમાં પોતાનું કામ પૂરું કરીને પરિવાર સાથે સમય વિતાવે છે, તે કદાચ બાર કલાક કામ કર્યા પછી પણ અધૂરાં કામની ફરિયાદ કરનાર વ્યક્તિ કરતાં વધુ સુવ્યવસ્થિત હોઈ શકે. કલાકોની સંખ્યા હંમેશાં કામની ગુણવત્તા નક્કી કરતી નથી. ઓછા સમયમાં યોગ્ય નિર્ણય લેવો, બિનજરૂરી કામને ના કહેવી અને મહત્ત્વની બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવું વધુ મૂલ્યવાન હોઈ શકે છે.

રસેલનું તત્ત્વજ્ઞાન

આ વિચાર નવો નથી. બર્ટ્રાન્ડ રસેલે ૧૯૩૨માં 'In Praise of Idleness' નામના નિબંધમાં કામને હંમેશાં નૈતિક ગુણ ગણવાની માનસિકતા સામે સવાલ ઉઠાવ્યો હતો. તેમનો આશય જવાબદારીઓથી ભાગી જવાનો નહોતો. તેઓ એવી માન્યતા પર વિચાર કરવા કહેતા હતા કે સતત મહેનત કરવી જ સદ્ ગુણ છે અને નવરાશ જાણે ખામી છે તે માનસિકતા યોગ્ય છે?

રસેલે એવી દુનિયાની કલ્પના કરી હતી જેમાં ટેક્નોલોજી અને ઉત્પાદનક્ષમતાના લાભનો ઉપયોગ માણસોને વધુ કામમાં જોતરવા માટે નહીં, પરંતુ વધુ નવરાશ આપવા માટે થાય. મશીન માણસનું કામ સરળ બનાવે તો બચેલો સમય જીવન માણવા, વિચારવા, વાંચવા, કળા માણવા અને સંબંધો માટે મળી શકે. પરંતુ આજે બન્યું છે એવું કે ટેક્નોલોજી, ગેજેટ્સ ઓછી મહેનત અને સમયમાં કામ કરી આપે છે બચેલો સમય પણ આપણે વધુ કામથી ભરી દઈએ છીએ. સમય બચ્યો, પણ નવરાશ વધી નહીં.

કંઈ ન કરવાનો અર્થ હોઈ શકે કે રોજનાં કામ પછી દસ-પંદર મિનિટ શાંતિથી બેસવું, મોબાઈલ બાજુમાં મૂકી બારી બહાર જોવું, ચાનો કપ કોઈ ચિંતા વિના પીવો, બગીચામાં વૃક્ષો અને પક્ષીઓનું અવલોકન કરવું, પુસ્તક વાંચવું, સંગીત સાંભળવું કે રસ્તા પરની અવરજવર જોવી. આ પ્રવૃત્તિઓમાં કોઈ નિશ્ચિત પરિણામ મેળવવાનો આગ્રહ નથી. આપણે કંઈક હાંસલ કરવા માટે નહીં, માત્ર એ ક્ષણમાં રહેવા માટે સમય આપીએ છીએ.

ઉપયોગીતાની આદત

આપણને દરેક કામમાં ઉપયોગિતા શોધવાની આદત પડી ગઈ છે. ચાલીએ તો પગલાં ગણીએ, પુસ્તક વાંચીએ તો કેટલું જ્ઞાન મળ્યું તે વિચારીએ, સંગીત સાંભળીએ તો તેને આરામ કે કાર્યક્ષમતા વધારવાની પદ્ધતિ બનાવીએ અને વેકેશનમાં જઈએ તો કેટલાં સ્થળો જોયાં તેની યાદી બનાવીએ. જાણે કોઈ પણ અનુભવ પોતાનામાં પૂરતો નથી; તેને કોઈ પરિણામ આપવું જ પડે.

પરંતુ જીવનના કેટલાક અનુભવોનું મૂલ્ય એમાં જ છે કે તેઓ કોઈ ચોક્કસ પરિણામ આપતા નથી. બાળપણમાં આપણે એમ જ રમતા, કલ્પનાઓ કરતા કે આકાશમાં વાદળોના આકાર જોતા. હવે મોટા થયા પછી આપણે પોતાના દરેક સમયનો હિસાબ માંગવા લાગ્યા છીએ.

મગજને પણ આવી ખાલી જગ્યા જોઈએ. જ્યારે મગજ કોઈ ચોક્કસ કામ પર એકાગ્રતાથી ધ્યાન આપતું ન હોય, ત્યારે પણ તે સંપૂર્ણપણે બંધ થતું નથી. યાદો, અનુભવો, વિચારો અને ભવિષ્યની શક્યતાઓ વચ્ચે મન ભટકતું રહે છે. ક્યારેક કોઈ સમસ્યાનો ઉકેલ લાંબા પ્રયત્ન પછી પણ ન મળે, પરંતુ થોડો વિરામ, ચાલવું કે સ્નાન કર્યા પછી અચાનક વિચાર આવી જાય. સતત ધ્યાન કેન્દ્રિત કરવાથી અલગ પ્રકારની માનસિક પ્રક્રિયાઓ માટે જગ્યા રહેતી નથી.

શાંત ક્ષણોનું મહત્વ

લેખકને સારો વિચાર માત્ર કમ્પ્યુટર સામે બેસીને જ મળે એવું નથી. કોઈ જૂની યાદ, રસ્તા પર જોયેલું દ્રશ્ય, અજાણી વ્યક્તિનું વાક્ય કે શાંત ક્ષણમાં ઊભો થયેલો સવાલ નવા લેખનું બીજ બની શકે છે. વૈજ્ઞાનિક, કલાકાર, સંગીતકાર કે ઉદ્યોગસાહસિક માટે પણ સમસ્યાને જુદા દ્રષ્ટિકોણથી જોવાની ક્ષમતા મહત્ત્વની છે. સતત દોડતા રહેવામાં આપણે વિચારવા માટે જરૂરી અંતર ગુમાવી દઈએ છીએ. યાદ રહે મોટા ભાગના પ્રોજેક્ટ, નવો કોઈ વિચાર વ્યક્તિ તેની જાત સાથે બેઠી હોય ત્યારે સ્ફૂર્યા હોય છે. તમે શાંત ચિત્તે બેસી ન શકો તો ભાવિ ડગલાં અંગે ક્યાંથી વિચાર આવે.

કોઈ પૂછે કે શું કરો છો? તો આત્મવિશ્વાસ સાથે કહો કે 'બસ કંઈ નહીં એમ જ બેઠો છું.' યાદ રહે આપણે પ્રત્યેક પળ કંઈક કરવા માટે જ જીવતા નથી; ક્યારેક જીવવા માટે કંઈ ન કરવું પણ જરૂરી છે.

જ્ઞાન પોસ્ટ

દિવસમાં એક સવાલ ઉમેરી શકાય : 'આજે મેં શું હાંસલ કર્યું?' તેની સાથે બીજો સવાલ પણ પૂછીએ :'આજે મેં કઈ ક્ષણને માત્ર માણી?' પહેલો સવાલ આગળ વધવામાં મદદ કરે છે, જ્યારે બીજો યાદ અપાવે છે કે જીવન માત્ર આગળ વધવાનું નામ નથી. ■

પ્રત્યાર્પણ કરાર : વિદેશોમાં આશરો લેનારા અપરાધીઓને પકડવાનો સાણસો

હોટલાઈન

ભાલચંદ્ર જાની

વાત જાણે એમ છે કે ઓગસ્ટ ૨૦૨૪માં બાંગ્લાદેશમાં થયેલા વિદ્યાર્થી અને જનવિરોધ પ્રદર્શનો બાદ શેખ હસીનાએ વડાંપ્રધાન પદેથી રાજીનામું આપવું પડ્યું હતું અને ત્યારથી તેઓ સુરક્ષાના કારણોસર ભારતમાં આશ્રય લઈ રહ્યા છે.બાંગ્લાદેશના પ્રદર્શનો દરમિયાન થયેલી હિંસા, માનવતા વિરુદ્ધના ગુના અને હત્યાના આરોપો હેઠળ તેમની સામે બાંગ્લાદેશમાં કેસ નોંધાયા છે.

બાંગ્લાદેશના વડાપ્રધાન તારીક રહેમાન સતત એક જ વાત ઉચ્ચારી રહ્યા છે કે ભારત શેખ હસીનાને તાબડતોબ ઢાકા મોકલી આપે. શક્યતા એવી પણ છે કે મેડમ હસીના ઢાકા પહોંચે કે તરત તેમને જેલમાં નાંખી કોર્ટમાં સાચો-ખોટો કેસ ચલાવી છેલ્લે તેમને ફાંસીના માંચડે ચઢાવી દેવાય. બસ આવી આશંકાને લીધે જ ભારત સરકાર શેખ હસીનાનું પ્રત્યાર્પણ કરવાનું ટાળી રહી છે છતાં શક્યતા એવી છે કે હસીના પોતે સ્વેચ્છાએ ઢાકા જવા તૈયાર થાય અને કદાચ ડિસેમ્બરના બીજા સપ્તાહમાં બાંગ્લાદેશ પાછા ફરે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૨૦૧૩માં પ્રત્યાર્પણ સંધિ થઈ હતી (જેમાં ૨૦૧૬માં સંશોધન પણ કરવામાં આવ્યું હતું). આ સંધિ હેઠળ બંને દેશો નિયત ગુનાહિત કેસોમાં આરોપીઓની સોંપણીની માંગ કરી શકે છે. બાંગ્લાદેશ સરકારે શેખ હસીનાના પ્રત્યાર્પણ માટે ભારત સરકાર સમક્ષ ઔપચારિક વિનંતી કરેલી છે.

ભારત સરકારે આ બાબતે સ્પષ્ટ કર્યું છે કે આ વિનંતી આંતરિક કાયદાકીય અને ન્યાયિક પ્રક્રિયા હેઠળ વિચારણા હેઠળ છે. ભારત-બાંગ્લાદેશ પ્રત્યાર્પણ સંધિની કલમો મુજબ જો કેસ રાજકીય સ્વરૂપનો હોય તો ભારત પ્રત્યાર્પણ નકારી શકે છે. આરોપો પાછળ પૂર્વગ્રહ કે રાજકીય બદલો હોવાની સંભાવના હોય ત્યારે પણ કાયદાકીય અડચણ આવી શકે છે.જે કેસોમાં મૃત્યુદંડની સજા થઈ શકે તેમ હોય તેવા સંજોગોમાં માનવાધિકારના પાસાંઓ પણ મહત્વપૂર્ણ બની જાય છે.

બાંગ્લાદેશના આ કેસની હાલમાં બહુ ચર્ચા થઇ રહી છે. એટલે પ્રત્યાર્પણ (એક્સ્ટ્રડિશન ટ્રીટી) શબ્દ પર વારંવાર વાંચવા સાંભળવા મળે છે.

પ્રત્યાર્પણ એટલે કે એક્સ્ટ્રડિશન.. બે લેટિન શબ્દ 'એક્સ' એટલે કે 'આઉટ ઓફ' અને 'ટ્રાડિશિયો' અર્થાત 'ડિલિવરિંગ અપ' મળીને બનેલા એક્સ્ટ્રાડિશનની સરળ ભાષામાં આ રીતે વ્યાખ્યા આપી શકાય : એક રાજ્ય કે દેશ દ્વારા સોંપણી કરવી.. દા.ત. ભારતમાં હત્યા કે લૂંટફાટ દ્વારા આતંક મચાવીને ભાગી છૂટેલો ગુનેગાર બ્રિટન અથવા તો બીજા કોઈ દેશમાં આશ્રય લે તો ભારત તેને પાછો મેળવવા માટે પ્રત્યાર્પણની અરજી કરે. જો બ્રિટનના કાયદા મુજબ ભારતીય ગુનેગાર દોષી ગણાતો હોય તો તેને ભારત પાછો મોકલી દેવાય, પરંતુ જો બ્રિટનના કાયદા મુજબ તે ગુનેગાર નિર્દોષ ઠરે તો તેનું પ્રત્યાર્પણ થઈ શકતું નથી.

બ્રિટનના આ કાયદાનો લાભ ઈકબાલ મોહમ્મદ મેમણ ઉર્ફે ઈકબાલ મિર્ચીને મળ્યો હતો. ૧૯૯૩ની બારમી માર્ચે મુંબઈમાં થયેલા બોમ્બધડાકા ઉપરાંત ભૂતપૂર્વ સાથી અમર ભાસ્કર સુવર્ણની હત્યા માટે જવાબદાર મનાતા અને કેફી દ્રવ્યોની હેરાફેરી કરવા માટે જાણીતા ઈકબાલ મિર્ચીએ બ્રિટનમાં આશરો લીધો. સીબીઆઈ અને મુંબઈ

પોલીસે તેના પ્રત્યાર્પણ માટે કેસ દાખલ કર્યો. આ કેસ ડાઈંગ ડિક્લેરેશનને આધારે તૈયાર કરવામાં આવ્યો હતો. ભારતમાં 'મરતો માણસ જૂઠું ન બોલે' એવી માન્યતાને આધારે ડાઈંગ ડિકલેરેશનને અધિક મહત્ત્વ અપાય છે, પરંતુ બ્રિટનમાં મરતા માણસની જુબાનીનું કોઈ જ મહત્ત્વ નથી. આ જ કારણસર લંડન કોર્ટે ઈકબાલ મિર્ચીના પ્રત્યાર્પણ માટે મંજૂરી આપી નહોતી.

ઈકબાલ મિર્ચી ઉપરાંત ખાલિસ્તાની ભાગલાવાદી કરમજિતસિંહના પ્રત્યાર્પણ માટેની મંજૂરી પણ સીબીઆઈને મળી નહોતી. કરમજિતસિંહે એમ કહ્યું કે જો મને ભારત પાછો મોકલવામાં આવશે તો મારા પર ત્યાં અત્યાચાર કરવામાં આવશે. લંડનની કોર્ટે આ દલીલ માન્ય રાખીને કરમજિતસિંહને બ્રિટનમાં રહેવા દેવાની પરવાનગી આપી દીધી.

પ્રત્યાર્પણ માટેના ગુનેગારોની યાદી ઘણી લાંબી છે. હત્યા, લૂંટફાટ, આતંકવાદ અને કેફી દ્રવ્યોની હેરાફેરી માટે જવાબદાર મનાતા મુંબઈના ૩૫ સહિત ભારતના અઢીસો જેટલા રીઢા ગુનેગારો અત્યારે વિદેશી સરકારની મહેમાનગતિ માણી રહ્યા છે. ઈન્ટરપોલે આ ગુનેગારોની અટકાયત માટે સંબંધિત દેશોને એક કરતાં વધુ વખત રેડકોર્નર નોટિસ મોકલી આપી છે, પરંતુ આ નોટિસને કાયદેસરનો દરજ્જો પ્રાપ્ત થયો નથી. તેથી મોટા ભાગના દેશો આ નોટિસ પ્રત્યે ઝાઝું ધ્યાન આપતા નથી. પરિણામે ગુનેગારો લીલાલહેર કરે છે.

ભારત અને બ્રિટન વચ્ચે ૧૯૯૩માં 'એક્સ્ટ્રાડિશન ટ્રિટી' એટલે કે ગુનેગારોની સોંપણી માટેના કરાર થયા હોવા છતાં નદીમનું પ્રત્યાર્પણ વર્ષો સુધી થયું નથી.

એક તરફ મુંબઈ પોલીસ ગુલશનકુમારની હત્યા માટે જવાબદાર મનાતા નદીમના પ્રત્યાર્પણ માટે મરણિયા પ્રયાસો કરી રહી હતી. તો બીજી તરફ એ જ હત્યામાં ભાગીદાર હોવાનું કહેવાતા અબુ સાલેમના પ્રત્યાર્પણ માટે પણ મુંબઈ પોલીસે પ્રયત્નો કર્યા હતા. સંયુક્ત આરબ અમીરાત પોલીસે દુબઈમાં અકીલ અહમદ આઝમીના નામે રહેતા અબુ સાલેની બનાવટી ચેક રજૂ કરવા બદલ ધરપકડ કરી. ગુલશનકુમારની હત્યા ઉપરાંત મુંબઈમાં થયેલા બોમ્બધડાકા અને ફિલ્મનિર્માતા રાજીવ રાય પર કરાયેલા હુમલા માટે જવાબદાર ગણાતા અબુ સાલેમના પ્રત્યાર્પણ માટે મુંબઈ પોલીસે તરત ચક્રો ગતિમાન કરી દીધાં હતા. જોકે સંયુક્ત આરભ અમીરાત સાથે ભારતની પ્રત્યાર્પણ સંધિ ૧૯૯૮ પછી થઈ ત્યારબાદ જ અબુ સાલેમને ભારત લવાયો.

મોદી સરકાર સત્તા પર આવ્યા પછી ૪૮ દેશો સાથે ધી એક્સ્ટ્રાડિશન એંકટ, ૧૯૬૨ હેઠળ આવી સંધિ કરવામાં આવી છે. જેમાં અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, બહેરીન, બાંગ્લાદેશ, બેલ્જિયમ, બ્રાઝિલ, કેનેડા, ઈજિપ્ત, ફ્રાંસ, જર્મની, હોંગકોંગ, ઈરાન, ઈન્ડોનેશિયા, ઈઝરાયલ, સાઉથ કોરિયા, કુવૈત, મલેશિયા, રશિયા, સાઉદી આરબ, દ. આફ્રિકા, સ્પેન, સ્વિત્ઝર્લેન્ડ, યુ.કે. તથા યુ.એસ.એ.નો સમાવેશ થાય છે.

જે દેશો (બાર) સાથે માત્ર એક્સ્ટ્રાડિશન એરેન્જમેન્ટ થઈ છે તેમાં ક્રોએશિયા, ફિજી, ઈટાલી, પપુઆ ન્યુગીની, પેરુ, સિંગાપુર, શ્રીલંકા, સ્વીડન અને તાન્ઝાનિયાનો સમાવેશ થાય છે.

એક વાત સમજી લો, ફક્ત એક દેશની સરકાર બીજા દેશના સત્તાધીશોને કહે કે ફલાણો માણસ અમારા દેશમાં ગેરકાનૂની કામ કરીને તમારા દેશમાં લપાયો છે માટે તેને પાછો અમારા દેશમાં મોકલી આપો. તો આટલી વાતથી કંઈ પ્રત્યાર્પણ થતું નથી. દેશમાંથી ભાગી છુટ્ટીને બીજા દેશમાં આશરો લેનાર વ્યક્તિએ જે ગેરકાનૂની કામ કર્યું હોય તે કરતૂત આશરો લેનાર દેશમાં પણ ગુનો લેખાય તો જ એક્સ્ટ્રાડિશનની કાર્યવાહી હાથ ધરાય છે. જેમકે એક દેશમાં હોમોસેક્સ્યુઆલીટી ગુનો ગણાતી હોય પરંતુ એ ગુનાનો આરોપી જે દેશમાં શરણ લે ત્યાં સમલૈંગિકતા અપરાધની શ્રેણીમાં ન હોય તો પેલા ભાગેડુનું પ્રત્યાર્પણ થઈ શકતું નથી.

આજ રીતે રાજકીય દ્રષ્ટિએ દોષી ઠરેલો માણસ બીજા દેશમાં આશરો લે તો તેવી વ્યક્તિનું પ્રત્યાર્પણ થતું નથી. ઓસ્ટ્રેલિયા, કેનેડા, મકાઉ, મેક્સિકો અને મોટાભાગના યુરોપિયન દેશોમાં આશરો લેનાર વ્યક્તિ એવા કોઈ ગુનાનો અપરાધી હોય જેની સજા જે તે દેશમાં (એ જ્યાંથી ભાગી આવ્યો હોય તે દેશમાં) ફાંસીની સજા હોયતો તેવી વ્યક્તિને ઉપર જણાવેલા દેશો દેશનિકાલ કરતી નથી. એવી જ રીતે ભારતમાં કોઈ સંગીન અપરાધ કરીને ગુનેગાર તેના પોતાના દેશ જેવા કે જર્મની, ફ્રાન્સ, રશિયા, ઓસ્ટ્રિયા, ચીન, તાઈવાન અને જાપાનમાં નાસી ગયો હોય તો એ દેશો પોતાના જ નાગરિકને એક્સ્ટ્રાડિટ કરતા નથી.

એકંદરે ૨૦૦૨ અને ૨૦૧૬ની વચ્ચે ભારતીય નાગરિક હોય તેવા ૬૨ અપરાધીઓને વિદેશી સરકારોએ ભારત પાછા મોકલી આપ્યા હતા. બીજી તરફ ભારત સરકારે કુલ ૪૯ અપરાધીઓની તેમના દેશમાં મોકલી આપ્યા છે. જેમાં ૨૨ તો ભારતીય હતા પરંતુ વિદેશી નાગરિકતા ધરાવતા હતા.

અગાઉ બિસ્કિટકિંગ રાજન પિલ્લઈને સિંગાપોરને હવાલે કરવાનો હતો, પરંતુ તે પહેલાં જ પિલ્લઈનું પોલીસ કસ્ટડીમાં મૃત્યુ થઈ ગયું... અગાઉ થાઈલેન્ડ સરકારે દસ કરતાં વધુ હત્યાઓ કરનાર ચાર્લ્સ શોભરાજના પ્રત્યાર્પણ માટે ઘણી અરજીઓ કરી હતી, પરંતુ ભારત સરકારે તેને વીસ વર્ષ સુધી જેલમાં પૂરી રાખ્યો. ત્યાર પછી થાઈલેન્ડને શોભરાજના પ્રત્યાર્પણમાંથી રસ ઊડી ગયો એટલે ભારતે તેને ફ્રાંસ મોકલી આપ્યો.

એક તરફ ભારત સંબંધિત દેશોને ગુનેગારોની સોંપણી કરી રહ્યું છે તો બીજી તરફ ભારતને પણ તેના ગુનેગારો પાછા મળી રહ્યા છે. ૧૯૯૭ની શરૂઆતમાં અમેરિકા સાથેની પ્રત્યાર્પણ સંધિને પગલે અમેરિકાએ નવી દિલ્હી બોમ્બ બ્લાસ્ટ કેસમાં અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન રામનિવાસ મિર્ધાના પુત્રના અપહરણમાં સંડોવાયેલા ખાલિસ્તાન લિબરેશન ફ્રંટના દયાસિંહ લાહોરિયા અને તેની પત્ની સુમન સુદને ભારત મોકલી આપ્યાં હતાં. લલિત માકન અને જનરલ વૈદ્યની હત્યા માટે જવાબદાર મનાતા કુકી અને સુકીને પણ થોડા જ સમયમાં અમેરિકાથી ભારત મોકલી આપવામાં આવ્યા હતા. આ સિવાય સ્વિસ સત્તાધિકારીઓએ કારસન કંપનીના બે અધિકારીઓ અને સિંગાપોર બબલુ શ્રીવાસ્તવને ભારત પાછા મોકલી આપ્યા હતા.

અત્યારે જોકે ભારતને જે ગુનેગારોની સોંપણીમાં ઝાઝો રસ છે. તે છે નદીમ, દાઉદ તેમજ વિજયમાલ્યા, લલિત મોદી અને મેહુલ ચોક્સી. તેમ જ નીરવ મોદી બ્રિટન સાથે પ્રત્યાર્પણ સંધિ થઈ હોવા છતાં નદીમ કે વિજય માલ્યાને ભારત પાછો લાવવા માટે જે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે જોતાં આ બધાનું પ્રત્યાર્પણ ક્યારે થશે એ મોટો પ્રશ્ન છે.

એક્સ્ટ્રડિશન ટ્રીટીના આટાપાટા અને ચઢાવઉતાર વિશે થોડા કેસોની ચર્ચા કરીએ.

મુંબઈનાબોમ્બધડાકાઓ માટે જવાબદાર મનાતા મેમણ બંધુઓ દુબઈમાં દાઉદની સોડમાં ભરાયા હતા ત્યારે તેમને પકડવામાં દુબઈપોલીસે જાણીજોઈને ત્રાગાં કર્યાં.

ફોજદારી કે આર્થિક ગુના આચરી વિદેશ ભાગી ગયેલા અને ભારતીય કાયદાકાનૂનની પહોંચ બહાર નીકળી ગયેલા આ અપરાધીઓ પર કાયદાનો પંજો ઉગામવાનો એકમાત્ર માર્ગ એક્સ્ટ્રડિશન ટ્રીટીનો છે

અનુસંધાન પાનાનં ૦૬ પર

અત્યાચારીઓનાં જુલમ સામે કદી નમે નહીં તેનું નામ નાવી પિલ્લે!

પારિજાતનો પરિસંવાદ
ડૉ. કુમારપાળ દેસાઈ

જ્યાં અન્યાય એ જ ન્યાય મનાય છે, જ્યાં સ્ત્રી એ ધિક્કાર, તિરસ્કાર અને બળાત્કારનું પાત્ર ગણાય છે, જ્યાં તમારી જાતિ એ તમારા જીવન કે મૃત્યુનો પરવાનો બને છે, જ્યાં સત્તાની જોહુકમી એ આજ્ઞાપાલનનો આદેશ મનાય છે, જ્યાં નરસંહાર એ સત્તાના સર્જન માટે અનિવાર્ય લેખાય છે એવી ભેદભાવભરી ભયાનક પરિસ્થિતિની વચ્ચે નાવી પિલ્લુએ આપેલી લડત એક નવો ઈતિહાસ સર્જી ચુકી છે.

વર્તમાનયુગમાં જ્યાં સત્તાની નશાખોરી હોય કે પછી યુદ્ધથી નિર્દોષોનો સંહાર કરવાનો શોખ જાગ્યો હોય એવા સમયે નાવી પિલ્લેએ વકીલ અને ન્યાયાધીશ તરીકે મોતને મુઠ્ઠીમાં લઈને નવો ઈતિહાસ રચ્યો છે. જેનું કોઈ ન હોય એની નાવી પિલ્લે હોય, જ્યાં બેફામપણે નરસંહાર થતો હોય ત્યાં નાવી પિલ્લે અદાલતનો આશરો લઈને નરસંહાર અટકાવતી હોય.

નાવી પિલ્લેને માનવઅધિકારો માટેની લડત કાજે નોબેલ પારિતોષિક મળ્યું. એની સિદ્ધિના સહુએ યશોગાન કર્યા, પરંતુ એ સિદ્ધિની પાછળ અવિરત સંઘર્ષ ખેડનારી નારીની છબી જોવી છે. એ છબીમાં તમને દક્ષિણ આફ્રિકામાં ગિરમિટીયાઓનાં અધિકારો માટે લડત આપતા મહાત્મા ગાંધીનું સ્મરણ પણ થાય.

નાવી પિલ્લે ભારતીય મૂળના તમિલ પરિવારના છે અને એમને દક્ષિણ આફ્રિકામાં પારાવાર પ્રતિકૂળતાઓનો સામનો કરવો પડ્યો છે. એક તો એ સ્ત્રી હોવાથી એમને પોતાના અધિકારો માટે ઝઝૂમવું પડ્યું. આવા લિંગભેદની સાથે દક્ષિણ આફ્રિકાના રંગભેદ દ્વારા એમને અન્યાય થતો હતો. ૧૯૫૬માં કાયદાની ડિગ્રી મેળવ્યા પછી વકીલાતની પેઢીમાં નોકરી મેળવવા પ્રયાસ કર્યો, પરંતુ ગોરી પ્રજાની વકીલાતની પેઢીઓએ એમને નોકરી આપવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો. એમને કહેવામાં આવ્યું કે શ્વેત સેક્રેટરીઓ કોઈ અશ્વેત વ્યક્તિની સૂચનાઓ સ્વીકારે તેવી પરિસ્થિતિઓ કદી સહન ન થઈ શકે.

નાવી પિલ્લેને માનવઅધિકારો માટેની લડત કાજે નોબેલ પારિતોષિક મળ્યું. એની સિદ્ધિના સહુએ યશોગાન કર્યા, પરંતુ એ સિદ્ધિની પાછળ અવિરત સંઘર્ષ ખેડનારી નારીની છબી જોવી છે

માટે ઘરભેગા થઈ જાવ. પરિણામે એમની કાનૂની લાયકાત હોવા છતાં એમના અશ્વેત રંગે એમને સઘળેથી જાકારો આપ્યો.

નાવી પિલ્લેને માટે આવો જાકારો કોઈ નવી વાત નહોતી. હકીકતમાં તો દક્ષિણ આફ્રિકામાં રંગભેદના અજગરી ભરડાની વચ્ચે એ હિંમતભેર જીવંત શ્વાસ લેતા હતાં. કાયદાનાં અભ્યાસ માટે પુસ્તકોની જરૂર હતી, પરંતુ અશ્વેતને માટે પુસ્તકો ઉપલબ્ધ નહોતાં. આથી એક પુસ્તક હોય અને અનેક બિનશ્વેત વિદ્યાર્થીઓ સાથે મળીને અભ્યાસ કરતા હોય. વળી રંગભેદને કારણે બહુ મર્યાદિત સુવિધાઓ એમને મળતી હતી અને યુનિવર્સિટીઓમાં પણ વિદ્યાર્થીઓને વંશને આધારે અલગ પાડવામાં આવતા હતા.

આઘાતજનક બાબત તો એ છે કે જાહેર સ્થળો પર અશ્વેતને માટે પ્રવેશ પર પ્રતિબંધ હતો. રંગભેદના સમયગાળામાં શ્વેત લોકો માટે અનામત રાખવામાં આવેલા ઉદ્યાનો અને દરિયાકિનારાઓ પર તેઓ પગ મૂકી શકતા નહોતા. આ પ્રતિબંધો વ્યક્તિનાં દૈનિક જીવનમાં ખૂબ અસર કરતા હતા. જ્યારે નોકરી મેળવવા માટે વકીલાતની પેઢીઓમાં એ ફરી રહ્યા હતા, ત્યારે કોઈએ એવો પ્રશ્ન કર્યો કે, 'તેઓ ગર્ભવતી થશે તો શું થશે?' આ પ્રશ્ન એ દર્શાવે છે કે એમની સામે માત્ર વંશીય ભેદભાવ જ નહીં, બલ્કે મહિલા હોવાને કારણે પૂર્વગ્રહ પણ રાખવામાં આવતો હતો.

આમ જીવનમાં વંશ, લિંગ અને આર્થિક સ્થિતિનાં આધારે થતા ભેદભાવની આકરી તાવણી વચ્ચેથી નાવી પિલ્લેને પસાર થવું પડ્યું, પરંતુ

નમે તે નાવી નહીં. એણે એની લડત ચાલુ રાખી, વકીલાતની કોઈ કંપનીએ તેને સ્વીકારી નહીં, તેથી શું થયું ? ૧૯૬૭માં તેણે પોતાની વકીલાતની પેઢી શરૂ કરી. દક્ષિણ આફ્રિકાના નેટલ પ્રાંતમાં પોતાની વકીલાતની પેઢી શરૂ કરનાર તેઓ પ્રથમ મહિલા બન્યાં અને એ સમયે રંગભેદથી ખદબદી રહેલા દક્ષિણ આફ્રિકાના ઈતિહાસમાં પ્રથમ અશ્વેત મહિલા વકીલ તરીકે નાવી પિલ્લેએ કાર્ય શરૂ કર્યું.

જે રંગભેદને કારણે એમને અભ્યાસની પૂરતી તકો મળી નહીં, જે રંગભેદને કારણે એમને ઉપેક્ષા અને અપમાનો સહન કરવા પડ્યાં, જે રંગભેદને કારણે એમને નોકરી મળી નહીં - એ જ રંગભેદને હટાવવાનો નાવી પિલ્લેએ દ્રઢ નિશ્ચય કર્યો અને કેટલાંય રાજકીય કાર્યકરો અને જેલમાં ગોંધી રાખવામાં આવેલા કેટલાંય રાજકીય કાર્યકરોને ન્યાય અપાવવા માટે ઝઝૂમવા લાગ્યા. એમણે એ ખમીર બતાવ્યું કે જે શ્વેતપ્રજાની જોહૂકમી-ભરી વ્યવસ્થા એમને વકીલ તરીકે સ્વીકારવા તૈયાર નહોતી, એ જ વ્યવસ્થાની સામે એમણે અન્યાયનો ભોગ બનેલા લોકોનાં અધિકારો માટે લડત આપી અને પરિણામે આ પ્રચંડ સંઘર્ષમાં મળેલી સફળતા એ એમની ઝઝૂમવાની શક્તિની સફળતા નથી, પરંતુ એથીયે વિશેષ રંગભેદી ભેદભાવ સહન કરનાર વ્યક્તિ પોતાના જ્ઞાન અને વ્યવસાય દ્વારા અન્ય લોકોનાં અધિકારોનાં રક્ષણમાં કેવી રીતે યોગદાન આપી શકે છે, તે બતાવ્યું.

૨૦૦૮થી ૨૦૧૪ સુધી સંયુક્ત રાષ્ટ્રસંઘના માનવઅધિકાર માટેનાં હાઈ કમિશ્નર પણ રહ્યાં. દક્ષિણ આફ્રિકામાં જન્મેલા નાવી પિલ્લે સામે રવાન્ડાનાં નરસંહારનાં પીડિતોનો ખટલો આવ્યો. તેઓ ૧૯૯૫માં રવાન્ડા માટેનાં આંતરરાષ્ટ્રીય ફોજદારી ન્યાયાધીકરણમાં ન્યાયાધીશ બન્યાં. રુંવાડા કંપી ઉઠે તેવા રવાન્ડાનાં નરસંહાર સાથે સંકળાયેલા ગુનાઓની સુનવણીમાં એમણે મહત્ત્વનું યોગદાન આપ્યું. કેટલાંક ઐતિહાસિક ચુકાદાઓ પણ આપ્યાં અને કહ્યું કે, 'કોઈ સંરક્ષિત સમૂહનો નાશ કરવાના ઈરાદાથી કરવામાં આવેલો બળાત્કાર કે જાતિય હિંસા એ નરસંહારનો એક ભાગ જ ગણાય.' એમના આ ચુકાદાએ ઘણી મોટી કાર્યસિદ્ધિ મેળવી અને જાતિય હિંસાનો ભોગ બનેલી મહિલાઓને ન્યાય મળ્યો, પણ સૌથી વિશેષ તો આંતરરાષ્ટ્રીય કાયદાને એક નવો માર્ગ મળ્યો.

રવાન્ડાનો આ કેસ પ્રોસિક્યુટર વિરુદ્ધ જીન-પૉલ અકાયેસુ તરીકે જાણીતો થયો. આ સમયે રવાન્ડાનાં સંહારના પીડિતોને ન્યાય અપાવવાનો હતો. નાવી પિલ્લે આરોપી તરફથી વકીલ નહોતા, પરંતુ તેઓ આંતરરાષ્ટ્રીય ન્યાયાધીશ હતાં. બન્યું હતું એવું કે ૧૯૯૪માં રવાન્ડામાં તુત્સી સમુદાયનાં લોકોનો આયોજનબદ્ધ નરસંહાર થયો. આખી દુનિયા કંપી જાય તેવી આ ઘટના હતી. હુતુ ઉગ્રવાદીઓ અને તેમની સાથે સંકળાયેલા સશસ્ત્ર જૂથોએ મોટાપાયે હત્યા કરી. તો બીજી બાજુ મધ્યમમાર્ગી હુતુ સમુદાયના લોકોએ વિરોધ કર્યો અને તેઓને પણ સહન કરવું પડ્યું.

આ નરસંહાર દરમિયાન ભયાવહ હત્યાની સાથોસાથ મહિલાઓ સાથે વ્યાપક જાતીય હિંસા પણ થઈ અને ગુનાની તપાસ અને જવાબદારી નક્કી કરવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘે એક આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ ટ્રિબ્યુનલની રચના કરી હતી. આ કેસ જીન-પૉલ અકાયેસુ સામે કરવામાં આવ્યો. એ રવાન્ડાના તાબા નામનાં વિસ્તારનો મેયર હતો. સ્થાનિક લોકોની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા જાળવવાની જવાબદારી એની હતી, પરંતુ એની ઉપેક્ષાને કારણે આ તાબા વિસ્તારમાં વસતાં તુત્સી લોકોની નિર્દયતાથી હત્યા કરવામાં આવી.

અનુસંધાન પાનાનં ૦૬ પર

મનઝરૂખો

પ્રાચીન રોમના પ્રસિદ્ધ સેનાપતિ, સરમુખત્યાર અને રાજપુરુષ જુલિયસ સીઝરના (ઈ. પૂ. ૧૦૦થી ૪૪) જેટલા મિત્રો હતા, એટલા જ શત્રુઓ હતા. એકવાર એ પોતાના મહેલમાં એકલો રજાના દિવસો ગાળી રહ્યો હતો. સીઝરના પરમ મિત્રને આની જાણ થતાં એણે વિચાર્યું કે જુલિયસ સીઝર પાસે જઈને થોડાં ટોળટપ્પાં મારી આવું. બન્ને પ્રેમથી મળ્યાં અને વાતચીત સમયે જુલિયસ સીઝરના મિત્રએ કહ્યું, 'હું એક વાત સમજી શકતો નથી કે તમારા વિરોધીઓ તમારા પર જાતજાતના અસહ્ય આક્ષેપો કરે છે અને તેમ છતાં તમે એ બધાને ચૂપચાપ સહન કરો છો. તમે શા માટે તમારા વિરોધીઓનાં આક્ષેપોનો જડબાતોડ, સણસણતો જવાબ આપતા નથી, કે જેથી ફરી ક્યારેય આક્ષેપો કરવાનાં અટકચાળાં કરે નહીં. તમારા મૌનથી તો વિરોધીઓને વધુને વધુ આક્ષેપો કરવાની ચાનક ચઢે છે. કંઈક તો કરો.' પ્રત્યુત્તર આપવાને બદલે જુલિયસ સીઝર ખામોશ રહ્યાં મિત્રની વાતને ગંભીરતાથી લેવાને બદલે ચર્ચાને બીજે પાટે ચઢાવી દીધી. એમના પરમ મિત્રને દુ:ખ થયું કે એમની આવી ગંભીર વાતની જુલિયસ સીઝરે સદંતર ઉપેક્ષા કરી.

આ સમયે ખેપિયાએ આવીને જુલિયસ સીઝરને એક બંડલ આપ્યું અને જુલિયસ સીઝરે એ ખોલ્યું તો એમના એક વિરોધીએ લખેલાં ઘણાં આક્ષેપભર્યા કાગળો હતાં. આ કાગળોમાં સીઝરના એ વિરોધીએ આક્ષેપો કરવામાં પાછું વાળીને જોયું નહોતું. સીઝરનો મિત્ર તો આ કાગળો વાંચીને ગુસ્સાથી સળગી ઊઠ્યો. જ્યારે સીઝર થોડીવાર શાંત રહ્યા અને પછી એ કાગળો વાંચ્યા વિના જ એને સળગાવી નાખ્યાં. આ જોઈને એમના મિત્રએ પૂછ્યું, 'તમે શા માટે આ બધાં કાગળો સળગાવી નાખ્યાં. એ તો ઘણા કિંમતી હતાં. સમય આવ્યે એ વિરોધી પર પ્રહાર કરવા માટે ઉપયોગી બની શક્યાં હોત.' આ સાંભળીને જુલિયસ સીઝરે હસીને કહ્યું, 'અરે દોસ્ત, મેં વિચાર કર્યા પછી જ આ કાગળો સળગાવ્યાં છે. જ્યાં સુધી આ કાગળો મારી પાસે હોત, ત્યાં સુધી એને જોઈને મને ક્રોધ ચડતો રહેત. મારે માટે ક્રોધને નષ્ટ કરવાનો સૌથી સરળ ઉપાય આ કાગળોને નષ્ટ કરવાનો હતો. આમ કરવાથી શત્રુતા આપોઆપ ખતમ થઈ જશે. વળી, એ કાગળો પાસે રાખીને તનાવપૂર્વક જીવવાનો શો અર્થ?'

પેલા મિત્રને સીઝરની ઉદાર ભાવના સમજાઈ અને ખોટી સલાહ આપવા માટે સીઝરની ક્ષમા માંગી.

પ્રણવી ઉર્સ : ભારતીય મહિલા ગોલ્ફમાં નવું જોશ જગાવી રહેલી યુવા ખેલાડી

Sports ફન્ડા
રામકૃષ્ણ પંડિત

આત્મવિશ્વાસ એ કોઈ પણ સફળતાના પાયામાં રહેલો છે. તમામ પરિસ્થિતિનો સામનો કરવાની હિંમત પોતાની પ્રતિભામાં ભરોસો મુકવાથી જ આવે છે. પડકારોને ઓળંગવા માટે મેદાનમાં ઉતરતાં પહેલા દરેક વ્યક્તિને આત્મવિશ્વાસ જ હિંમત આપે છે અને તેના થકી જ નવો અને આગવો ઈતિહાસ રચાય છે. ભારતની મહિલા ગોલ્ફર પ્રણવી ઉર્સ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે સીમાચિહ્નરુપ સફળતા મેળવવાની સાથે એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધરાવતા કર્ણાટક રાજ્યના મૈસુરની ૨૩ વર્ષની ખેલાડી પ્રણવી જ્યારે જાપાનમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં ભાગ લેવા માટે રવાના થઈ, ત્યારે ભાગ્યે જ કોઈએ તેની નોંધ સુદ્ધાં લીધી હતી. જોકે, જાપાનની ધરતીએ પ્રણવીને ચેમ્પિયન તરીકેની ઓળખ આપી અને ભારતીય મહિલા ગોલ્ફમાં એક નવો અધ્યાય શરુ થયો. પ્રણવી એશિયન ગેમ્સમાં ગોલ્ફની સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતનારી ભારતની સૌપ્રથમ મહિલા ખેલાડી તરીકેનું સ્થાન હાંસલ કરી લીધું છે. તેની સાથે સાથે પ્રણવી છેલ્લા ૨૪ વર્ષમાં એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીતનારી ભારતની સૌપ્રથમ ગોલ્ફર બની ગઈ છે.

ભારતીય ગોલ્ફરો આંતરરાષ્ટ્રીય સ્તરે સફળતા મેળવતા હોય તેવી જૂજ ઘટનાઓ જોવા મળતી હોય છે, ત્યારે પ્રણવીની આ સફળતાએ બધાનું ધ્યાન ખેંચ્યું છે. એશિયન ગેમ્સમાં પણ ભારતને ગોલ્ફની વ્યક્તિગત સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક મળ્યા હોય તેવી આ માત્ર ત્રીજી જ ઘટના હતી. ભારતને છેલ્લે એશિયન ગેમ્સમાં ગોલ્ફનો સુવર્ણ ચંદ્રક અપાવનારો ખેલાડી શિવ કપૂર હતો. તેણે ૨૦૦૨ની બુસાન એશિયન ગેમ્સમાં પુરુષ વિભાગમાં આ સિદ્ધિ મેળવી હતી.જ્યારે એશિયન ગેમ્સના ઈતિહાસમાં ભારતને ગોલ્ફનો સૌપ્રથમ વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક લક્ષ્મણ સિંઘે ૧૯૮૨માં જ્યારે નવી દિલ્હીમાં બીજી વખત ગેમ્સનું આયોજન થયું, ત્યારે અપાવ્યો હતો. આ સિવાયનો ભારતનો ગોલ્ફનો એકમાત્ર ટીમ ઈવેન્ટનો મેડલ પુરુષોએ જીત્યો હતો અને તે રેકોર્ડ પણ ૧૯૫૨ના એશિયાડમાં જ નોંધાયો હતો.

મૈસુરની યુવા ગોલ્ફર માટે જાપાન એશિયન ગેમ્સ કારકિર્દીના ભાગ્યોદય સમાન સાબિત થઈ શકે તેમ છે. તેની આ સફળતામાં છેલ્લા છ વર્ષની યુરોપીયન પ્રોફેશનલ ગોલ્ફ ટુરનો સંઘર્ષ પણ સામેલ છે. પ્રોફેશનલ ગોલ્ફ ટુર્નામેન્ટમા પ્રણવીએ ખાસ સફળતા મેળવી નહતી પણ જાપાન એશિયન ગેમ્સમાં તેણે ચીનની યીન રુઓનિંગ અને શેનન તાનને પાછળ રાખીને ઈતિહાસ રચી દીધો હતો. પ્રણવીની સફળતા એટલા માટે પણ મહત્વની છે કે, એશિયન ગેમ્સમાં મહિલા ગોલ્ફ વિભાગનો સુવર્ણ ચંદ્રક જીતવા માટે ૪૦થી વધુ ખેલાડીઓ સ્પર્ધામાં હતી.

પ્રણવીની ગોલ્ફ કારકિર્દીને આગળ ધપાવવાના તેના માતા એમ.એલ. કૈવલ્યા અને પિતા શરથ ચંદ્ર રાજ ઉર્સની ભૂમિકા પાયારુપ બની રહી છે. કર્ણાટકના લક્ષ્મીપુરમમાં વસતા સંપન્ન ઉર્સ પરિવારમાં જન્મેલી પ્રણવીને બાળપણથી ગોલ્ફ પ્રત્યે લગાવ હતો. પ્રણવીના પિતા ગોલ્ફ રમતાં અને તેઓ મૈસુરની પ્રખ્યાત જયાચામારાજા વાડિનાર કલબના સભ્ય હતા અને તેઓ તેમના બંને સંતાનોને લઈને ગોલ્ફ રમવા જતાં. પિતાના શોખની ઘણી મોટી અસર પ્રણવી પર પડી. પિતા અને મોટાભાઈ સમર્થને ગોલ્ફ રમતાં જોઈન પ્રણવીએ પણ ગોલ્ફ સ્ટીક પર હાથ અજમાવવાનું નક્કી કર્યું. શરથ ચંદ્રએ પુત્રીનો રસ જોઈને તેને પણ ગોલ્ફનું પદ્ધતિસરની તાલીમ મળે તેવી વ્યવસ્થા કરી આપી.

૨૩ વર્ષની પ્રણવીએ એશિયન ગેમ્સની ગોલ્ફની સ્પર્ધામાં ભારતના ૨૪ વર્ષના લાંબા ઈંતજારનો અંત આણતા સુવર્ણ ચંદ્રક જીતીને ઈતિહાસમાં આગવું સ્થાન હાંસલ કરી લીધું છે

પિતા અને મોટાભાઈનું માર્ગદર્શન તેમજ અનુભવી કોચીસના માર્ગદર્શનના કારણે પ્રણવીની પ્રતિભાએ જુનિયર સ્તરની સ્પર્ધાઓમાં તેનો ચમકારો દેખાડવાની શરુઆત કરી દીધી હતી. તેણે સબ જુનિયર સ્તરની વેસ્ટ ઝોન ટુર્નામેન્ટમાં ઉતરવાનો નિર્ણય લીધો અને તેમાં ટાઈટલ જીતી લીધું. તેની આ સફળતાએ તેની આંખોમાં ટોચના ગોલ્ફર બનવાનું સ્વપ્ન રમતું કરી દીધું. તેણે ગોલ્ફને ગંભીરતાથી લેવાનું શરુ કર્યું.

કિશોરાવસ્થામાં ડગ માંડી રહેલી પ્રણવીની કારકિર્દીમાં મહત્વનો વળાંક ૨૦૧૮માં આવ્યો. તેણે ઘરઆંગણે પ્રો ગોલ્ફ ટુર્નામેન્ટમાં મહિલાઓના વિભાગમાં ટ્રોફી જીતવામાં સફળતા મેળવી હતી અને તે સાતત્ય સાથે આગળ વધી રહી હતી, ત્યારે તેને બહમાસની પ્રતિષ્ઠિત અલ્બાની ગોલ્ફ એકેડમીએ એક લાખ ડોલરની સ્કોલરશિપ માટે પસંદ કરી અને તેના ગોલ્ફર બનવાના સ્વપ્નને જાણે પાંખો મળી. તેણે ૨૦૧૭માં ઈન્ડિયન ઓપનમાં એમેચ્યોર ખેલાડી તરીકે મહિલા વિભાગમાં અસરકારક દેખાવ કર્યો હતો. તેણે તેના પર્ફોર્મન્સના આંકડાં ગોલ્ફરો માટે ખાસ તૈયાર કરવામાં આવેલી એપ્લિકેશનનમાં અપલોડ કર્યા હતા અને તેના થી પ્રભાવિત થઈને બહ્માસના અલ્બાનીમાં આવેલી માઈકલ સ્પિયરમેનની એકેડમીએ તેને જંગી સ્કોરલશિપ આપવાની સાથે અમેરિકામાં યોજાતી ટુર્નામેન્ટમાં તે ભાગ લઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવી દીધી.

માઈકલ સ્પિયરમેનનું નામ આંતરરાષ્ટ્રીય ગોલ્ફ જગતમાં જાણીતું છે. તેઓ સાડા ત્રણથી વધુ દાયકાથી ગોલ્ફના કોચિંગ સાથે જોડાયલા રહ્યા છે અને તેમના માર્ગદર્શનમાં ટોચના ગોલ્ફર ગ્રેગ નોર્મન, નિક ફેલ્ડો, બિલી હર્લી થ્રી તેમજ સાન્દ્રા ગૅલ જેવા ખેલાડીઓ પણ તૈયાર થયા હતા. વધુમાં અલ્બાનીમાં યોજાતી વર્લ્ડ ચેલેન્જ ગોલ્ફ ટુર્નામેન્ટને ગોલ્ફના લેજન્ડ ખેલાડી ટાઈગર વૂડ્સના ફાઉન્ડેશનનો તમામ પ્રકારનો સહયોગ પ્રાપ્ત હતો. પ્રણવીની કારકિર્દી માટે આ સ્કોલરશિપ મહત્વની સાબિત થઈ અને ટોચની પ્રોફેશનલ મહિલા અને પુરુષ ખેલાડીઓ સાથેની સ્પર્ધાના કારણે તેની પ્રતિભામાં પણ આગવો નિખાર આવ્યો. જોકે ૨૦૧૮ની જકાર્તા એશિયન ગેમ્સમાં તે ક્વોલિફાય થઈ શકી નહતી.

યુરોપીયન પ્રોફેશનલ મહિલા ગોલ્ફ ટુરમા ભાગ લઈ રહેલી પ્રણવીએ સતત તેની રમતમાં સુધારો કર્યો હતો. જોકે તે ઈજાના કારણે ૨૦૨૨માં હાંગઝોઉ એશિયન ગેમ્સ માટેની ભારતીય ટીમની ટ્રાયલ્સમાં ભાગ લઈ શકી નહતી. તેને ફરી એક વખત એશિયન ગેમ્સ ગુમાવવાનો ભય હતો. અલબત્ત, કોરોનાના કારણે ગેમ્સ ૨૦૨૩માં યોજાઈ અને તેને ભારતીય ટીમમાં સ્થાન મળી ગયું. હાંગઝોઉ એશિયન ગેમ્સમાં પ્રણવીએ ૧૩મો ક્રમ મેળવ્યો. જોકે તે થોડા માટે મેડલથી વંચિત રહેતા ચોથા ક્રમે રહેલી મહિલા ગોલ્ફ ટીમમાં પણ સામેલ હતી. તેણે લેડિસ યુરોપિયન ટુરમાં પણ પ્રભાવશાળી દેખાવ સાથે પોતાનું સ્થાન ટકાવી રાખ્યું હતુ અને આંતરરાષ્ટ્રીય સ્તરના દેખાવને પગલે તેને ૨૦૨૩માં અર્જુન એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો.

પ્રણવીએ ગોલ્ફર તરીકેની પ્રતિભાને નિખારવા માટેના સતત પ્રયાસો જારી રાખ્યા અને ૨૦૨૪માં તે સ્પેનમાં યોજાયેલી ઓપન ગોલ્ફ ટુર્નામેન્ટમાં તેની કારકિર્દીનો શ્રેષ્ઠ દેખાવ કરતાં ત્રીજું સ્થાન હાંસલ કર્યું હતુ. આ જ વર્ષે તે સ્વિડનના હેલ્સિંગબોર્ગમાં રમાયેલી ટુર્નામેન્ટમાં સંયુક્તપણે ત્રીજા સ્થાને રહી હતી. તેણે ૨૦૨૫માં મુંબઈમાં યોજાયેલી ઈન્ડિયન ગોલ્ફ પ્રીમિયર લીગમાં પહેલીવાર ભાગ લીધો હતો અને પુરુષ ગોલ્ફરોને પણ પાછળ રાખીને ટ્રોફી જીતી લીધી હતી. તે આવી સિદ્ધિ મેળવનારી પ્રથમ ભારતીય મહિલા ગોલ્ફર બની હતી.

દેશની ટોચની મહિલા ગોલ્ફર તરીકેનો ખિતાબ હાંસલ કર્યા બાદ પ્રણવીએ યુરોપીયન સર્કિટમાં સાતત્ય સાથે દેખાવ કર્યો હતો અને આ કારણે તેને એશિયન ગેમ્સ ૨૦૨૬ માટેની ભારતીય ટીમમાં પણ સ્થાન આપવામાં આવ્યું હતુ. તેણે નાગાયોમાં ઈતિહાસ રચતાં એશિયન ગેમ્સમાં વ્યક્તિગત સ્પર્ધાનો સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. જ્યારે ઓલિમ્પિયન અદિતિ અશોક અને દિક્ષા ડાગરની સાથે મળીને મહિલા ટીમ સ્પર્ધામાં રજત સફળતા મેળવી હતી. ભારતીય મહિલા ગોલ્ફમાં પ્રણવીનો એશિયન ગેમ્સના સુવર્ણ થકી નવું જોમ રેડાયું છે અને તે આવનારા દિવસોમાં મહિલા ગોલ્ફમાં ભારતની આગેકૂચમાં નિર્ણાયક સાબિત થશે તેમ નિષ્ણાતો માને છે.

સુખ એટલે, આર્ટ ઓફ લવિંગ...

ઝાકળઝંઝા
રવિ ઈલા ભટ્ટ

સિંધુભવન રોડ ઉપર આવેલી એક કોવર્કિંગ સ્પેસના આધુનિક કાફેની નિયોન લાઈટો ફાઉન્ટેનના પાણી પર તરંગો રચતી હતી. આ કાફેના એક ખૂણાના ટેબલ પર બે લેપટોપ સામસામે ખૂલેલાં હતાં.

એક સ્ક્રીન પાછળ નિશાંત બેઠો હતો જે પાલનપુરમાં કરિયાણાની દુકાન ધરાવતા સાધારણ વેપારીનો દીકરો હતો. તેણે આઈઆઈએમ અમદાવાદમાંથી એમબીએ પૂરું કરીને ફિનટેક સ્ટાર્ટઅપ શરૂ કર્યું હતું. બીજી તરફ નિયા હતી, સુરતના હીરાના પ્રતિષ્ઠિત વેપારીની મહત્વાકાંક્ષી એકની એક દીકરી, જે આજે અમદાવાદની ટોચની આર્કિટેક્ચરલ ફર્મમાં લીડ ઈન્ટિરિયર ડિઝાઈનર હતી.

બંનેના લગ્નને હજુ માંડ વર્ષ થયું હતું. બંને પાસે બુદ્ધિ હતી, સફળ કરિયર હતું, બોડકદેવમાં વૈભવી થ્રી-બીએચકે ફ્લેટ હતો અને જીવનની તમામ ભૌતિક સગવડો હતી. છતાં બંને વચ્ચે એક અદ્રશ્ય દીવાલ ઊભી થઈ ગઈ હતી.

'નિશાંત, મારે આવતા અઠવાડિયે ફરી સુરત જવું પડશે,' નિયાએ લેપટોપ પરથી નજર હટાવ્યા વિના, અત્યંત યાંત્રિક અવાજે કહ્યું. 'ટેક્સટાઈલ માર્કેટના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટની સાઈટ વિઝિટ છે. મિનિમમ ચાર દિવસ લાગશે.'

નિશાંતે મેસેજ ટાઈપ કરતાં આંગળીઓ અટકાવી દીધી. તેણે ઊંડો શ્વાસ લીધો અને ચશ્મા સરખા કર્યા. 'નિયા, ગયા વીકેન્ડે પણ તું સુરત હતી. અને આ વીકેન્ડે પાલનપુરથી બા અને બાપુજી આપણને મળવા અહીં આવે છે. તેં કહ્યું હતું કે તું આ વખતે ઘરે રહીશ.'

'તો હું શું કરું નિશાંત? ક્લાયન્ટ છે, કમિટમેન્ટ છે. તારી જેમ હું વર્ક-ફ્રોમ-હોમ નથી કરી શકતી. ડિઝાઈન ઓન-સાઈટ બને, સ્ક્રીન પર નહીં. અને તારા ઘરેથી કોઈ આવે એટલે મારે મારું કરિયર પોઝ કરી દેવાનું?' - નિયાનો અવાજ થોડો ઉંચો થયો.

'મેં કરિયર પોઝ કરવાનું ક્યારેય નથી કહ્યું, નિયા,' નિશાંતે અવાજ ધીમો પણ દ્રઢ રાખવાનો પ્રયાસ કર્યો. 'વાત પ્રાયોરિટીની છે. જ્યારે તારા પપ્પા હાર્ટના ચેકઅપ માટે સુરતથી અમદાવાદ આવ્યા હતા ત્યારે મેં ત્રણ દિવસ મારી ઈન્વેસ્ટર સ્પિચ કેન્સલ કરીને હોસ્પિટલમાં કાઢ્યા હતા. મેં કોઈ હિસાબ નથી માગ્યો, પણ આ તાલમેલ બંને તરફથી હોવો જોઈએ ને?'

'ઓહ, તો હવે તું ઉપકાર ગણાવે છે?' નિયાએ લેપટોપનો ફ્લૅપ સહેજ જોરથી બંધ કર્યો. 'આ તારી સમસ્યા છે. તું સંબંધને પણ એક્સેલ શીટ સમજે છે. સંબંધ કંઈ ૫૦-૫૦ પાર્ટનરશિપનો કોન્ટ્રાક્ટ નથી!'

'અરે, હું એ જ કહું છું કે આ કોન્ટ્રાક્ટ નથી! પણ તું તો સાવ ડિસ્કનેક્ટ થઈ ગઈ છે,' નિશાંતના અવાજમાં થાક હતો. 'આપણે સાથે રહીએ છીએ પણ સાથે જીવતા નથી.'

બીજી તરફ શનિવારે સવારે પાલનપુરથી હસમુખભાઈ અને સરલાબહેન આવ્યા.

નિયા ઔપચારિકતા ખાતર ઘરે રહી હતી ખરી, પણ તેનું મન ઓફિસના ઈમેઈલ્સમાં અટવાયેલું હતું. તે ડાઈનિંગ ટેબલ પર સતત ફોન સ્ક્રોલ કરી રહી હતી.

'નિયા બેટા, સરખી રીતે ખાઈ લે.' સરલાબહેને હળવા સ્મિત સાથે કહ્યું.

નિયાએ પણ પોતાનો બચાવ કરવાનો અહંકાર છોડી દીધો. તેણે પોતાનું માથું નિશાંતના ખભા પર ઢાળી દીધું. તેનાં પગલાં આપોઆપ નિશાંતના ધબકારા સાથે મેળ ખાવા લાગ્યાં

નિયાએ સ્મિત આપ્યું, 'થેન્ક યુ મમ્મી, પણ આજે મારે લંચ પછી તરત ઝૂમ કોલ છે એટલે..'

નિશાંતે કટાક્ષ કર્યો, 'હા, અહીં તો દેશની ઈકોનોમી અમારા વગર અટકી જવાની છે ને!'

નિયાની આંખોમાં ગુસ્સો ચમક્યો. તેણે ચમચી મૂકી દીધી. હસમુખભાઈએ શાંતિથી પાણીનો ઘૂંટડો ભર્યો. તેમણે નિશાંત અને નિયા બંનેના ચહેરા પરની અકળામણ જોઈ લીધી.

સાંજે હસમુખભાઈએ નિશાંતને કહ્યું, 'નિશાંત, ચાલ મને થોડો લૉ ગાર્ડન તરફ આંટો મરાવી લાવ. મારે એક જૂના મિત્રને મળવું છે.'

ગાડીમાં બેઠા પછી હસમુખભાઈએ માત્ર એટલું પૂછ્યું, 'નિશાંત, ધંધો કેવો ચાલે છે?'

'ધંધો તો સરસ છે બાપુજી. યુઝર્સ વધે છે, ફંડિંગ પણ મળી જશે,' નિશાંતે સ્ટીયરિંગ વ્હીલ પર આંગળીઓ પછાડતાં કહ્યું. 'પણ... ઘરમાં શાંતિ નથી. નિયા પોતાના કામ સિવાય કશું વિચારતી જ નથી. હું જેટલું નમું છું, એ એટલી જ વધુ અપેક્ષા રાખે છે. મને લાગે છે કે હું એકલો જ આ લગ્નને ખેંચી રહ્યો છું. હું પ્રેમ આપું છું, પણ સામેથી માત્ર કામ અને શરતો મળે છે.'

હસમુખભાઈએ વહાલથી નિશાંતના ખભા પર હાથ મૂક્યો. 'બેટા, આજના જમાનામાં તમે ભણીગણીને 'લિવિંગ' સેટલ કરતાં શીખી ગયા છો. ફ્લેટ ક્યાં લેવો, ઈએમઆઈ કેવી રીતે ભરવો, નોકરી કેવી રીતે બદલવી. પણ 'લવિંગ' એટલે કે પ્રેમ કરવાની કળા ભૂલી ગયા છો. કોઈ એક જણે તો પહેલાં એ શરત છોડવી પડે કે મને પાછું શું મળશે?'

બીજી તરફ, ઘરે સરલાબહેન નિયા પાસે ગયાં. નિયા સોફા પર બેસીને લેપટોપમાં ક્રોસ-સેક્શન ડ્રોઈંગ જોઈ રહી હતી. સરલાબહેને તેના હાથમાંથી ધીમેથી લેપટોપ બાજુ પર મૂક્યું અને એક નાની ડબ્બીમાંથી ગરમ તેલ કાઢીને નિયાના માથામાં હળવા હાથે ચંપી કરવા લાગ્યાં.

નિયા ચોંકી ગઈ. 'અરે મમ્મી, આ શું કરો છો? હું કરી લઈશ.'

'શાંતિથી બેસ બેટા,' સરલાબહેનનો અવાજ પણ હુંફાળો હતો. 'સુરતથી અહીં આવી, આખો દિવસ દોડાદોડ. તારા માથાની નસો કેટલી ખેંચાયેલી છે જો તો ખરી. તું બહાર દુનિયા સામે લડે છે એ દેખાય છે, પણ અંદરથી કેટલી થાકી ગઈ છે એ કોઈને નથી કહેતી.'

નિયા અચાનક સ્તબ્ધ થઈ ગઈ. સુરતમાં પપ્પાની મોટી અપેક્ષાઓ, અમદાવાદમાં કરિયર સાબિત કરવાની હોડ, ક્લાયન્ટ્સના નખરાં અને ઘરમાં નિશાંત સાથેની રોજિંદી ચડભડ-આ બધાની વચ્ચે કોઈએ ઘણા સમયથી તેને આટલી સરળતાથી પૂછ્યું નહોતું કે 'તું થાકી ગઈ છે?'

નિયાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. તે સરલાબહેનના ખોળામાં માથું મૂકીને ધીમેથી બોલી, 'મમ્મી, નિશાંત મને સમજતો જ નથી. એને લાગે છે કે હું માત્ર મારું જ વિચારું છું. હું પણ આ ઘર માટે જ દોડું છું ને?'

સરલાબહેને તેના વાળમાં આંગળીઓ પરોવતાં કહ્યું, 'દીકરી, પુરુષ ગમે તેટલો મોટો થઈ જાય, એ અંદરથી બાળકના જેવો હોય છે. જ્યારે તું ઘરને પણ એક ઓફિસની જેમ મેનેજ કરવા જાય છે ને, ત્યારે નિશાંતને લાગે છે કે એ તારા લિસ્ટમાં સૌથી છેલ્લે છે. તું ક્યારેય અપેક્ષા વગર એને સાંભળવાની કોશિશ કરી જો. સ્ત્રી જ્યારે પ્રેમથી નમે છે ને, ત્યારે આખો સંસાર એના કદમોમાં નમી પડે છે.'

બીજા દિવસે રવિવારે અચાનક સુરતથી નિયાના માતા-પિતા, મહેન્દ્રભાઈ અને કલ્પનાબહેન પણ અમદાવાદ આવ્યા. બંને પરિવારો ભેગા થયા હતા. વાતવાતમાં નક્કી થયું કે બધા સાથે મળીને એસ.જી. હાઈવે પર આવેલી એક ક્લબમાં ડિનર માટે જશે.

ક્લબમાં લાઈવ મ્યુઝિક ચાલી રહ્યું હતું. વિશાળ હોલમાં યુવાન અને વડીલ યુગલો ડાન્સ ફ્લોર પર ફરી રહ્યાં હતાં.

ડિનર પછી મહેન્દ્રભાઈએ હસતાં હસતાં કહ્યું, 'નિશાંત, નિયા! તમે બંને આજના જમાનાનાં છો, જાવ જરા ડાન્સ ફ્લોર પર! અમે જૂના જમાનાના લોકો તમને જોઈએ.'

નિયા થોડી સંકોચાઈ, 'ના પપ્પા, પ્લીઝ... અહીં બધા સામે?'

નિશાંત ઊભો થયો. તેણે નિયા સામે હાથ લંબાવ્યો. તેની આંખોમાં ગઈકાલનો ગુસ્સો કે કટાક્ષ નહોતો. એક અનોખી નમ્રતા હતી.

નિયાએ નિશાંતનો હાથ પકડ્યો. બંને ડાન્સ ફ્લોર પર ગયાં. ગીત વાગી રહ્યું હતું- 'તુમ સે હી દિન હોતા હૈ, સુરમયી શામ આતી હૈ...'

અનુસંધાન પાનાનં ૦૬ પર

તર્પણ

ઊર્મિલા પાલેજા

કાશિયો ગંધાતી ઝૂંપડીમાં ફાટેલી સાદડી પર ખાંસતો સૂતો હતો. ઘડીકમાં ખાંસતા બેવડ વળી જાતો ને ઘડીકમાં આડોઅવળો થાતો સીધો થાતો ને પાછો બેવડ વળતો. ખાંસતો ત્યારે હાંફ ચડી જતો તો ઘણીવાર ખખડતો ગળફો બાજુમાં રાખેલ ઠીકરામાં થૂંકતો, નકરું કાળું લોહી!

ત્યાં જ શીવો દોડતો અંદર આવ્યો. બાપને વાંસા પર હાથ ફેરવવા માંડ્યો. એને થોડો હાશકારો થયો એટલે માટલામાંથી પાણી લાવી, બાપને બેઠો કરી પાયું. હોઠની આજુબાજુ રેલાયેલા ગળફાને ભીના લીરાથી સાફ કર્યું.

'કાં બેટા, રિઝલ્ટ આઈવું?' કાશિયાએ હાંફતા હાંફતા પૂછ્યું.

'હા બાપુ. હું આખી શાળામાં પહેલે નંબરે પાસ થયો છું. મારા પ્રિન્સીપાલ કહેતાં હતાં પરમદિવસે કૉલેજમાં મારું એડમિશન કરાવી દેશે.'

'ફીના પૈસા?'

'એક દાતા ભરવાના છે. જ્યાં સુધી ભણવું હોય ભણાવશે.'

'ભણજે હોં બેટા, સેરમાં જઈ મહેનત કરી કમાજે ને સુખી થાજે.'

ખાંસતા બાપની સાથે શીવાનો વાર્તાલાપ ચાલતો રહ્યો. શીવો અવઢવમાં હતો. બીજી વાત બાપને કરું કે નહીં? થોડીવાર વિચારે ચડ્યો. એ નાનકી ઝૂંપડીમાં બેચાર આંટા માર્યા. બહાર નીકળી ઝૂંપડીની આજુબાજુ ટહેલતો રહ્યો. અંદર આવી કાશિયાની બાજુમાં બેઠો.

'બાપુ, હું રિઝલ્ટ લઈને આવતો હતો ત્યારે રાવજીશેઠ ગાડીમાં જતા હતાં. મને જોઈ ગાડી ઉભી રખાવી મને બોલાવ્યો' કાશિયાની ભયભીત આંખો ચકળવકળ થવા માંડી, એને પેટમાં ચૂંથારો ઉપડ્યો એણે જોરજોરથી ડોકું ધુણાવ્યું. શીવો પોતાની ધૂનકીમાં આગળ બોલતો રહ્યો, 'મને આવતીકાલથી એમની ખાણ ઉપર આખા દિવસ માટે કામે ચડાવે છે. મને બે પાળીના ડબલ પૈસા આપશે.'

કાશિયો બહુ મહેનતે અસ્પષ્ટ અવાજે 'ના ના ના' બોલતો રહ્યો. શીવાને મિત્રો પહેલા નંબરે પાસ થયાની વધામણી આપવા આવ્યાં ને એ ગોકીરામાં શીવાનું ધ્યાન નહતું.

'બાપુ, હું હમણાં આવું છું.' કહી બહાર નીકળી મિત્રો સાથે આમથીતેમ ટહેલતા વાતો કરવા લાગ્યો.

કાશિયાની આંખોમાંથી આંસુ ડબકવા માંડ્યા. કોલસાની ઝીણી રજકણોવાળી શ્વાસમાં ભરાતી ગરમ સૂકી હવા અને કાળી ભેંકાર, સખત, ગુલામ જેવી જિંદગી આખા મથકને માથે એક જ કલમથી ને વળી કાળી શાહીથી ભગવાને કેમ લખી નાખી હશે?

કાશિયો સાત-આઠ વર્ષની ઉંમરથી માબાપની સાથે પેટનું રળીયું રળવા ઉપડી જાતો. વળી કોઈવાર એનાથી નાના ત્રણ ભાઈબહેનને ભળાવી માબાપ વેઠિયું કરવા ઉપડી જતાં. આઠ-નવ વર્ષનો પોતે શરીરથી

> **બારમી પાસ થઈ જાઈશ પછી શહેરમાં નોકરી શોધી લઈશ. તમનેય ભેળો લઈ જઈશ શહેર દેખાડીશ. ત્યાં આપણે મોટા ડૉક્ટરને દેખાડશું. આખી જિંદગી અહીંયા નહીં ગાળું, બસ?'**

ભલે બાળક હતો પણ અભાવો અને ગરીબી જેવા પોષક દ્રવ્યોના પ્રતાપે પંદર-સોળ વર્ષના જેવી સમજણ વિકસી ગઈ હતી. બે અને ત્રણ વર્ષની બે નાની બહેનો, પાંચ વર્ષનો નાનો ભાઈ ને પોતે, ચારેય ભાઈબહેન અર્ધા નાગાપૂગા ફર્યા રાખે વળી ક્યારેક ચડ્ડી ન હોય તો એકલું ખમીસ કે ફરાક પહેરી ઉલળ્યે રાખે. ક્યારેક એકલી ફાટેલીતૂટેલી ચડ્ડી પહેરી હોય, જોકે એ પહેરી કે ન પહેરી સરખું જ રહેતું! ઘણીવાર એ ત્રણ નાનકા ભાંડરડાંમાથી કોઈ ઝૂંપડીમાં હરતાંફરતાં હંગી નાખે. વળી કોઈનું ધ્યાન નથી જોઈ એના લપેડા લપેડવા માંડે! આઠ વર્ષનો કાશિયો, મા બની એ ગંદવાડવાળી ભોં, એના ગંધાતા કપડાં બધુંય સાફ કરી લેતો. એના માબાપ સાંજ ઢળે પછી આવે. સાંજ પડ્યે સૂકાઈ ગયેલી ડાળખીઓ ને ખખળતાં પાંદડા વીણીને લઈ આવે ને ચૂલો સળગાવી ઠીબડાંમાં પાણી ઉકળવા મૂકી દીધું હોય. પાણી ઉકળે ત્યાં સુધીય મા ન આવી હોય તો એમાં ચોખા ઓરી, મીઠું નાખી રાંધવા મૂકી દીધાં હોય. કોઈવાર પાછાં ફરતાં માબાપને હાથ મરઘી લાગી જતી તો મીઠુંમરચું નાખેલા એના રસાવાળા ટુકડા સાથે ખાવા મળતાં એ દિવસ જયાફતનો દિવસ થઈ જતો. આવું તો ભાગ્યે છ મહિને એકવાર થતું. કોઈકોઈ વાર એક મુઠ્ઠી ચોખાનું ઓસામણ મીઠું નાખી પી, બધાંને સૂઈ જવું પડતું. માબાપની યાદ આવતાં કાશિયો ગળગળો થઈ ગયો.

બાપુને રાતના વળગી સૂતો ત્યારે બાપુ રોજે જ કહેતા,

'કાશિયા બેટા, તું ભણજે, મન લગાવી ખૂબ ભણજે. મેટ્રિક થઈ જા પછી આ મલક છોડી દેજે. અહીંયા નીપજતા કોલસાની જ્યમ જ વિધાતાએ આપણાં સહુના લેખ પણ કાળા ધબ્બ જ લખ્યા છે. આ નરકથી દૂર, ઘણે દૂર જઈ, ખૂબ મહેનત કરી આગળ આવજે. હું ને તારી મા ન હોઈએ ત્યારે માબાપ બની આ તારાં નાના ભાંડરડાંનું ધ્યાન રાખજે.' પોતેય ત્યારે શું સમજતો હશે કોને ખબર પણ બાપુને વળગી કહેતો, 'બાપુ, મને મા વગર, તમારા વગર જરાય ન ગમે. હું થોડો મોટો થઈ જાઉંને પછી આપણે બધાં સાથે જ ગામ છોડી નીકળી જઈશું. ભૂખ્યા રેશું, ઠેબા ખાશું, ધૂળમાં સૂઈ જાશું - જે કરશું બધાં સાથે જ કરશું.' 'સૂઈ જા હવે.' બાપ એના માથે હાથ ફેરવતા કહેતો.

કાળા કોલસાની કાળી ભીંતોવાળી ખાણમાં દિવસ આખો અંધારા ઉલેચતા, બહાર નીકળતા જરા સરખા ઉજાશમાં આંખે અંધારા આવી જાય છે! પોતાના નસીબને કોસતા બાપની આંખ મીંચાઈ જતી. સપના જોવાના ક્યાં પૈસા આપવા પડે છે! તે દિવસે આવ્યું હતું એવું રંગીન સપનું આજેય આવે તો કેવું સારું!



તૂટેલફૂટેલ છાપરાની સામે એકીટશે જોતો, વિચારતો નાનો કાશિયો નિદ્રાધીન થઈ જતો.

કાશિયાને વળી ઉધરસ ઉપડી. થોડો છટપટાયો ને વળી હાંફ હેઠી બેઠી. એ ગોઝારો દિવસ! એ દિવસ યાદ આવતા કાશિયાને આજેય કમકમા આવી ગયા. પોતે ત્યારે દસેક વર્ષનો હતો. માબાપ ખાણ પર કામે ગયા હતાં. શાફ્ટમાં પચાસ ફૂટ નીચે ખોદકામ કરવા ઉતર્યો ત્યાં પાણી ટપકવાનો અવાજ સંભળાવા લાગ્યો. બધાં મજૂરોએ ઉહાપોહ મચાવી દીધો. મજૂરોથી સુપરવાઈઝર સુધી વાત પહોંચી ત્યાં સુધીમાં એ ટપકારો ધાર બની ગયો હતો. સુપરવાઈઝરથી મેનેજર સુધી વાત પહોંચી ત્યાં ધાર ઝરો બની ગયો અને મેનેજરથી કોન્ટ્રાક્ટર સુધી વાત પહોંચી ત્યાં ઝરો ધોધ બની ગયો હતો. અંદર ફસાયેલા દોઢસો જેટલાં મજૂરોને બચાવવા કાંઈ ત્વરિત પગલાં ભરાવાનો નિર્ણય લેવાય, એની પર કામગીરી શરૂ થાય ત્યાં સુધીમાં માથાડૂબ છલોછલ હિલોળા લેતા તળાવમાંથી બહાર નીકળવા કાગારોળ મચાવતાં હૂંસાતૂંસી કરતાં એકબીજાના પગ ખેંચી, જીવ બચાવવા હવાતિયા મારવા લાગ્યાં.

આ ગોકીરો, અફડાતફડી, ખેંચતાણ પંદરેક મિનિટ ચાલ્યા ને અંતે સ્મશાનવત શાંતિ છવાઈ ગઈ. કલાકેક પછી દોઢસો મૃતદેહો બહાર ઠલવાતાં રહ્યાં. પોતાના સ્વજનોને શોધવાની ભાગદોડ, ચીસાચીસ, રુદન, હીબકાં, એમ્બ્યુલન્સ ને બંબાવાળાઓની સાઈરને માહોલને ખૂબ જ ઉદ્વેગભર્યુ કરી મૂક્યું. બીજી બાજુ પોલીસનો બંદોબસ્ત, સ્થાનિક નેતાઓની ચહલપહલ, પ્રેસ રિપોર્ટરના ધાડાના ધાડાને કારણે કુટુંબીજનોને મૃતદેહ સુધી જતાં અટકાવાયા.

દસ વર્ષના કાશિયાને ગામમાં ખબર પડી. નાના ભાઈબહેનોને કાંખે, માથે, ખભે બેસાડી દોટ દેતો ખાણ સુધી પહોંચ્યો. ત્યાં સાંજ ઢળવા આવી ને ચારેકોર ગાઢા અંધકારમાં તમરાં, ઘુવડ ને ચામાચીડિયાના અવાજોએ અને કૂતરાની લારીએ વાતાવરણને ભયભીત ને ભારેખમ કરી નાખ્યું. કાશિયો આખી રાત કડકડતી ઠંડીમાં નાના ભાંડરડાંને વળગી ઝાડ નીચે બીજાં ગામવાસીઓ સાથે બેસી રહ્યો. સવાર પડ્યે કોન્ટ્રાક્ટરે બધાંને ચા બિસ્કિટ આપ્યા. એમ જ ધૂળમાં રગળાતાં બપોર પડી. કોન્ટ્રાક્ટરે બટકું રોટલો બધાંને ફેંક્યો. એમ જ આખો દિવસ ને બીજી રાત પસાર થઈ. ઉગતી સવારે લાશોને લાઈનમાં રાખી આપ્તજનોને ઓળખ કરવા જણાવ્યું. કાશિયો ભાંડેડાને લઈ આમથીતેમ ભાગતો રહ્યો. માની ફૂગી ગયેલી લાશ એની લાલ રંગની ફાટેલી સાડીથી ઓળખી. એના પછી કેટલીયવાર રખડ્યો ત્યારે બાપુની લાશ પગના અંગૂઠાના ઉખડી ગયેલા નખને કારણે ઓળખાઈ. એ દસ વર્ષનો છોકરો એના પછીના બે કલાક ઘડીકમાં રડે, ઘડીક ભાંડરડાને છાના રાખે, ઘડીક માબાપને વળગે, ઠૂઠવો મૂકે ને ઘડીક સાવ સૂનમૂન થઈ બેસી જાય. બે કલાક પછી બધાંને સમૂહમાં અગ્નિદાહ અપાયો. ત્રીજે દિવસે બપોરે બે વાગે ઘરે પહોંચ્યો ત્યારે એ એક દસ વર્ષના છોકરામાંથી, ઉંમરના બે દાયકા ઠેકી ત્રીસ વર્ષનો બાપ બની ચૂક્યો હતો. આ હોનારતને પગલે કંઈ કેટલીય યોજનાઓ, સહાય, અનુદાન, મજૂરોના ઉત્કર્ષની જાહેરાતો થઈ. પરંતુ ઉપરથી નીચે પહોંચતા રોટલાની કટકી થતાં થતાં બટકું ને એમાંથી સાવ નાનો ગ્રાસ થઈ ગયો જે મોંઢે પહોંચે ત્યાં સુધીમાં વરાળ થઈ ગયો.

બાવળના ઉગતાં ઝાડ જેમ, કાશિયો ને એના ભાઈબહેન મોટા થતાં ગયાં. સૌથી નાની બહેન ભૂખમરામાં કુપોષણને લીધે મરી ગઈ. કોન્ટ્રાક્ટર નાના છોકરાવને નજીવી મજૂરી આપી બરાબર પીલી નાખતો. પણ હવે આમ જ જીવવા સિવાય કોઈ આરોય નહતો.

કાશિયાએ બાજુમાં રહેતી એક ગમતીલી છોકરી સાથે લગન કર્યા. એમ જ એનો નાનો ભાઈ ને નાની બહેન પણ પરણ્યા. હવે એ પણ આખા મલકની, આખા ગામની, આખા મહોલ્લાની, પોતાના માબાપની જેમ જ કોલસાના રંગે રંગાયેલી એક સામૂહિક કાળી જિંદગી જીવવા લાગ્યો. જે એને હમેંશથી શુષ્ક, દિશાહીન, ઉષ્મારહિત, બોઝીલ, નિરસ, નિરાશાજનક જ ભાસતી. પરંતુ હવે એને કોઈ ઉપાય સૂઝતો નહતો.

સોળમે વર્ષે શીવાનો બાપ બન્યો. વીસમે વર્ષે ત્રણ સંતાનોનો પિતા બની ગયો. હવે એ પણ એ જ ઘરેડમાં જીવવા લાગ્યો જેમાં એનો બાપ જીવતો હતો. શીવો ભણવામાં બહુ હોશિયાર હતો. જ્યારે જ્યારે એના સર કાશિયાને રસ્તામાં મળી જાય ત્યારે ભાર દઈને કહેતા, 'કાશિયા, તારા દીકરાને ગામની બહાર ધકેલજે તો જ આ વિષચક્રનો અંત આવશે. શીવો ભણવામાં બહુ હોશિયાર છે. હું મારાથી બનતી મહેનત કરીશ એને સરકાર તરફથી ભણવા માટે મળતા લાભ અપાવવાની ફક્ત તું એની પાછળ અડીખમ ઉભો રહે તો એનું ભવિષ્ય ઉજ્જવલ થઈ શકે.' કાશિયાએ મનમાં ગાંઠ વાળી લીધી.

ઘાંચીનો બળદ આખો દિવસ ફરે ને અંતે ઠેરનોઠેર રહે એમ કાશિયો ને એની બૈરી આખો દિવસ કાળી મજૂરી કરે તોયે ઠેરનાઠેર. ચીંદી જેવી આવક. બાળકો માટે કપડાં, ચપ્પલ વગેરે લેવાની ત્રેવડ ન હોય. એમાં કોઈ માંદું પડે તો, 'દુકાળમાં અધિક માસ', જેવી સ્થિતિ થાય. જેટલાં દિવસ ડૉક્ટરની ફી ભરાય એટલાં દિવસ ઘરના બધાંના અપવાસ થાય. એક દિવસ કાશિયાને પગમાં કાચ ઘૂસી ગયો, લાંબો કાપો પડી ગયો. ડૉક્ટરની ફી ભરવાની ત્રેવડ નહીં એટલે ચૂપચાપ સહન કર્યે રાખ્યું. પગમાં સેપ્ટિક થઈ ગયું. અંતે પગ બચાવવા ડૉક્ટર પાસે ગયા વગર છૂટકો ન રહ્યો. હવે કામ પર ન જઈ શકતો. એની બૈરી ને શીવાની રોજીમાં ડૉક્ટરની ફી અને ખાવાનો ખર્ચો ન નીકળી શકતો એટલે શીવાથી નાના દીકરા દીકરીનેય કામે જોતરી દીધાં. એક રાત્રે મા અને નાના દીકરા દીકરી કામથી પાછાં ફરતાં હતાં ત્યારે એક ટ્રક ડ્રાઈવરે જોરથી ટક્કર મારી ને ત્રણેય એ જ ઘડીએ મરણને શરણ થયાં. માથાભારે ડ્રાઈવરે લાગતા વળગતાને દારૂ, ખાણીપીણીની ઉજાણી કરાવી ને પૈસા વેરી પોતાનો છૂટકો કર્યો. કાશિયો હાથ ઘસતો રહી ગયો. ગરીબને મોત એટલે ગરીબીથી છૂટકો! ગરીબની પાછળ રડવાયે કોણ નવરું હોય? એ જ રગશિયા રફતારમાં કાશિયા ને શીવાનું ગાડું ગબડ્યે રાખ્યું. અપંગ જેવા કાશિયાને સંભાળતા શીવાએ ભણવાનું ને મજૂરીએ જવાનું ચાલુ રાખ્યું.

કાશિયાએ શીવાને બૂમ મારી ને એને ઉધરસ ઉપડી જે વધતી ગઈ. શીવો બાપને વાંસે હાથ ફેરવવા માંડ્યો. ગળફામાં વળી કાળું લોહી પડવા લાગ્યું. બાપદીકરો બેઉ અંદરખાને સમજતા હતાં, એ કારમી ઘડી ધસમસતી નજીક આવી રહી છે પણ એકબીજાની સામે અજાણ હોવાનો ડોળ કરતાં, હિંમત બંધાવતા. આજે જિંદગીમાં પહેલો ખુશીનો દિવસ આવ્યો કાશિયાની આંખો ટપકવાં લાગી. શીવાએ બાપને ચોખાની રાબ પીવરાવવા માંડી. હાંફતો ખાંસતો કાશિયો ઘડીક ઘૂંટડો ભરે, ઘડીક મોંમાં ચગળે, ઘડીક ટીપેટીપે નીચે ઉતારે. શીવાનો હાથ પકડી અસ્પષ્ટ અવાજે, 'ના ના ના' બોલવા માંડ્યો. શીવો એને સમજાવતા બોલ્યો, 'બાપુ, આ ચોખાની રાબ પીવાય કાંઈક કમાવું તો પડશે જ! કામે તો જવું જ પડશે. આટલાં વર્ષોથી ભણવા સાથે કામ કરું છું. હું શેઠ સાથે વાત કરીશ મને ફક્ત બીજી પાળીમાં રાખે, બસ? ભલે ઓછા પૈસા મળે. બાપુ, ચિંતા ન કરો. બારમી પાસ થઈ જાઈશ પછી શહેરમાં નોકરી શોધી લઈશ. તમનેય ભેળો લઈ જઈશ શહેર દેખાડીશ. ત્યાં આપણે મોટા ડૉક્ટરને દેખાડશું. આખી જિંદગી અહીંયા નહીં ગાળું, બસ?'

આટલું સાંભળતા જ કાશિયાના ચહેરા પર જરાતરા ખુશીની ઝલક ઝબકી ને હસવા હોંઠ વંકાયા. ત્યાં વળી ખાંસીનો ઠહકો આવ્યો ને કાળું લોહી નીચે રેલાયું. શીવાએ ફરી બધું સાફ કર્યું. શીવાનો હાથ પકડી ત્રુટક અવાજે કહેવા લાગ્યો, 'મારી ચિંતા ન કર. આ ઝેરી હવા તને લપેટમાં લ્યે ઈ પહેલાં આ ગામ છોડી ભાગી જા. મારા બાપેય મારા માટે એ જ સપનું જોયું હતું જે હું તારા માટે જોઉં છું.'

'ના બાપુ, આમ ન બોલો.' કહી બાપને બાથ ભરી. બાપદીકરો બેઉ પોતાનું દુઃખ અને પ્રેમ આંસુ વાટે વહાવી રહ્યાં. શીવાએ બાથ છોડી આંસુ લૂછ્યા ત્યાં કાશિયો આંખો ચડાવી ચત્તોપાટ પડી ગયો.

બાપની અંત્યેષ્ટિ પતાવી શીવો ચોથે દિવસે થેલામાં જે બેચાર કપડાં હતાં એ, ઠીબરાં જેવા વાસણ ને પૂંજીમાં હથેળીની રેખાઓ લઈ દસ ગાઉ હાલતો રેલ્વે સ્ટેશને જઈ પહોંચ્યો.

ટ્રાવેલ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

જ્યાં જાઓ ત્યાં દિવાળી

આ વર્ષે દિવાળી રવિવાર, ૮ નવેમ્બરે છે, અને મોટા ભાગના ભારતીય પરિવારો માટે એ ક્યાં ઊજવવી એનો નીર્ણય તો ક્યારનોય થઈ ગયો છે. ઘરે. ઘરની સાફસફાઈ, આંગણાની રંગોળી, બારણે ઝગમગતા દીવા, સગાંવહાલાંને ત્યાંથી આવતાં મીઠાઈનાં બોક્સ, આ બધું એક ચોક્કસ ઘર સાથે જોડાયેલું છે, અને કોઈ સમજદાર માણસ એ વખતે બીજે ક્યાંય હોવાનું પસંદ ન કરે.

આ વાત હું પૂરેપૂરી સમજું છું, અને એની વિરુદ્ધ કોઈ દલીલ પણ નથી કરતો. પણ આ તહેવાર વિશે એક શાંત હકીકત એવી છે, જેની ભાગ્યે જ ચર્ચા થાય છે: દિવાળી તો સદીઓથી પ્રવાસ કરતી આવી છે. ભારતીયો જ્યાં જ્યાં ગયા, વેપારી બનીને, ગિરમીટિયા મજૂર બનીને કે રોજીરોટીની શોધમાં નીકળેલા પરિવારો બનીને, ત્યાં ત્યાં દીવા પણ એમની સાથે ગયા. આજે ઘણા દેશોમાં દિવાળી સત્તાવાર જાહેર રજાનો દિવસ છે. ભારત ઉપરાંત ફિજી, ગુયાના, મલેશિયા, મોરિશિયસ, મ્યાનમાર, નેપાળ, સિંગાપોર અને શ્રીલંકા જેવા દેશોમાં દિવાળીના મુખ્ય દિવસે રજા હોય છે. જે તહેવારને આપણે પોતાનો માનીએ છીએ, એ દિવસે આખેઆખા દેશો થંભી જાય છે.

આ લેખ આવી જ કેટલીક જગ્યાઓ વિશે છે, અને એક સીધીસાદી વાત વિશે છે. વિદેશમાં દિવાળી ઊજવવી એટલે તહેવારને પાછળ છોડી દેવો એવું નથી. એ તો જોવું છે કે આ તહેવાર કેટલે દૂર સુધી પહોંચ્યો છે.

સિંગાપોર – આખી શેરી જ્યાં ઉત્સવ બની જાય છે: શરૂઆત સૌથી સહેલી જગ્યાથી કરીએ. દર વર્ષે દીપાવલીનાં અઠવાડિયાં પહેલાંથી સિંગાપોરના લિટલ ઇન્ડિયામાં આવેલો સેરંગૂન રોડ કમાનો, કમળનાં ફૂલો, તેલના દીવા અને માથા પર ઝૂલતા વિશાળ મોરથી શણગારાઈ જાય છે. આ વર્ષે ૩ ઑક્ટોબરથી રોશની શરૂ થઈ ગઈ છે, અને કેમ્પબેલ લેન પરનું દીપાવલી ફેસ્ટિવલ વિલેજ ૧૦ ઑક્ટોબરથી દીપાવલીના દિવસ, ૮ નવેમ્બર સુધી ચાલે છે, જ્યારે સોમવાર, ૯ નવેમ્બરે જાહેર રજા છે. રોજ સાંજે સાત વાગ્યાથી મધરાત સુધી રોશની ઝગમગે છે, અને એ જ રસ્તા પર થોડે જ ચાલીને શ્રી વીરમાકાલીઅમ્મન મંદિર આવેલું છે.

વિદેશમાં પહેલી દિવાળી માટે સિંગાપોર એટલે યોગ્ય છે કે એ ખૂબ સહજ અને સરળ છે. ભારતથી સારી કનેક્ટિવિટી, પગપાળા ફરી શકાય એવી શેરીઓ, બધે અંગ્રેજી બોલાય, અને આ ઉત્સવ દરેક આવનાર માટે ઊજવાય છે. તમે સાવ અજાણ્યા બનીને પહોંચો, તોય એવું લાગે કે આ સાંજ તમારા માટે જ સજાવવામાં આવી છે.

નેપાળ – પાંચ દિવસ, જ્યાં શ્વાનને પણ હાર પહેરાવાય છે: નેપાળનો પ્રકાશપર્વ તિહાર આપણે જે દિવાળી જોઈને મોટા થયા છીએ, એનાથી ઘણો જુદો છે. આ વર્ષે એ ૭થી ૧૧ નવેમ્બર સુધી, પાંચ દિવસ ચાલશે, અને દરેક દિવસ જીવનના એક જુદા પાસાને સમર્પિત છે. પહેલો દિવસ કાગડાઓનો, જેમને સંદેશવાહક માનવામાં આવે છે. પછી શ્વાનનો દિવસ, જ્યારે એમને ફૂલોના હાર, કપાળે તિલક અને ભરપેટ ભોજન મળે છે. આ વર્ષે એ જ દિવસે, ૮ નવેમ્બરે, લક્ષ્મીપૂજન પણ છે, જ્યારે ઘરો દીવા અને રંગોળીથી ઝળહળી ઊઠે છે. પછી ગાયોનો અને બળદોનો વારો આવે છે, અને કાઠમંડુ ખીણના નેવાર સમુદાયના લોકો મ્હા પૂજા નામની આત્મપૂજાની વિધિ સાથે પોતાનું નવું વર્ષ ઊજવે છે. છેલ્લો દિવસ ભાઈ ટીકા ભાઈ-બહેનના સ્નેહને સમર્પિત છે.

દશૈં પછી તિહાર નેપાળનો બીજો સૌથી મોટો તહેવાર છે. આ દિવસોમાં કાઠમંડુ ગલગોટા, દીવા અને સંગીતથી ભરાઈ જાય છે, અને ગાયકોની ટોળીઓ ઘરે ઘરે ફરીને દેઉસી અને ભૈલોનાં ગીતો ગાય છે. તિહાર યાદ અપાવે છે કે જે તહેવારને આપણે સારી રીતે જાણીએ છીએ, એ પણ પાડોશી દેશમાં જઈને આપણને અચરજ પમાડી શકે છે.

મોરિશિયસ – જ્યાં દરેક આંગણે દીવો ઝળકે છે: મોરિશિયસમાં આ તહેવાર દિવાલી તરીકે ઓળખાય છે, અને રવિવાર, ૮ નવેમ્બર તથા પછીનો સોમવાર, બંને દિવસ ત્યાં જાહેર રજા છે. ટાપુની લગભગ બે-તૃતીયાંશ વસ્તી ભારતીય મૂળની છે, જેમાંના મોટા ભાગના ઓગણીસમી સદીમાં ત્યાં લઈ જવાયેલા ગિરમીટિયા મજૂરોના વંશજો છે, અને હિંદુઓ ત્યાંની વસ્તીનો લગભગ અડધો હિસ્સો છે. દરેક ઘરના આંગણે માટીના દીવા પ્રગટે છે, અને આખો ટાપુ એવી ઝાંખી રોશનીમાં નહાઈ ઊઠે છે, જે પ્રવાસીઓને વર્ષો સુધી યાદ રહે છે.

સૌથી સુંદર વાત એ છે કે આ ઉત્સવમાં કોણ કોણ જોડાય છે. બીજા ધર્મના પાડોશીઓ પણ સજાવટમાં હાથ બટાવે છે, અને આ રજા કોઈ એક સમુદાયની નહીં, આખા દેશની બની જાય છે. જે લોકો આ તહેવારને ત્યાં લઈ ગયા, એમના કરતાં પણ એ વધુ મોટો બની ગયો છે.

હજુ પણ દૂર: આ જ વાર્તા ફિજી અને ગુયાનામાં, શ્રીલંકા અને મ્યાનમારમાં, અને મલેશિયામાં પણ દોહરાય છે, જ્યાં લગભગ દરેક રાજ્યમાં દીપાવલીની રજા હોય છે. દરેક દેશ એ જ વાર્તા પોતાના કિનારેથી કહે છે. લોકો પોતાની સાથે કંઈક નાનું લઈ ગયા, એક દીવો, એક વાનગીની રીત, એક પ્રાર્થના, અને એ ત્યાંની ધરતીમાં મૂળ નાખીને ઊગી નીકળ્યું.

> **...વિદેશમાં દિવાળી ઊજવવી એટલે તહેવારને પાછળ છોડી દેવો એવું નથી. એ તો જોવું છે કે આ તહેવાર કેટલે દૂર સુધી પહોંચ્યો છે...**

મહેમાન બનવાનો આનંદ: ઘરે તો દિવાળી એટલે કામ પણ ખરું. કોઈ સાફસફાઈમાં લાગ્યું હોય, કોઈ રસોડામાં, કોઈ મહેમાનોની સરભરામાં, તો કોઈ એનો હિસાબ રાખતું હોય કે કોણ મળવા આવ્યું અને કોણ નથી આવ્યું. તહેવાર અદ્ભુત છે, પણ સાથે કામની એક લાંબી યાદી પણ છે.

વિદેશમાં આ યાદી ગાયબ થઈ જાય છે. તમે બીજાઓ દ્વારા ઊજવાતા તહેવારના મહેમાન હો છો. નિરાંતે દીવા પ્રગટતા જોઈ શકો, મીઠાઈનો સ્વાદ માણી શકો, અને એવી નાની નાની વાતો પર ધ્યાન આપી શકો, જે ઘરે વ્યસ્તતામાં નજરે જ નથી ચડતી. રાતના અંધારામાં ઝળહળતી લિટલ ઇન્ડિયાની શેરી, કાઠમંડુમાં દરેક પગથિયે દીવાવાળું કોઈ બારણું, મોરિશિયસમાં માટીના દીવાઓથી સજેલું કોઈ આંગણું. તમે તહેવારને એ રીતે જુઓ છો જે રીતે કોઈ બાળક જુએ, રોશની, ખાણીપીણી, ધમાલ અને લોકો, બસ એટલું જ, કોઈ જવાબદારી વિના.

આમાંનું કશું ઘરની દિવાળીનું સ્થાન લેતું નથી. એ ફક્ત તહેવારને જોવાની એક બીજી નજર આપે છે, અને તમે એનો અર્થ વધુ ઊંડાણથી સમજીને પાછા ફરો છો.

કેવી રીતે માણવી આ દિવાળી વહેલું બુકિંગ કરો: દિવાળીનું અઠવાડિયું ભારતીયો માટે પ્રવાસનો સૌથી વ્યસ્ત સમય હોય છે, અને ફ્લાઇટ્સ તથા હોટેલ્સ ઝડપથી ભરાઈ જાય છે. થોડા દિવસ વહેલા પહોંચો, કારણ કે તૈયારી, રોશની, બજારો અને ખરીદી, આ બધું તહેવારનો અડધો આનંદ છે.

સ્થાનિક તારીખ ચકાસી લો: આ વર્ષે સિંગાપોર, નેપાળ અને મોરિશિયસ, ત્રણેયમાં મુખ્ય ઉજવણી ૭ અને ૮ નવેમ્બરની આસપાસ છે, પણ મુખ્ય દિવસ અને રીતરિવાજો જગ્યાએ જગ્યાએ બદલાય છે, એટલે કોઈ એક સાંજનું આયોજન કરતાં પહેલાં ત્યાંથી ખાતરી કરી લેજો.

પ્રેક્ષક નહીં, મહેમાન બનીને જાઓ: મંદિરોમાં મર્યાદાસભર વસ્ત્રો પહેરો, કોઈ પરિવારની પૂજાનો ફોટો લેતાં પહેલાં પૂછી લો, અને આમંત્રણ મળે તો પ્રેમથી સ્વીકારો. ઉજવણી કરનારા લોકો કોઈ શો નથી કરી રહ્યા, પણ પોતાના મૂળથી દૂર એક તહેવારને જીવંત રાખી રહ્યા છે, અને તમે ફક્ત જોવા આવ્યા છો કે એમાં જોડાવા, એ એમને તરત સમજાઈ જશે.

સાથે કંઈક નાનું લઈ જાઓ: ઘરેથી લઈ ગયેલું મીઠાઈનું એક બૉક્સ, કોઈના ઘરે આમંત્રણ મળે તો એક સુંદર ભેટ બની રહે છે.

તહેવાર કોઈ સ્થળ નથી: આપણામાંના મોટા ભાગના લોકો માટે દિવાળી હંમેશાં એક ઘર, એક આંગણું, થોડા જાણીતા ચહેરા જ રહેશે. અને એ યોગ્ય પણ છે. પણ લગભગ બે સદીના સ્થળાંતરે સાબિત કરી દીધું છે કે આ તહેવારને ટકી રહેવા કોઈ સરનામાની જરૂર નથી. એને જોઈએ છે ફક્ત એક દીવો, અને એને પ્રગટાવનાર કોઈ વ્યક્તિ.

એટલે જ વિદેશમાં દિવાળી ઊજવવી, જેટલું લાગે છે એટલું ઘરથી દૂર જવા જેવું નથી. દીવો એ જ છે. બસ, શેરી જુદી છે.

જાણો અજાણ્યું: વીણા વર્લ્ડ પર અમે ફ્લાઇટ બુકિંગ શરૂ કર્યું ત્યારથી હું એરપોર્ટ્સ વિશેની એક પછી એક રસપ્રદ વાતોમાં ખોવાતો રહું છું. આ અઠવાડિયાના લેખમાં મોરિશિયસ છે, તો ત્યાં દિવાળીએ આવનારા પ્રવાસીઓનું સ્વાગત કરતા એરપોર્ટની વાત કરું.

મોરિશિયસનું મુખ્ય આંતરરાષ્ટ્રીય પ્રવેશદ્વાર છે સર શિવસાગર રામગુલામ ઇન્ટરનેશનલ એરપોર્ટ, જે ૧૯૮૭ સુધી એની જગ્યાના નામ પરથી ફક્ત પ્લેઝાન્સ તરીકે ઓળખાતું. એની શરૂઆત ૧૯૪૨માં, જ્યારે મોરિશિયસ બ્રિટિશ કોલોની હતું, ત્યારે યુદ્ધકાળના એક લશ્કરી હવાઈમથક તરીકે થઈ હતી, અને પછી એને નાગરિક ઉડાનો માટે ખોલવામાં આવ્યું.

૧૯૮૭માં એનું નામ એ વ્યક્તિના નામ પરથી રાખવામાં આવ્યું, જેમને રાષ્ટ્રપિતા માનવામાં આવે છે. શિવસાગર રામગુલામ લંડનમાં ભણેલા એક ડૉક્ટર હતા, જે ૧૯૩૫માં ટાપુ પર પાછા ફર્યા. એમણે એવી પ્રજા માટે કામ કર્યું, જે મોટે ભાગે ભારતીય ગિરમીટિયા મજૂરો અને ગુલામ બનાવાયેલા આફ્રિકનોની વંશજ હતી. તેઓ દેશના પહેલા વડાપ્રધાન બન્યા, અને ૧૯૬૮માં દેશને આઝાદી અપાવી.

આમ, તહેવારની વાર્તા અને એરપોર્ટની વાર્તા આખરે એક જ નીકળે છે. જે મજૂરો દરિયો ઓળંગીને દિવાળી પોતાની સાથે લઈ ગયા, તેઓ આજે ટાપુની મોટા ભાગની વસ્તીના પૂર્વજો છે, અને દરેક પ્રવાસી જે દ્વારમાંથી પસાર થાય છે, એ દ્વાર પર એ વ્યક્તિનું નામ છે, જેમણે એમના વંશજોને એક રાષ્ટ્ર બનાવ્યું. ૨૦૧૩માં બનેલું એનું ટર્મિનલ પણ ટાપુ પર ઊગતા ટ્રાવેલર્સ પામ નામના વૃક્ષના આકારે રચાયું છે. પ્રવાસ કરીને આવેલા લોકોએ ઘડેલા દેશ માટે આનાથી વધુ યોગ્ય પ્રતીક બીજું શું હોઈ શકે!

દિવાળીની કોઈ સાંજે ત્યાં ઊતરો, તો સૌથી પહેલાં તમે એ જ સફરના એક સ્મારકમાંથી પસાર થાઓ છો. સૌને દિવાળીની હાર્દિક શુભકામનાઓ અને નૂતન વર્ષાભિનંદન!

Fly Anywhere.
Book your flights on veenaworld.com
Book Now

પ્રકૃતિને ખીલતી જુઓ - ચેરી બ્લોસમ

તમારે ક્યાં અનુભવવો છે પ્રકૃતિનો આ અનોખો ચમત્કાર, ક્યા દેશમાં? જાપાન? તાઈવાન? કોરિયા? ચાયના? કે એક સાથે આમાંથી બે-ત્રણ દેશોમાં? ચાલો, બેગ ભરો, નીકળી પડો! વીણા વર્લ્ડ સંગાથે

બેસ્ટ ઑફ જાપાન (7D) Mar 8, 16 230K-240K (J&L) 295K-305K (ex-Ahm)	બેસ્ટ ઑફ જાપાન+ નાગોયા (7D) Mar 18, Apr 8 235K-255K (J&L) 300K-320K (ex-Ahm)	બેસ્ટ ઑફ જાપાન+નારા (7D) Mar 18, 25 238K-260K (J&L) 303K-325K (ex-Ahm)	સ્પ્લેન્ડર્સ ઑફ જાપાન (8D) Mar 16, 22 266K-285K (J&L) 331K-350K (ex-Ahm)	વન્ડર્સ ઑફ જાપાન (9D) Mar 10, Apr 7 285K-305K (J&L) 350K-370K (ex-Ahm)
માર્વેલ્સ ઑફ જાપાન (11D) Mar 19 Apr 8 360K-385K (J&L) 415K-425K (ex-Delhi)	માર્વેલ્સ ઑફ જાપાન (11D) Mar 24, Apr 1 375K-385K (J&L) 440K-450K (ex-Ahm)	જાપાન ચાયના (13D) Mar 16, 23 378K-400K (J&L) 453K-475K (ex-Ahm)	જ્વેલ્સ ઑફ જાપાન 13 Days - Mar 19 425K-430K (J&L) 500K-505K (ex-Ahm)	જાપાન કોરિયા (10D) Mar 19, 26 350K-365K (J&L) 425K-440K (ex-Ahm)

*T&C Apply

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

Email: travel@veenaworld.com | veenaworld.com | Ahmedabad: 887 997 7200 | Vadodara: 887 997 3900

સિદ્ધાશ્રમનાં રહસ્યો અને દિવ્ય સિદ્ધયોગીઓ

અગોચર વિશ્વ

દેવેશ મહેતા

હિમાલય એવી દેવભૂમિ છે જ્યાં મહાન સિધ્ધ યોગીઓ અને મહાત્માઓ વસે છે. ત્યાં ભગવાન શિવ, પાર્વતી, દેવ-દેવીઓ, યોગી-યોગિનીઓ નિરંતર વસે છે અને ધ્યાન-સમાધિ-સાધનામાં તલ્લીન રહે છે. ત્યાં ઋષિ-મુનિઓની દિવ્ય, અલૌકિક તપોભૂમિ અને રહસ્યમય આશ્રમો પણ આવેલા છે. સિદ્ધાશ્રમ પણ આમાંનો એક અલૌકિક આશ્રમ છે જે સામાન્ય આંખોથી દેખાતો નથી અને ત્યાં કોઈ સામાન્ય વ્યકિત પ્રવેશી શકતી નથી. ચેતનાની વિશિષ્ટ ઉચ્ચતર દશામાં જે આધ્યાત્મિક સાધના અને યોગબળથી પ્રાપ્ત થઈ હોય તેમાં જ તે આશ્રમમાં પ્રવેશી શકાય છે. એવું માનવામાં આવે છે કે સિદ્ધાશ્રમ એક જુદા આયામ (Dimension) માં રહેલો છે જ્યાં કાળ, સમયનો પ્રભાવ પડતો નથી. તેમાં રહેનારા લોકો પર ઘડપણ કે મરણનો પ્રભાવ પડતો નથી. તે સિધ્ધો, મહાત્માઓ, યોગીઓને ઉચ્ચતર સાધના થકી દૈવી સિધ્ધિઓ પણ પ્રદાન કરે છે.

એવી માન્યતા છે કે મહર્ષિ વશિષ્ઠ, વિશ્વામિત્ર, મહાવતાર બાબા જેવા મહાન સિધ્ધપુરુષો આજે પણ અહીં સશરીર નિવાસ કરે છે. વીસમી સદીના મહાન યોગી સ્વામી વિશુદ્ધાનંદ પરમહંસે જ્ઞાનગંજ નામના સિદ્ધાશ્રમમાં અનેક વર્ષો સુધી રહીને સૂર્યવિજ્ઞાન અને અનેક ગૂઢ વિદ્યાઓનું જ્ઞાન મેળવી તેમાં સિધ્ધિઓ પ્રાપ્ત કરી હતી. ક્વિન્સ કૉલેજના પ્રાધ્યાપક અભયચરણ સાન્યાલની હાજરીમાં પરમહંસ વિશુધ્ધાનંદજીએ સૂર્યવિજ્ઞાનનો ઉપયોગ કરીને બહિર્ગોળ કાચ (Convex Lens) નો ઉપયોગ કરીને અનેક વાર એક પદાર્થમાંથી બીજા પદાર્થમાં પરિવર્તન કરી બતાવ્યું હતુ. એકવાર લેન્સ દ્વારા રૂ ઉપર સૂર્યરશ્મિઓ ફેંકીને એને લાકડામાં પરિવર્તિત કરી દીધું હતું. બીજીવાર એ રીતે લાકડા પર લેન્સથી સૂર્યકિરણો પ્રક્ષિપ્ત કરીને એને પથ્થરના રૂપમાં પરિવર્તિત કરી દીધુ હતું. એ સંમોહન નહીં, પણ યોગના ગૂઢ સૂર્યવિજ્ઞાનથી થયેલું પદાર્થ પરિવર્તન જ છે એ સાબિત કરવા તેમણે તે પથ્થર અભયચરણને આપી દીધો. તેમણે એ ભૌતિક વિજ્ઞાનની પ્રયોગશાળામાં સ્વયં ચકાસ્યો હતો જે પથ્થરના પારમાણ્વિક ગુણધર્મોવાળો જ સાબિત થયો હતો અને પછી જીવનભર એ રૂપે જ રહ્યો હતો. ત્રીજા એક પ્રયોગમાં એમને આપવામાં આવેલા એક ફૂલને જુદા જુદા ફૂલમાં પરિવર્તિત કરી દીધું હતું. એટલું જ નહીં, એક જ ફૂલ પર સૂર્યની જુદી જુદી રશ્મિઓ પાડીને એમાં જુદા જુદા ફૂલની પાંખડીઓ ઉત્પન્ન કરી બતાવી હતી. બધાએ જોયું તો એક જ ફૂલમાં ગુલાબની, જૂઈની, કમળની અને ચંપાની પાંખડીઓ હતી ! જે દિવસો સુધી એક જ રૂપમાં રહી હતી. પ્રસિધ્ધ બ્રિટિશ પત્રકાર અને લેખક પોલ બ્રન્ટન (Paul Brunton) એ પણ તેમના પુસ્તક એ સર્ચ ઇન સિક્રેટ ઇન્ડિયા (A Search in Secret India) માં સ્વામી વિશુધ્ધાનંદજીની સૂર્યવિજ્ઞાન દ્વારા કરાયેલી યોગસિધ્ધિઓની પોતે જોયેલી - અનુભવેલી ઘટનાઓ લખી છે. તેમાં એક કલાકથી મરેલી પડેલી ચકલીને તેમણે તેના પર સૂર્યના વિશિષ્ટ કિરણો કેન્દ્રિત કરીને અને મંત્રોચ્ચાર કરીને જીવતી કરી દીધી જે ઊડીને એક ઝાડ પર બેસી ગઈ હતી તે ઘટના પણ આલેખિત કરી છે.



એક પ્રસિધ્ધ રશિયન ચિત્રકાર, લેખક, પુરાતત્વવિદ અને ચિંતક નિકોલસ રોરિકે (Nicholas Roerich) તેની પત્ની હેલેના અને પુત્ર જ્યોર્જ સાથે ૧૯૨૪ થી ૧૯૨૮ વચ્ચે મધ્ય એશિયા અને હિમાલયની યાત્રા કરી હતી. તેનો ઉદ્દેશ્ય ત્યાંની સંસ્કૃતિ, બૌધ્ધ ધર્મનો પ્રસાર અને સૌથી મહત્વપૂર્ણ શંભલ (સિદ્ધાશ્રમ)ના ગુપ્ત રહસ્યો અને તેના આધ્યાત્મિક પ્રભાવોને સમજવાનો હતો. રોરિકે હિમાલય યાત્રા દરમિયાન ૭૦૦૦થી વધુ વિસ્મયકારી પેંટિંગ્સ બનાવ્યા. લડાખ, તિબેટ અને મોંગોલિયાના બૌધ્ધ ભિક્ષુઓ- લામા સાધુઓની વાતચીતને આધારે તેમણે શંભલ (Shambhala) નામનું પ્રસિધ્ધ પુસ્તક લખ્યું. તેમાં તેમણે લખ્યું - શંભલ માત્ર પૌરાણિક કથામાં આવેલો સિદ્ધાશ્રમનો પ્રદેશ નથી પણ એક વાસ્તવિક, ઉચ્ચ આધ્યાત્મિક ઊર્જાનું કેન્દ્ર છે જે હિમાલયની કોઈ અજ્ઞાત ઘાટીમાં આવેલું છે.

જેમને મહામહોપાધ્યાય, ડી લિટ, પદ્મ વિભૂષણ, સાહિત્ય વાચસ્પતિ, દેશિકોત્તમ જેવા અનેક પુરસ્કારો અપાયા છે. એવા આધુનિક ભારતના એક મહાન તત્ત્વચિંતક, સંસ્કૃત વિદ્વાન, તંત્રશાસ્ત્રના પ્રકાંડ જ્ઞાતા અને લેખક, પરમહંસ સ્વામી સિદ્ધાશ્રમના પરમ શિષ્ય ગોપીનાથ કવિરાજે પણ એમના પ્રસિધ્ધ પુસ્તક 'જ્ઞાનગંજ'માં આ ગુપ્ત આશ્રમની કાર્યપ્રણાલી અને ત્યાં મહાસિધ્ધો દ્વારા અપાતી ઉચ્ચતમ યોગવિદ્યાની જાણકારી આપી છે.

૧૮૭૨માં યોગી રામ ઠાકુર એમના ગુરુ અનંગદેવ સાથે જતા રહ્યા હતા અને તેમની સાથે ૩૫ વર્ષ રહ્યા હતા. આ દરમિયાન તેમણે ગુરુની સાથે અનેક સિદ્ધાશ્રમોના દર્શન કર્યા હતા અને તેમની પાસેથી યોગ પ્રક્રિયાઓ શીખી યોગ સિધ્ધિઓ પ્રાપ્ત કરી હતી. ગુરુની સાથે રામ ઠાકુર પણ આકાશ માર્ગે સંચરણ કરતા અને બીજા બધાને માટે અજ્ઞાત, અદ્રશ્ય એવા ગુપ્ત સિદ્ધાશ્રમોમાં રહેતા હતા. રામ ઠાકુરે એક વાર કેટલાક સાધકોને કહ્યું હતું - મેં અલૌકિક લાગે એવો કૌશિક આશ્રમ જોયો હતો. કૌશિક આશ્રમમાં ગુફાની અંદર ચિર કાળથી ધ્યાનસ્થ મુદ્રામાં બેઠેલા પડછંદ કાયાવાળા સિધ્ધ યોગીઓ જોયા હતા.

પંડિત ગોપીનાથ કવિરાજની જેમ તેમણે પણ એક અનોખા સિદ્ધાશ્રમના દર્શન કર્યા હતા. પંડિત ગોપીનાથે તેના વિશે લખ્યું છે - હિમાલયમાં માન સરોવરથી આગળ ઉત્તર દિશામાં એક સિધ્ધોનો યોગાશ્રમ છે. અહીં કોઈ મંદિર નથી. પથ્થરના ચાર સ્તંભોથી ઘેરાયેલા સ્થાન પર સ્ફટિકનું શિવલિંગ છે જેમાંથી સતત દિવ્ય પ્રકાશ નીકળતો રહે છે. આશ્ચર્યકારક બાબત તો એ છે કે આ શિવલિંગની પૂજા એક અનુપમ સૌંદર્ય ધરાવતી યુવતી કરે છે. શિવલિંગ પાસે થોડે ઉપર એક આસન છે એના પર યોગિરાજ ભગવાન શિવજી પોતે ઘણીવાર તેના પર બિરાજમાન થઇ ધ્યાન અને સમાધિમાં તલ્લીન થયેલા જોવા મળે છે. એમના પરમ દિવ્ય તેજોમય સ્વરૂપની દેવી પાર્વતી પૂજા - અર્ચના કરે છે. સ્વામી વિશુધ્ધાનંદજી, રામ ઠાકુર જેવા સિદ્ધયોગીઓએ આ અલૌકિક આશ્રમના દર્શન કર્યા હોવાની વિગતો એમના પુસ્તકોમાં આલેખાયેલી છે.

સ્વામી વિશુધ્ધાનંદ કહે છે - યોગ પણ એક વિજ્ઞાન જ છે. માત્ર પ્રણાલીનો ભેદ છે. યોગ માર્ગમાં વિજ્ઞાન અને વિજ્ઞાન માર્ગમાં યોગ એકબીજાના સહાયક છે

પંડિત ગોપીનાથ કવિરાજ કહે છે - જ્ઞાનગંજ આશ્રમમાં ૧૨ વર્ષ રહી વિશુધ્ધાનંદે હઠયોગ સાધના અને યોગવિજ્ઞાન સાધના કરી હતી. પરમહંસ ભૃગુરામે તેમને ઉચ્ચતમ યોગ, પરમહંસ શ્યામાનંદે સૂર્યવિજ્ઞાન, ચંદ્રવિજ્ઞાન, નક્ષત્ર વિજ્ઞાન, વાયુ વિજ્ઞાન, વગેરેનું જ્ઞાન આપ્યું હતું. પરમહંસ મહાતપાજીએ તેમના મસ્તક પર હાથ મૂકી, શકિતપાત કરી, દીક્ષા આપી હતી. સ્વામી વિશુધ્ધાનંદ કહે છે - યોગ પણ એક વિજ્ઞાન જ છે. માત્ર પ્રણાલીનો ભેદ છે. યોગ માર્ગમાં વિજ્ઞાન અને વિજ્ઞાન માર્ગમાં યોગ એકબીજાના સહાયક છે. ચેતનાની મહા શક્તિમાં, યોગ શક્તિમાં, ઈશ્વર અને ધર્મમાં શ્રધ્ધા જગાડવા તથા લોકકલ્યાણ માટે તે આ યોગ સિધ્ધિઓના ચમત્કારો કરતા હતા.

વૃત્તિનું બંધન એટલે પોતાની સ્વતંત્રતાનો નાશ કરીને સ્વીકારેલી પરતંત્રતા!

જાણ્યું છતાં અજાણ્યું

મુનીન્દ્ર

એ સામે ચાલીને જીવન ખુવાર કરતો વ્યસની હોય કે વારંવાર ગુસ્સે થતો ક્રોધી હોય અથવા તો સતત સ્પૃહામાં ચોતરફ દોડતો પ્રલોભનગ્રસ્ત લોભી હોય. એ બધા એક અર્થમાં સમાન છે. એમણે સ્વયં જીવનમાં વ્યસન, ક્રોધ કે લોભનું બંધન સર્જ્યું અને પછી એ એમાં એવા ખૂંપી ગયા કે એમાંથી મુક્ત થવું મુશ્કેલ બની ગયું.

માનવી પ્રથમ પોતાની જાતને બંધનમાં બાંધે છે અને પછી એ બંધન પોતાને મુક્ત કરતું નથી, એવો શોરબકોર કરે છે. એ વૃક્ષના થડને જોશ અને આવેગથી વળગી પડે છે અને પછી મોટેથી બૂમો પાડે છે કે વૃક્ષનું થડ મને છોડતું નથી ! એ પ્રથમ દરિયામાં વગર વિચાર્યે છલાંગ લગાવે છે અને પછી અફસોસ વ્યક્ત કરે છે કે દરિયાના ઊંડા પાણીમાંથી બહાર નીકળવું મારે માટે શક્ય નથી. આથી આદિ શંકરાચાર્યે પ્રશ્ન કર્યો કે વાસ્તવમાં બંધનમાં કોણ છે ? અને એનો ઉત્તર આપતાં એમણે કહ્યું કે 'વિષયોમાં આસક્ત એ બંધનમાં જકડાયેલા છે!'

સમય જતાં આ બંધન વ્યક્તિને વધુને વધુ બાંધતું જશે. પછી તો એવું બનશે કે કામવાસનાનું સહેજ સરખું નિમિત્ત મળતાં એના દિલમાં વાસનાની પ્રચંડ આગ પ્રજ્વલિત થઈ જશે. લાલચની થોડી તક મળતાં એની લોભવૃત્તિ નાચવા લાગશે. ગુસ્સાનું નાનકડું કારણ મળતાં એનો ભયાવહ ક્રોધાગ્નિ ફાટી નીકળશે. આમ વ્યક્તિમાં રહેલી વૃત્તિ પ્રગટ થવા માંડશે. એવું પણ બને કે એ વ્યક્તિ પોતાને વિશે એવું માનતી હોય કે એનામાં લેશમાત્ર લોભ નથી. આખું જીવન સંતોષથી પરિપૂર્ણ છે. જીવનમાં આવતી અને લોભ જગાડતી નાની-નાની વસ્તુઓનો એ ત્યાગ પણ કરતો રહે છે, પરંતુ એની અગ્નિપરીક્ષા તો મોટી લાલચ કે પ્રબળ પ્રલોભન આવે ત્યારે થાય છે. એ સમયે એના હૃદયના ઊંડાણમાં લોભની વૃત્તિ પડેલી હશે, તો એ તત્કાળ પ્રલોભનને પકડી લેવા પ્રયત્ન કરશે. વ્યક્તિમાં ક્રોધની વૃત્તિ હોવા છતાં એ સામાન્ય સંજોગોમાં કોપાયમાન નહીં થાય, પરંતુ કોઈ એને અપશબ્દો કહે કે નિંદા કરે તો એનો મિજાજ પરનો કાબૂ ગુમાવે છે. આ રીતે વૃત્તિ છે કે નહીં, તેનો સાચો ખ્યાલ એની સામેના પ્રબળ પડકાર સમયે જ મળે.

વૃત્તિ સાથે વર્તનને અવિનાભાવિ સબંધ છે. એક આવે એટલે બીજામાં પરિવર્તન થાય જ. તમારી વૃત્તિમાં કામવિકાર હશે, તો તમારા વિરોધી જાતિ સાથેના વર્તાવમાં પરિવર્તન આવી જશે. એટલે કે કામવિકાર માત્ર મનના વિચારોમાં જ નહીં, બલ્કે શરીરના વર્તનમાં અને આચરણમાં પ્રગટ થાય છે. ગુસ્સો ધરાવનારી વ્યક્તિ અકળાઈ ઊઠે તો એ હાથમાં જે કોઈ ચીજવસ્તુ આવે, તેને જમીન પર પછાડે છે અથવા એનો ઘા કરે છે. આજુબાજુ છોડ કે હરિયાળુ ઘાસ હોય, તો એને તોડી કે ઉખેડી નાખે છે. જોરથી ટેલિફોનનું રીસીવર પછાડે છે. બારણું ધીરેથી બંધ કરવાને બદલે પછાડીને અને ખુલ્લું રાખીને ચાલ્યો જાય છે.

આ રીતે એના વર્તનમાં વૃત્તિનું પ્રતિબિંબ ઝીલાતું હોય છે. આનો અર્થ જ એ કે એના હૃદયમાં વૃત્તિઓનો વાસ હતો જ, માત્ર નિમિત્ત કે કારણ મળતાં એ પ્રગટ થઈ.

જેમ જેમ સમય વીતે, તેમ તેમ વૃત્તિ વ્યક્તિની જીવન શૈલી પર પ્રભુત્વ મેળવે છે. જો એને ધનનો મોહ હશે તો ધનિકો સાથે મૈત્રી બાંધવાના પ્રયાસોમાં કશી કચાશ નહીં રાખે. જો એ કામવિકારથી લુબ્ધ હશે, તો એ એવા જ મિત્રો પસંદ કરશે અને એવું જ સાહિત્ય વાંચશે કે જે એની વિકારવૃત્તિને પંપાળ્યા કરે. ચિત્રપટ જોતો હોય ત્યારે પણ એની દ્રષ્ટિને પ્રકૃતિનાં દ્રશ્યો જોવામાં એટલો આનંદ નહીં આવે, જેટલો સ્ત્રીના માંસલ અંગોને જોવામાં આવશે. આ રીતે વૃત્તિ એ વ્યક્તિની જીવનદ્રષ્ટિ અને શૈલી બદલી નાખે છે અને એક સમય એવો આવે છે જ્યારે આ વૃત્તિઓ એ વ્યક્તિ પર એવો પ્રભાવ સર્જે છે કે પછી એ વિવેક, ભલાઈ, પરોપકાર, મૈત્રી, મૂલ્યો કે જીવનના ઉચ્ચ આદર્શોની ઘોર ઉપેક્ષા કરે છે અને વૃત્તિનો દાસાનુદાસ બની જાય છે. કઠપુતળીની માફક વૃત્તિનો દોર એને જેમ નચાવે, તેમ એ નાચે છે.

આ વૃત્તિ ભીતરમાં હોવા છતાં વ્યક્તિ બહારની બાબતને કારણભૂત ગણે છે. પત્ની સાથે બોલાચાલી થતાં પતિ ગુસ્સે થઈને એના પર હાથ ઉગામે, ત્યારે એ પોતાની પત્નીને દોષ આપે છે. હકીકતમાં ખરો ગુનેગાર તો એના હૃદયમાં પડેલો ક્રોધ હોય છે. આનો અર્થ એ થયો કે હૃદયમાં રહેલો ક્રોધ હજી ગયો નથી. એ વૃત્તિ પર કોઈ કાબૂ મેળવાયો નથી. એવું બને છે કે વ્યક્તિ એ વૃત્તિથી થતી હાનીને માટે બીજાને દોષિત માનવા લાગે.

આ સમગ્ર પ્રક્રિયા જોતા ખ્યાલ આવશે કે બહારની કોઈપણ બાબતનું બંધન વ્યક્તિને બાંધી શકતું નથી. એના ભીતરમાં પડેલી વૃત્તિ જ એને અંદર-બહારથી બંધનમાં કેદ કરે છે.

વૃત્તિના બંધનમાં જકડાયેલી વ્યક્તિ પોતાનાં બંધનને યથાર્થ ઠેરવવા કોશિશ કરે છે. જો એક બંધન ન ફાવે, તો એ એના પરથી કૂદકો મારીને બીજું બંધન પકડતો- સ્વીકારતો હોય છે. ભીતરમાં રહેલી વૃત્તિઓને બાહ્ય આધારસ્થાન જોઈએ છીએ. માણસ મુક્ત થવાની ઘણી વાતો કરે છે. વિષય ત્યાગી બનીને સ્થિતપ્રજ્ઞ થવાની ભાવના સેવે છે, પરંતુ હકીકતમાં એ એના બંધનમાં વધારે ને વધારે જકડાતો જાય છે. આમ વ્યક્તિ પોતે જ વૃત્તિનાં બંધનો સર્જે છે અને પછી જીવનભર એમાં જકડાયેલો રહે છે.

સમય જતાં આ બંધન વ્યક્તિને વધુને વધુ બાંધતું જશે. પછી તો એવું બનશે કે કામવાસનાનું સહેજ સરખું નિમિત્ત મળતાં એના દિલમાં વાસનાની પ્રચંડ આગ પ્રજ્વલિત થઈ જશે

આ બંધનમાંથી મુક્તિ કઈ રીતે પામી શકાય ? એણે કયા બંધનો તોડવા જોઈએ, કે જેથી મુક્તિનો માર્ગ સરળ બને ? બંધનમાંથી મુક્તિના માર્ગ પર અનેક કંટકો બિછાવેલા હોય છે. બંધનના માર્ગનું એક પોતીકું આકર્ષણ પણ હોય છે. આવા આકર્ષણને કારણે ઘણીવાર આખી જિંદગી વ્યતીત થાય, તો પણ વ્યક્તિને પોતાના ભીતરના બંધનોની પહેચાન સાંપડતી નથી. આથી તો સંત કબીરે આવી મોહદશાનું વર્ણ કરતાં કહ્યું છે.

એક મોહ કે કારને, ભરત ધરી દુઈ દેહ.

તે નર કૈસે છૂટે હૈં, જિનકે બહુત સનેહ.

''એક હરણના બચ્ચામાં મોહ થઈ જવાથી મોહવશ ભરતજીને બે શરીર (બેવાર જન્મ) ધારણ કરવા પડ્યા તો પછી તે મનુષ્ય ભવ-બંધનમાંથી કેવી રીતે છૂટશે જેમના હૃદયમાં ઘણાઓનો મોહ સમાયેલો છે.''

ભવબંધનમાંથી મુક્ત થવા માટે આ મોહ ત્યજવો જોઈએ, પરંતુ એ નોંધવું જોઈએ કે આ મોહ તે માનવીના મન દ્વારા સર્જાયેલો હોય છે અને એટલે જ મોહમુક્તિ એટલે મનને મોહમાંથી મુક્તિ, આત્માને નહીં, કારણ કે આત્મા એ તો નિત્ય મુક્ત છે, પરંતુ નિત્ય મુક્ત આત્માનો અનુભવ પરમાત્મા પાસે જવાથી પામી શકાય. એ માર્ગે ચાલીને મુક્તિ મેળવી શકાય.

વૃત્તિનો માર્ગ એ સંસારનો માર્ગ છે એમાં વ્યક્તિ સતત પોતાની વૃત્તિને વધારવાની કોશિશ કરતો હોય છે. એમાં એ બહેકી જતો હોય છે અને જીવનના પ્રસંગોમાં એ પોતાની નાવ સ્થિર રાખી શકતો નથી. આથી વ્યક્તિએ પ્રથમ વિચાર વૃત્તિના મૂળનો કરવો જોઈએ. પોતાની ભીતરમાં એ વૃત્તિ બેઠી બેઠી એને કેવાં ખેલ ખેલાવે છે એનું ચિંતવન કરવું જોઈએ. એટલે કે કોઈપણ બંધનને ફગાવવા માટે પહેલું કાર્ય એ બંધનના મૂળ સ્વરૂપને ઓળખવાનું થવું જોઈએ. એ પછી કેવા સંજોગો, કારણો, નિમિત્તો કે ઉપાદાનો મળતાં તે પ્રગટ થાય છે, તેની ક્રિયા- પ્રક્રિયાનો વિચાર કરવો જોઈએ અને એ પછી એ બંધનના બાહ્ય કારણોને દૂર કરવાનો સક્રિય પ્રયાસ થવો જોઈએ. એટલે કે બંધનનું કારણ તોડવું જોઈએ.

જો વ્યક્તિ બંધનનું કારણ તોડે નહીં તો એ કસોટીના પ્રસંગે નિષ્ફળ જાય છે. ઋષિ વિશ્વામિત્રના તપનો સ્વર્ગની અપ્સરા મેનકા તપોભંગ કરી શકી હતી. વળી બીજી બાબત એ છે કે બંધનના મૂળ પર ઘા કરીએ નહીં, તો એ વૃત્તિ પ્રત્યે ઉદાસીનતા જાગતી નથી. શુકદેવમાં કામ પ્રત્યે કેવી ઉદાસીનતા હતી. જનકવિદેહીને રાજ્યલોભ સ્પર્શી શક્યો નહોતો કારણ કે એમને પ્રતીતિ હતી કે આમાં મારું કશું નથી. આ રાજ્યની માલિકી પણ મારી નથી. ત્રીસ વર્ષ સુધી જુના ચશ્મા વાપરનારા અને ચશ્માની દાંડી તૂટી જતાં એકબાજુ દોરી બાંધનારા સરદાર વલ્લભભાઈને ધન કે પ્રદર્શનનો મોહ સેહેજે સ્પર્શ્યો નહોતો. જ્યાં સુધી એ વૃત્તિ કે ભાવ પ્રત્યે ઉદાસીનતા જન્મતી નથી, ત્યાં સુધી વૃત્તિનું આક્રમણ થાય તો જોખમ ઊભું થવાની પૂરેપૂરી શક્યતા.

આ વૃત્તિ પણ કૂદાકૂદ કરવાની શોખીન હોય છે. એને સંપત્તિના પ્રદર્શનનો મોહ હોય, તો એ સંન્યાસી બન્યા પછી પણ એના સંસારમોહને કારણે મોંઘી લગ્નપત્રિકા જેવી મંદિરોની પ્રતિષ્ઠા-પત્રિકા બનાવે અને લગ્નની માફક જ હાથી, બગી કે બેન્ડવાજાનું પ્રદર્શન યોજે.

આમ જો બંધનનું મૂળ કારણ દૂર થાય નહીં તો એ બંધન જુદા સ્વરૂપે પ્રગટ થતું હોય છે અને એ બંધન જ રહે છે. આથી જેને જીવનમાં બંધન મુક્ત થવું હોય તેણે પહેલાં એ સમજવું જોઈએ કે આ જગતમાં દરેક માનવી સ્વતંત્ર છે. બંધન એ તો મેં સામે ચાલીને મારી સ્વતંત્રતાનો નાશ કરીને સ્વીકારેલી પરતંત્રતા છે.

વિનિયોગ : વાગ્બીજ મંત્રના તાળાને ખોલતી ચાવી

સનાતન તંત્ર

બ્રહ્મચારી પરખ ઓમ

દેવી મહાસરસ્વતી અને મા માતંગીનો મૂળ બીજમંત્ર છે, 'ઐં' અર્થાત્ વાગ્બીજ, જેના વિશે પાછલાં અંકોમાં વિસ્તારપૂર્વક વાત કરી. વાગ્બીજનું મૂળ અનુષ્ઠાન ત્રણ રીતે પૂર્ણ કરી શકાય : (૧) મૂળ મંત્ર 'ઐં'નો સવા લાખ વખત જાપ (૨) મૂળ મંત્રના બાર લાખ જાપ અને (૩) મૂળ મંત્રના બત્રીસ લાખ જાપ.

આ ત્રણમાંથી કોઈ એક અનુષ્ઠાન કરવાનો સંકલ્પ લઈને સાધક પોતાને અનુકૂળ દિવસોની કુલ સંખ્યા (દાખલા તરીકે, ૩૦ દિવસ, ૪૦ દિવસ ૫૦ દિવસ કે પછી ૧૦૦ દિવસ વગેરે) નક્કી કરીને તેનો જાપ કરી શકે. ન્યાસ અને વિનિયોગ એમ બંને અગત્યના વિધિ-વિધાનો 'મંત્ર મહાર્ણવ' (દેવતા ખંડ)માંથી પ્રાપ્ત થઈ શકે. આજના લેખનો મૂળ વિષય વાગ્બીજ સાધનાનો વિનિયોગ છે. આમ તો વિનિયોગ વિશે પાછલાં અઢળક લેખોમાં સમજૂતી આપી દેવામાં આવી છે, પરંતુ સરળ ભાષામાં કહેવું હોય તો, વિનિયોગ એટલે મંત્ર ઉપર લાગેલું તાળું ખોલવાની ચાવી.

વાગ્બીજ સાધનાનો વિનિયોગ છે,

ॐ अस्य सरस्वती मन्त्रस्य ब्रह्मा ऋषिः

गायत्री छन्दः महासरस्वती देवता

ऐंबीजम् ह्रीं शक्तिः

मम सर्वाभीष्टसिद्धये जपे विनियोगः ।

વિનિયોગ મૂળત્વે ષડાંગ - છ અંગોનો બનેલો હોય છે. આ છ અંગો છે - ઋષિ, છંદ, દેવતા, બીજ, શક્તિ અને કીલક. વાગ્બીજના વિનિયોગમાં આ છ અંગો કયા છે, એ જોઈએ. (૧) બ્રહ્મા ઋષિ (૨) ગાયત્રી છંદ (૩) મહાસરસ્વતી દેવતા (૪) ઐં બીજ (૫) હ્રીં શક્તિ (૬) કીલક નથી.

દરેક વિનિયોગમાં એવું શક્ય છે કે અમુક અંગોની અનુપસ્થિતિ જોવા મળે. જેમકે, વાગ્બીજ વિનિયોગમાં કીલક નથી, અન્ય કેટલાક મંત્રોના વિનિયોગમાં બીજ અથવા શક્તિની ગેરહાજરી જોવા મળી શકે.

અહીં બ્રહ્મા ઋષિ છે, જેનો અર્થ એમ કે વાગ્બીજના મંત્રદ્રષ્ટા ઋષિ સ્વયં ભગવાન બ્રહ્મા છે. દરેક મંત્રના મંત્રદ્રષ્ટા હોય જ છે. જે તે ચોક્કસ મંત્રને કયા ઋષિએ સર્વપ્રથમ પોતાના અંતરમનની આંખે નિહાળ્યો, એ નક્કી કરનારું અંગ એટલે 'ઋષિ'. ઉદાહરણ તરીકે, સવિતુર્ ગાયત્રી મંત્રના મંત્રદ્રષ્ટા ઋષિ વિશ્વામિત્ર છે. એમના સિવાય અન્ય છ ઋષિઓ - જમદગ્નિ, ભારદ્વાજ, અત્રિ, ગૌતમ, કશ્યપ, વશિષ્ઠ પણ આ મંત્રના ઋષિઓ છે. ભગવાન ઉચ્છિષ્ટ ગણપતિના નવાર્ણ મંત્ર (ॐ હસ્તિપિશાચિલિખે સ્વાહા)ના દ્રષ્ટા ઋષિ કંકોલ છે. મા બાલાત્રિપુરસુંદરીના ત્ર્યક્ષરી મંત્ર (ઐં ક્લીં સૌઃ)ના ઋષિ સાક્ષાત્ દક્ષિણામૂર્તિ શિવ છે.

જો બ્રહ્મા બીજ છે, તો આ દેવીઓ જમીન છે. બીજનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી હોતું. જ્યાં સુધી બીજને ઊપજાઉ જમીનમાં ન વાવવામાં આવે, ત્યાં સુધી તેનો વિકાસ સંભવ નથી

મંત્રદ્રષ્ટા ઋષિ એટલે એ ઋષિ, જેમણે સૌપ્રથમ જે તે મંત્રને જાગૃત કર્યો અને ત્યારબાદ સમસ્ત વિશ્વને પ્રદાન કર્યો. વાગ્બીજ એટલે પણ ભગવાન બ્રહ્મા દ્વારા જાગૃત છે, કારણ કે તેઓ સૃષ્ટિના રચયિતા છે. એક ક્ષણ માટે ભગવાન બ્રહ્માને ચિત્રોમાં દર્શાવવામાં આવેલા વૃદ્ધ દેવતા તરીકે વિચારવાનું બંધ કરી દો. શાસ્ત્રોએ કહ્યું કે દેવતા અને મંત્ર વચ્ચે કોઈ અંતર નથી. આથી, ભગવાન બ્રહ્માને જો મંત્ર તરીકે નિહાળવાનો વિચાર કરશો, ત્યારે આ વાતનું રહસ્ય સમજાશે. સૃષ્ટિકર્તા ઊર્જા વાગ્બીજમાં સમાહિત છે. અંગ્રેજીમાં જેને 'ક્રિએશન' અને 'એક્સપાન્શન' કહેવાય એ પ્રકારની શક્તિ વાગ્બીજ ધરાવે છે. ભગવાન બ્રહ્માનું મૂળ કાર્ય અને જવાબદારી પણ આ જ છે!

અલગ બ્રહ્માંડોના રચયિતા બ્રહ્મા પણ જુદા જુદા છે, પરંતુ એમની મૂળ શક્તિ તો વાગ્બીજમાં જ નિહિત છે. વાગ્બીજ થકી જ તેઓ સર્જન અને વિસ્તારનું કાર્ય આગળ ધપાવી શકે છે. આથી, એમની મૂળ શક્તિ વેદમાતા ગાયત્રી અથવા જ્ઞાનની દેવી સરસ્વતી છે. આ બંને દેવીઓ સર્જન અને જ્ઞાન સાથે સંકળાયેલી છે. આ બંને ઊર્જા થકી જીવસૃષ્ટિ અલગ અલગ પડાવ પાર કરે છે. જો બ્રહ્મા બીજ છે, તો આ દેવીઓ જમીન છે. બીજનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી હોતું. જ્યાં સુધી બીજને ઊપજાઉ જમીનમાં ન વાવવામાં આવે, ત્યાં સુધી તેનો વિકાસ સંભવ નથી. આવી જ રીતે, જો બ્રહ્મા બીજ છે, તો એમની મૂળ શક્તિ થકી આ બીજ સમસ્ત સંસારમાં પોતાનો પ્રભાવ દેખાડી શકવા સક્ષમ બને છે.

વાગ્બીજ વિનિયોગના અન્ય અંગો વિશે વધુ વિગતવાર વાત કરીશું આવનારા અંકોમાં.

પ્રયોગશાળાના ડાયમન્ડ પણ રિઅલ ડાયમન્ડ જ છે... !!

શોધ સંશોધન

વસંત મિસ્ત્રી

એક સમય એવો હતો જ્યારે રાજા-મહારાજા અને સેલિબ્રિટી જ ડાયમંડના ઘરેણાં પહેરી શકતી. આજે પણ ડાયમન્ડની રિંગ કે ઈયર-રિંગ સમૃદ્ધ મહિલાઓ જ પહેરી શકે છે.

સમય બદલાયો છે. નવી ટેકનોલોજી આવી છે એટલે મધ્યમ વર્ગ પણ ડાયમંડ પહેરી શકે છે. તમે નકલી ડાયમંડ એવો શબ્દ વાપરી ના શકો. પ્રયોગશાળામાં ઉછરેલા ડાયમંડની વાત સમજો.

લેબ-ગ્રોન ડાયમંડ એક રિઅલ ડાયમંડ છે એ કોઈ ખોટો કે ઈમિટેશન ડાયમન્ડ નથી. તેનું રસાયણિક બંધારણ અને કાર્બન ક્રિસ્ટલ સ્ટ્રકચર કુદરતી ડાયમંડ જેવું જ છે. તફાવત છે બન્નેના ઉદ્‌ગમ સ્થાનમાં.

એક ધરતીમાં ઊંડે જન્મે છે અને બીજો પ્રયોગશાળામાં જન્મે છે.

પ્રયોગશાળામાં તેનો જન્મ બે પધ્ધતિથી થાય છે. (૧) કેમિકલ વેપર ડિપોઝિશન અને (૨) હાઈપ્રેસર હાઈ ટેમ્પરેચર.

(૧) પધ્ધતિને શોર્ટમાં સીવીડી તરીકે ઓળખવામાં આવે છે. એક વેક્યુમ ચેમ્બરમાં ''સીડ''ને મુકવામાં આવે છે. તેમાંથી મિથેન પસાર કરવામાં આવે છે. રસાયણિક પ્રક્રિયાથી 'સીડ'ની ઉપર કાર્બન એટમ જમા થતા જાય છે અને આવરણની ઉપર આવરણ રચાઈને ડાયમન્ડ બને છે. આમાં અનેક દિવસો લાગે છે.

(૨) બીજી પધ્ધતિ (એચપીએચટી)માં ડાયમન્ડ ''સીડ''ને કાર્બન સ્ત્રોત સાથે રાખી ઉચ્ચ દબાણ અને ઉચ્ચ તાપમાન આપવાથી ડાયમન્ડ તૈયાર થાય છે.

કુદરતી ડાયમન્ડ અને લેબ-ગ્રોન ડાયમન્ડનું રસાયણિક બંધારણ સરખું હોય છે. બન્ને સરખા લાગે છે. બન્નેની સખતાઈ સરખી હોય છે. લેબમાં બનતાં મહિના લાગે છે. પરંતુ કુદરતમાં (ધરતીમાં) તૈયાર થતાં લાખો વર્ષ લાગે છે. લેબ-ગ્રોન ડાયમન્ડ સસ્તા હોય છે. રિસેલ વેલ્યુ પણ ઓછી હોય છે.

તમે લેબ-ગ્રોન ડાયમંડથી પણ એટલો જ વટ પાડી શકો છો જેટલો તમે કુદરતી ડાયમન્ડથી પાડો છો.

લેબ ગ્રોન ડાયમન્ડના ગ્રેડિંગ રિપોર્ટ જુઓ, સર્ટિફિકેટ સમજો,

લેબ-ગ્રોન ડાયમન્ડ રિઅલ ડાયમન્ડ જ છે કારણ કે તેનું રસાયણિક બંધારણ અને કાર્બન ક્રિસ્ટલ સ્ટ્રકચર કુદરતી ડાયમન્ડ જેવા જ છે બન્નેથી સરખો જ વટ પડે છે

એક્ચેન્જ તેમજ વોરન્ટી જૂઓ.

દા.ત. બજેટ ૫૦,૦૦૦ રૂા.નું હોય તો ચળકાટ માટે ગોળાકાર પસંદ કરો. ૦.૭થી ૧.૦ કેરેટ નક્કી કરો. કલર જી-એચ અને કલેરિટી વીએસર- જૈ૧ સ્વીકારો કટ માટે એક્સેલન્ટ વાંચો અને આઈજીઆઈ કે અન્ય લેબ પસંદ કરો. આ નિષ્ણાત અને એઆઈનું માર્ગદર્શન છે. તમારા ફેમિલી-સોનીભાઈની સલાહ આવકાર્ય છે.

FOMO...! Digital Stress...! Highper Informations!... અને એવું બધું!

Gen-Z...! આવો, સમજીએ તેઓના Plus : Minus Points!

આપણે ત્યાં ઈ.સ. ૧૯૯૭ થી ઈ.સ ૨૦૧૨ વચ્ચે જન્મેલાં છોકરા-છોકરીઓને આપણે જનરેશન -ઝેડ ગૃપમાં મૂકીએ છીએ...હાલ, સર્વત્ર જનરેશન - ઝેડની બોલબાલા છે. અન્ય જનરેશન વિષે લોકોમાં ખાસ કશી ચર્ચા કે ચિંતા નથી. જનરેશન -ઝેડને લીધે જ જગત જીવંત વરતાઈ રહ્યું છે. જનરેશન -ઝેડ પરત્વે લોકો ખૂબ શ્રદ્ધા અને આશા રાખી રહ્યા છે. હમણાં થોડા જ દિવસો પહેલાં દેશના શિક્ષણમંત્રીને સત્તા પરથી દૂર હટાવવામાં આવ્યા તે પાછળ પણ જનરેશન-ઝેડનો સિંહફાળો રહ્યો. વર્તમાન ચીફ ઈલેક્શન કમિશનર વિરુદ્ધ જે મોટી ચળવળો ચાલી રહી છે તે પાછળ પણ જનરેશન-ઝેડ મુખ્ય ભૂમિકામાં રહ્યું હોય તેવું જોવા મળે છે.

હાલ સૌથી શક્તિશાળી લેખાઈ રહેલું જનરેશન -ઝેડ પોતાની અંદર જે પ્લસ-માયનસ પોઈન્ટ્સ ધરાવે છે તે ઉપર આપણે અહિ ઝીણવટથી વિચાર-અભ્યાસ કરવો છે...

નવા-નવા Idea અને, ગુણવત્તાનો આગ્રહ

જનરેશન-ઝેડ પાસે નવા-નવા આઈડિયા છે જે અન્ય જનરેશન પાસે નથી. કોઈ પણ વિષય ઉપર નવું કૈંક કરવું હોય અથવા નવી રીતે કૈંક કરવું હોય તો તેમાં જનરેશન-ઝેડનું દિમાગ સૌથી વધુ કામ કરી રહ્યું છે. બીજા કોઈ પણ જનરેશન કરતાં જનરેશન-ઝેડ કોઈ પણ બાબત પરત્વે ગુણવત્તા વિષે વધુ સતર્ક છે. જેઓ જનરેશન-ઝેડની સાથે વધુ નજીકનો સંબંધ ધરાવે છે તેઓને ખબર છે કે, જનરેશન-ઝેડ ગુણવત્તાનો ખૂબ જ આગ્રહ રાખે છે.

Deiital Natives

ડીજીટલ નેટીવ્સનો ગુજરાતીમાં કોઈ સમાનાર્થી શબ્દ જડવો મુશ્કેલ છે. જનરેશન-ઝેડ ડીજીટલ નેટીવ્સ છે તેમ કહી શકાય. આ આખું જનરેશન કોમ્પ્યુટર્સ-લેપટોપ-સ્માર્ટ ફોન-ઈન્ટરનેટ વગેરે સાથે જાણે કે ડીજીટલ દુનિયામાં જ પેદા થયેલું છે. જનરેશન-ઝેડનું સદભાગ્ય કે, તેઓ સસ્તા ડેટા-પેક તેમજ સાવ સસ્તાં અદ્યતન સાધન-સામગ્રીઓ સાથે જન્મ્યાં છે ! ડીજીટલ યુગમાં જન્મ લેવો તે જનરેશન-ઝેડનો એક મહત્વપૂર્ણ પ્લસ પોઈન્ટ છે.

આર્થિક બાબતોમાં અગ્રેસર

જનરેશન-ઝેડ આર્થિક બાબતોમાં સૌથી વધુ સતર્ક જનરેશન છે. તેઓને આર્થિક બાબતોમાં રસ છે-રુચિ છે અને અન્ય જનરેશન માફક એફ.ડી. અથવા ભાડાની આવકો-બાંધી આવકોમાં પડી નથી રહેવું બલ્કે આર્થિક વિકાસમાં જોડાવું છે. જનરેશન-ઝેડ અર્થ-ધન સંબંધી બાબતોમાં સૌથી વધુ સક્રિય જનરેશન છે એમ કહી શકાય. આર્થિક પ્રગતિની તમન્ના એ જનરેશન-ઝેડનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ છે.

પરંપરાગત (Traditional) અને આધુનિક (Modern) રીતભાત વચ્ચે તાલમેલ

જૂનાં તમામ જનરેશન્સ પરંપરાગત રીતભાત તો પ્રમાણિકપણે નિભાવી જાણે છે પણ, તેઓ આધુનિક રીતભાત સાથે મન મૂકીને તાલમેલ સાધી શકતાં નથી. જનરેશન-ઝેડ જૂની પરંપરાગત રીતભાત પણ હોંશભેર અનુસરે છે તેમજ આધુનિક રીતભાતને પણ ન્યાય આપી જાણે છે. પોતે જનરેશન-ઝેડ હોવા છતાં સદીઓ પુરાણી કોઈ રીતભાત-પરંપરાને અનુસરવાનું હોય તો તેને તેમાં જરાય સંકોચ કે અડચણ નહિ અનુભવાશે ! પરંપરાગત અને આધુનિક બંને પ્રકારની રીતભાતોમાં એકસરખો ઉત્સાહ દાખવી શકે છે !

FOMO એક બહુ મોટો Minus Point

જનરેશન-ઝેડનો સહુથી મોટો કોઈ માયનસ પોઈન્ટ હોય તો તે છે, ફોમો એટલે કે...ફીયર ઓફ મિસિંગ આઉટ ! ફોમો એટલે એક પ્રકારની એવી નિરંતર ચિંતા કે, અન્ય લોકો સરસ મસ્ત મઝાની જિંદગી જીવી રહ્યા છે અને પોતે એવું સરસ જીવન જીવી નથી શકતાં ! ઈર્ષ્યા કે અદેખાઈ નહિ પરંતુ, એક જાતની ફિકર...કે, બીજાંઓ જેવું સરસ જીવન પોતાને કેમ જીવવા નથી મળી રહ્યું ?!

Digital Stress

ડીજીટલ સ્ટ્રેસ પણ એક એવો શબ્દ છે જેનો સચોટ ગુજરાતી સમાનાર્થી શબ્દ મળવો મુશ્કેલ છે. મોબાઈલ-લેપટોપ-સોશ્યલ મીડિયા-ઈન્ટરનેટ વગેરે વચ્ચે જે જનરેશનનો સૌથી વધુ સમય વીતે છે તે જનરેશન-ઝેડ ડીજીટલ વર્લ્ડને કારણે જે થાક અનુભવે છે-જે તાણ અનુભવે છે તે એક પ્રકારે જનરેશન-ઝેડનો માયનસ પોઈન્ટ્સ જ છે એમ કહી શકાય. બીજાં જનરેશન્સ આ કક્ષાનો ડીજીટલ સ્ટ્રેસ નથી અનુભવી રહ્યાં !

પોતે જનરેશન-ઝેડ હોવા છતાં સદીઓ પુરાણી કોઈ રીતભાત-પરંપરાને અનુસરવાનું હોય તો તેને તેમાં જરાય સંકોચ કે અડચણ નહિ અનુભવાશે ! આ જનરેશન પરંપરાગત અને આધુનિક બંને પ્રકારની રીતભાતોમાં એકસરખો ઉત્સાહ દાખવી શકે છે !

ધીરજ-ધૈર્યનું સ્તર સાવ ઓછું!

જનરેશન-ઝેડ સતત રીલ્સ -શોર્ટ્સ જેવી સામગ્રીઓ વચ્ચે જીવન વિતાવી રહ્યું છે એટલે, ત્યાં વિસ્તારપૂર્વક તેમજ ઊંડાણપૂર્વક અભ્યાસયુક્ત સામગ્રીઓને સ્થાન નથી. આને લીધે, જનરેશન-ઝેડ પાસેથી ધીરજ-ઊંડાણ જેવા ગુણોની અપેક્ષા રાખી શક્ય નહિ. તેઓને સંક્ષેપમાં બધું સમજી લેવું છે અને ઝડપથી સમજી લેવું છે ! એવા ઘણા વિષયો છે જે માટે ધીરજ-શાંતિ રાખવી પડે. જનરેશન-ઝેડનું ધીરજ-ધૈર્યનું સ્તર સાવ નીચું છે...

સહનશક્તિનો અભાવ તેમજ ત્વરિત પ્રતિભાવ

જનરેશન-ઝેડની સહનશક્તિ પ્રમાણમાં ઓછી જોવા મળી રહી છે એટલે, તેઓ કોઈ પણ બાબત વિષે ત્વરિત પ્રતિભાવ આપી બેસે છે અથવા ત્વરિત કોઈ મન-મગજ બનાવી લે છે. આ તેઓનો એક મોટો માયનસ પોઈન્ટ છે. પોતાને પ્રતિકૂળ માહોલમાં પણ ટકી રહેવું જનરેશન-ઝેડ માટે લગભગ અશક્ય હોય છે. અનુકૂલ નહિ આવે તે માહોલ તેઓ ઝડપભેર છોડી દે છે...એને લીધે, અનેક વાર બિનજરૂરી ઠોકરો ખાવાનો વારો તેઓને જીવનમાં જોવા મળ્યા કરે છે. પોતાના કારોબાર વગેરેમાં એક સ્થાને લાંબો સમય સુધી ટકીને રહેવું તેઓ માટે કપરું બની રહે છે.

કૌશિક કુમાર દીક્ષિત

Highper Information એટલે કે, વધુ પડતી માહિતીઓ

જનરેશન-ઝેડ વધુ પડતી માહિતીઓના બોજા નીચે સતત જીવી રહ્યું છે ! એટલી બધી માહિતીઓની જીવનમાં કદાચ જરૂરત પણ નથી હોતી. તો પણ, વધુ પડતી માહિતીઓ તે જનરેશન-ઝેડનો એક આગળ પડતો માયનસ પોઈન્ટ છે. વધુ પડતી બિનજરૂરી માહિતીઓના સંગ્રહને લીધે તેઓ ઘણી વાર 'જીવનનું સત્ય' ચૂકી જાય છે !

ગ્રામ્ય Gen-Z તેમજ શહેરી Gen-Z વચ્ચેનો ગંભીર તફાવત ?

જનરેશન તો જનરેશન છે. જનરેશન-ઝેડ એવું નથી કે શહેરોમાં જ વસી રહ્યું હોય ! જનરેશન-ઝેડ ગામડાંમાં પણ વસી રહ્યું છે...શહેરી જનરેશન-ઝેડ જે આધુનિક સુખ-સુવિધાઓ મેળવી રહેલ છે તેનાથી ગામડાંમાં વસી રહેલ જનરેશન-ઝેડ વંચિત રહી જ જાય છે. આમ, આપણા દેશમાં જનરેશન-ઝેડ પરત્વે શહેરી-ગ્રામ્ય એમ બે સ્પષ્ટ વિભાગો પડી જાય છે. બીજાં જનરેશન્સ શહેરી હોય કે ગ્રામ્ય હોય તેનાથી બહુ મોટો ફરક નથી પડતો પરંતુ, જનરેશન-ઝેડ માટે લગ્નના ઉંબરે પહોંચવાનું બાકી હોય છે એટલે લગ્ન વખતે એક જણ શહેરી હોય અને એક જણ ગ્રામ્ય હોય ત્યારે તેઓના પારીવારિક જીવનમાં અમુક મોટી વિસંગતીઓ સંભવે છે. ગ્રામ્ય જનરેશન-ઝેડ તેમજ શહેરી જનરેશન-ઝેડ બંને એકસમાન જનરેશન્સ હોવા છતાં, તેઓ વચ્ચે અમુક મૂળભૂત સ્પષ્ટ તફાવત નજર સામે તરી આવે તેવો હોય છે ! જનરેશન-ઝેડનો આ એક ગંભીર માયનસ પોઈન્ટ બની રહે છે.

બ્લડ ગૃપ 'AB' હોય તેઓને હાર્ટ-એટેક આવવાનો ખતરો સૌથી વધારે!

હાર્ટ-એટેક આવે તેમાં પણ Blood Groupનો વિચાર કરવાનો?

હૃદય સુધી રુધિર તેમજ ઓક્સિજન મોકલનારી નળીઓ પૈકી કોઈ નળી બ્લોક થઈ જાય ત્યારે સામાન્ય રીતે, વ્યક્તિને હાર્ટ-એટેક આવે છે. ચરબી-કોલેસ્ટ્રોલ જેવી ચીજો જમા થઈ જવાથી એક કાળે હૃદયની નળી બ્લોક થઈ જવાની દહેશત રહે છે. હાર્ટ-એટેક દરમ્યાન, રુધિરનો પ્રવાહ ધીમો-ઓછો થઈ જવાથી હૃદયની માંસપેશીઓ નિર્જીવ બનતી જાય છે. હાર્ટ-એટેકથી મૃત્યુ થઈ જતું અટકાવવા માટે તાત્કાલિક સારવાર-તત્કાળ ઈલાજ જરૂરી હોય છે. એક વાર હૃદય બંધ પડી ગયા બાદ, તેને ફરીથી ધડકતું-ધબકતું કરવું અશક્ય બની જાય છે. હૃદયનું બંધ પડી જવું એ જ મૃત્યુ છે !



દેશમાં દર વર્ષે ૧૫,૮૦,૦૦૦થી વધુ લોકોનાં મરણ હાર્ટ-એટેકને લીધે થાય છે ! અને, જગત આખામાં દર વર્ષે ૧,૯૮,૦૦,૦૦૦ લોકો હાર્ટ-એટેકને લીધે મરી જાય છે. રશિયામાં હાર્ટ-એટેકનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે,ત્યાં કુલ વસ્તીનો ૨% હિસ્સો લોકો દર વર્ષે હાર્ટ-એટેકનો શિકાર બને છે.

આવો, મનુષ્યજાતિને અચાનક શિકાર બનાવી દેતો હાર્ટ-એટેક તમારા બ્લડ-ગૃપ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે તે જાણીને તમને આશ્ચર્ય થયા વગર નહિ રહેશે !

એક સર્વેક્ષણ કરવામાં આવ્યું અને, હાર્ટ-એટેકનો શિકાર બનનારા લોકોમાં બ્લડ-ગૃપની શું સ્થિતિ છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો. જાણવા મળ્યું કે, 'ઓ' બ્લડ-ગૃપ ધરાવતી વ્યક્તિઓને હાર્ટ-એટેક આવવાની શક્યતા સાવ ઓછી છે ! આમ, આપણે હાર્ટ-એટેક જેઓને આવ્યો હોય તેઓની એક યાદી બનાવીએ તો તેમાં 'ઓ' બ્લડ ગૃપ ('ઓ' પોઝીટીવ- 'ઓ' નેગેટીવ) ધરાવતી વ્યક્તિઓ એકદમ ઓછા પ્રમાણમાં જોવા મળશે !

હાર્ટ-એટેકનો સૌથી વધુ ખતરો 'એબી' બ્લડ-ગૃપ ધરાવતી વ્યક્તિઓમાં જોવા મળે છે ! તમે કે, તમારી આસપાસ વસતી કોઈ વ્યક્તિનું બ્લડ-ગૃપ જો, 'એબી' હોય તો તેને હાર્ટ-એટેક નહિ આવે તે માટે વિશેષ કાળજી રાખવાની સલાહ તમારે એડવાન્સમાં આપી રાખવી જોઈએ.

હાર્ટ-એટેકની સાધારણ સંભાવના 'બી' બ્લડ-ગૃપ ધરાવતી વ્યક્તિઓને પણ અવશ્ય રહે છે. 'એ' બ્લડ-ગૃપ ધરાવતી વ્યક્તિઓને હાર્ટ-એટેકનો ખતરો રહે છે પણ, તે પ્રમાણમાં ઘણો ઓછો !

'એ' બ્લડ-ગૃપ હોય તેવી વ્યક્તિઓમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ ખાસ્સું વધારે જોવા મળે છે !

'ઓ' બ્લડ-ગૃપ સિવાયની વ્યક્તિઓમાં લોહીમાં ગઠ્ઠો જમાવી દેનારાં પ્રોટીનનું પ્રમાણ વધુ જોવા મળે છે તેમજ તેઓમાં ગેલેક્ટીન-૩નું સ્તર પણ ખાસ્સું વધારે જોવા મળે છે. ગેલેક્ટીન-૩નું વધુ પડતું પ્રમાણ હૃદયને કોઈ ને કોઈ રીતે, દબાણમાં-તાણમાં રાખે છે !

તમારું બ્લડ-ગૃપ 'O' (Positive) અથવા 'O' (Negative) હોય તો તમને હાર્ટ-એટેક આવવાની શક્યતા સાવ નહિવત્ સમજવી જોઈએ!

આમ, તમારે હાર્ટ-એટેકથી બચવું હોય તો તમારું બ્લડ-ગૃપ 'ઓ' હોય તે જરૂરી છે. પણ, આપણે કંઈ આપણી પસંદગી મુજબનું બ્લડ-ગૃપ ધરાવી શકતાં નથી, તે જન્મજાત આપણી અંદર વહે છે જેમાં પરિવર્તન શક્ય નથી.

આપણે આપણું બ્લડ-ગૃપ જાણીને થોડી વધુ કાળજી-થોડી વધુ સંભાળ જરૂર રાખી શકીએ જેથી, હાર્ટ-એટેકનો શિકાર થતાં બચી શકીએ !

લોગઈન

નક્કી એની બે પેઢી તો તરી જવાની જોજે તું,
એની આંખો ચાર થઈ છે એ પણ પુસ્તક મેળામાં!

- મધુસૂદન પટેલ

પુસ્તકમેળામાં આંખો ચાર થાય ત્યારે...

અંતરનેટની કવિતા

અનિલ ચાવડા

પ્રેમમાં પડવાની જગ્યા ઘણીવાર પ્રેમનું ભવિષ્ય નક્કી કરતી હોય છે. બગીચામાં આંખો ચાર થાય તો બે હૃદય નજીક આવે, પણ પુસ્તકમેળામાં બે વિચાર નજીક આવે છે. બે વિચાર નજીક આવે ત્યાં માત્ર બે વ્યક્તિઓનું નહીં, બે પેઢીઓનું ભવિષ્ય બદલાઈ શકે.

આપણે ત્યાં સંતાન માટે સંપત્તિ એકઠી કરવાની પરંપરા છે, પણ પુસ્તકો એકઠાં કરવાની પરંપરા નથી. માતાપિતા બાળકના ભવિષ્ય માટે વીમો ઉતરાવે, બચત કરે, જમીન ખરીદે, સોનામાં રોકાણ કરે, પણ બાળકની વિચારશક્તિ વિકસે તેવું રોકાણ કરતા નથી. પરિણામે ઘરમાં સમૃદ્ધિ વધે છે, પણ સમજણ ઘટે છે. બંગલાના ઓરડા વધે છે, પણ મનની મોકળાશ સાંકડી થતી જાય છે. દુનિયા ખરીદવાની તાકાત આવે છે, પણ દુનિયા સમજવાની આવડત નથી આવતી.

કવિએ એક પેઢીને બદલે બે પેઢીની વાત કરી, કારણ કે વાંચનનો સંસ્કાર વારસામાં મળતી સૌથી મૂલ્યવાન સંપત્તિઓમાંનો એક છે. જે ઘરમાં પુસ્તકોને સ્થાન મળે, ત્યાં બાળકોને પ્રશ્નો પૂછવાની, શંકાઓ કરવાની, જુદા વિચારોને સમજવાની અને પોતાનો મત બાંધવાની તક મળે છે. વાંચન અસહમત થવાની સંસ્કૃતિ પણ શીખવે છે. લોકશાહીને માત્ર મત આપનારા નાગરિકોની જરૂર નથી, વિચારનારા નાગરિકોની પણ જરૂર છે. જે સમાજમાં પ્રશ્નો પૂછવાની પરંપરા નબળી પડે, ત્યાં અંધશ્રદ્ધા, પૂર્વગ્રહ અને સત્તાનો દુરુપયોગ સરળ બની જાય છે. પુસ્તકો માણસને દરેક દાવા સામે તર્કની મશાલ ઊંચકતા શીખવે છે.

સારું સાહિત્ય આપણને શીખવે છે કે દુનિયામાં માત્ર આપણી જ પીડા નથી, આપણું જ સત્ય અને આપણો જ દ્રષ્ટિકોણ સાચો નથી. કોઈ નવલકથામાં ગરીબનું જીવન વાંચ્યા પછી રસ્તા પરના ગરીબને જોવાની આપણી દ્રષ્ટિ બદલાઈ શકે. કોઈ કવિતામાં સ્ત્રીની વ્યથા વાંચ્યા પછી ઘરની સ્ત્રીના શ્રમનું મૂલ્ય સમજાઈ શકે. કોઈ આત્મકથા વાંચ્યા પછી અસફળ માણસ પ્રત્યેનો આપણો અભિગમ બદલાઈ શકે.

જોકે પુસ્તક વાંચનાર દરેક વ્યક્તિ સમજદાર હોય જ એવું જરૂરી નથી. પુસ્તક ન વાંચનારને ઓછો આંકવાની ભૂલ ન કરવી જોઈએ

જોકે પુસ્તક વાંચનાર દરેક વ્યક્તિ સમજદાર હોય જ એવું જરૂરી નથી. પુસ્તક ન વાંચનારને ઓછો આંકવાની ભૂલ ન કરવી જોઈએ. દુનિયામાં એવા અનેક લોકો છે, જેમણે જીવનના અનુભવોમાંથી અદ્ભુત જ્ઞાન મેળવ્યું છે.

પુસ્તકોનાં કબાટ ભરેલાં હોય એટલે મગજ પણ જ્ઞાનથી ભરેલું હશે, તેમ માની ન લેવું. કેટલાંક લોકો પુસ્તકને ઘરની શોભા માને છે, કેટલાક પ્રતિષ્ઠાનું પ્રતીક અને કેટલાક તો પુસ્તક એવી રીતે સાચવે જાણે એ વાંચવાથી ઘસાઈ જવાનું હોય! આમ તો પુસ્તક હોય છે જ ઘસાવા માટે. વાંચનનો મોટો લાભ એ નથી કે ઘણું બધું જાણવા મળે છે. મોટો લાભ એ છે કે આપણે કેટલું ઓછું જાણીએ છીએ તેની ખબર પડવા લાગે છે. આ સમજણ જ માણસને વિનમ્ર બનાવે છે.

આજના સમયમાં પુસ્તકની સામે સૌથી મોટો પડકાર સમયનો નથી, ધ્યાનનો છે. માણસ પાસે કલાકો મોબાઈલ જોવાનો સમય છે, પણ પુસ્તકનાં પાંચ પાનાં વાંચવાની ધીરજ નથી. આપણે લાંબી નવલકથા વાંચવાને બદલે તેનો સારાંશ જોઈએ છીએ. પણ ગુલાબનું ચિત્ર જોવાથી ગુલાબની સુગંધ અનુભવાતી નથી.

પુસ્તકમેળામાં આંખો ચાર થયેલાં પેલાં બે પાત્રો જીવનભર જોડાય ત્યારે એક કલામય સમજણ, એક પંથ પર સાથે ચાલે છે. એમનો એ પંથ પછી ગ્રંથ બની જાય છે. બે વ્યક્તિઓ વચ્ચેનો પ્રેમ જો વાંચન, વિચાર, સંવેદના અને સમજણના પાયા પર વિકસે, તો તેની અસર માત્ર તેમના દાંપત્ય પૂરતી મર્યાદિત રહેતી નથી. સંતાનોના ઉછેરમાં, કુટુંબના વ્યવહારમાં અને સમાજ પ્રત્યેના અભિગમમાં પણ દેખાય છે.

લોગઆઉટ

किताबें करती हैं बातें
बीते जमानों की दुनिया की,
इंसानों की
आज की कल की
एक–एक पल की ।
खुशइयों की, गमों की,
फूलों की, बमों की,
जीत की हार की प्यार की मार की ।
सुनोगे नहीं क्या किताबों की बातें ?
किताबें, कुछ तो कहना चाहती हैं ।
तुम्हारे पास रहना चाहती हैं ।
किताबों में चिडिया दीखे चहचहाती,
कि इनमें मिलें खेतियां लहलहाती ।
किताबों में झरने मिलें गुनगुनाते,
बडे खूब परियों के किस्से सुनाते ।
किताबों में साईस की आवाज है,
किताबों में रोकेट का राज है ।
हर इक इल्म की इनमें भरमार है,
किताबों का अपना ही संसार है ।
क्या तुम इसमें जाना नहीं चाहोगे ?
जो इनमें है, पाना नहीं चाहोगे ?
किताबें कुछ तो कहना चाहती हैं,
तुम्हारे पास रहना चाहती हैं । – सफदर हाशमी

સ્ક્વેર કટ

અધીર અમદાવાદી

- કથા સાંભળતા થાક કેમ ઉતરતો નથી?
- હર્ષ એ. સોની, બહુચરાજી
- **બેસવાનું જમીન પર હશે.**
- દાંત ખાટા થઈ જાય તો શું કરવું એ જરા કહેશો?
- યશપાલસિંહ ટી. વાઘેલા, થરા
- **દુશ્મન બનાવવા નહીં.**
- નાના બાળકો કોને ન ગમે?
- વિનોદભાઈ પરમાર, સુરત
- **હેર ડાઈ વેચનાર સેલ્સમેનને.**
- સંસારથી વૈરાગ્ય આવી જતો હોય તો શું કરાય?
- પ્રગ્નેશ રાઠોડ, વાપી
- **મોટી લોન લઈ લેવી.**
- મને લોન માટે બહુ ફોન આવે છે. શું કરવું?
- ઓસમાણ સૈયદ, પોરબંદર
- **લૉનમાં બરોબર પાણી છાંટવું.**
- ફાફડા અને જલેબીની જોડી કોણે બનાવી હશે?
- વિજય ચૌહાણ, બાવળા
- **સ્વાદ જોતાં તો ઉપર સ્વર્ગમાં જ બનાવી હશે.**
- લોકો દ્વારા બોલાતું સૌથી મોટું જુઠાણું કયું છે?
- શિવમ વિજયકુમાર યાજ્ઞિક, રાજકોટ
- **'બસ પહોંચું જ છું.'**
- સાંભળ્યું કે તમે ઑલમ્પિક માટે તૈયારી કરો છો?
- અલ્પેશ સાદરિયા, સુરત
- **હું નથી કરતો, કુતરાઓ કરાવે છે.**
- પ્રેમિકા ધમકી આપે તો એને કોણ પહોંચે?
- ચેતનકુમાર ત્રિવેદી, અમદાવાદ
- **સહી લેવાનું. પ્રેમિકા છે તો ખરી ને?**
- કોલમની સાઈઝ ક્યારે વધારો છો?
- રોહિત 'કર્મ', હિંમતનગર
- **ક્વોન્ટિટી નહીં, ક્વોલિટી મહત્વની છે.**
- ડર મુસીબત બની જતો હોય તો શું કરાય?
- સુરેશભાઈ શાહ, ભરૂચ
- **પાવડર ના લગાડવો. ચોથા ભાગનો ડર ઓછો થઈ જશે.**
- પત્નીના મુડમાં ફેરફાર થાય એ પહેલેથી ખબર પડે?
- આકાશ ચૌહાણ, સુરત
- **વેધરની જેમ મુડના યેલો, ઓરેન્જ અને રેડ એલર્ટ હોવા જોઈએ.**
- મિત્રો કેમ આટલા બદનામ હોય છે?
- હર્ષદ માધુ, વાવ
- **મિત્ર એ પોતાના અપલક્ષણો છુપાવવાની ઢાલ છે.**
- તમને બધા સવાલો પૂછ્યા કરે છે પણ તમે કોને સવાલ પૂછી શકો?
- રસેશ એન. શ્રોફ, મુંબઈ
- **વિદ્યાર્થીઓને. પ્રોફેસર છું ને!**
- હજી પણ લોકો પાવલી લઈને જ પાવાગઢ જતાં હશે?
- મુકેશ ચંદારાણા, મીઠાપુર
- **ના. પરિવાર અને શ્રદ્ધા લઈને જાય છે.**
- દવા અને દારૂ બન્ને અલગ શબ્દ છે છતાં દવાદારૂ ભેગું કેમ બોલાય છે?
- યોગેશભાઈ આર જોશી, હાલોલ
- **શરદીના કોક શોખીન દરદીએ શરૂ કર્યું હશે.**
- શ્રીમંત કોને કહેવાય?
- દર્શન શાહ, અમદાવાદ
- **આપણાં કરતાં દસ ગણા રૂપિયા હોય એને.**
- માણસ પોતે બહેરો છે, તેવું ક્યારે કબૂલ કરે?
- મધુકર પી. માંકડ, રાજકોટ
- **બફાટ કરે ત્યાર પછી.**
- રાજકારણમાં સમાજ હોઈ શકે પણ સમાજમાં રાજકારણ ચાલે?
- માયા સોની, ગોધરા
- **રાજકારણમાં કારણ નથી જોવાતાં.**
- પતિ દ્વારા થયેલી ખરીદી પત્નીને કેમ ગમતી નથી?
- હરેશ લાલવાણી, અમદાવાદ
- **પતિ સમુદાયના પૂર્વજન્મના કર્મ.**

તમારા સવાલો આ ઈમેઈલ આઈડી પર મોકલી આપો
squarecut@gujaratsamachar.com

રામકૃષ્ણ પરમહંસ

વિન્ડો સીટ

ઉદયન ઠક્કર

કાકાસાહેબ કાલેલકરે શ્રી રામકૃષ્ણ વિશે લખેલા ચરિત્રનિબંધનો સંક્ષેપ તેમના જ શબ્દોમાં જોઈએ:

'રામકૃષ્ણ પરમહંસ એટલે હિંદુ ધર્મનો શુદ્ધ અને પ્રાણવાન પ્રવાહ. તેમણે નાનપણથી સ્વતંત્ર વૃત્તિ કેળવી હતી. એમના વખતની સામાન્ય કેળવણી લેવાની તેમણે ના પાડી. 'કેળાં, ચોખા અને પૈસા અપાવનારી કેળવણી લઈને હું શું કરું? મારે તો પરમાત્માની પ્રાપ્તિ કરવી છે.' રામકૃષ્ણને ઈશ્વરના અવતાર ગણવા કે નહિ એની ભારે ચર્ચા ચાલે છે. જો આપણે તેમને માણસ ગણીએ તો પુરુષાર્થ વડે ઈશ્વરત્વ ભણી ગતિ કરી શકાય એનો વિશ્વાસ આપણામાં જાગે છે. પોતાના મનમાંથી વર્ણાભિમાન કાઢી નાખવા તેમણે આસપાસનાં જાજરૂ સાફ કરવાનું શરૂ કર્યું. ધન અને માટી સમાન છે એવી વૃત્તિ કેળવી, રૂપિયો અને માટીનું ઢેફું બન્ને નદીમાં તેઓ ફેંકતા. દરેક ધર્મનો અભ્યાસ કરી, બધા ધર્મ સાચા છે, એવો ઉપદેશ કર્યો. 'આ ફૂલો જ્યાં છે, ત્યાં ઈશ્વરને અર્પિત નથી?' કહી, પૂજાને માટે ફૂલ- બિલ્વપત્ર તોડવાં તેમણે છોડી દીધું. સાંજ પડે એટલે જિંદગીનો એક દિવસ ગયો છતાં ઈશ્વરપ્રાપ્તિ ન થઈ એ દુ:ખે તેઓ પોકેપોક રોઈ પડતા.સાધના કરતાં કરતાં તેમને સ્ફુરી આવ્યું કે બધે એક જ ઈશ્વરી તત્ત્વ વ્યાપેલું છે. તેઓ શાન્ત થયા. નરના નારાયણ થઈ ગયા. લોકો તેમને રામકૃષ્ણ પરમહંસ કહેવા લાગ્યા.'

'રામકૃષ્ણનું ઈશ્વર પાછળ ગાંડપણ જોઈને સગાંવહાલાંએ તેમને પરણાવી દેવાનો વિચાર કરેલો.તેમણે પોતે જ એક પાંચ વર્ષની સાત્ત્વિક વૃત્તિવાળી કન્યા પસંદ કરી. પત્ની મોટી થઈ ત્યારે તેમને મળવા આવી. રામકૃષ્ણે તેને માતા ગણીને પૂજી. શારદામાતાએ કહ્યું, 'આપે સ્વીકારેલા ઈશ્વરપ્રાપ્તિના માર્ગથી પાછા ખેંચનારી અવિદ્યા- માયા થવા નથી માગતી.' શારદા માતાએ આખર સુધી તેમની સેવા કરતાં રહી શાન્તિ મેળવી. પ્રતાપચન્દ્ર મજમુદારે ટિપ્પણી કરી કે 'રામકૃષ્ણે પત્ની પ્રત્યે ક્રૂરતા આચરીને તેની સ્થિતિ વિધવા જેવી કરી મૂકી છે.' કોઈ સ્ત્રીપુરુષ પોતાના વિકારને મારીને સંયમી જીવન પસંદ કરે તો તેમાં દયા ખાવા જેવું શું છે? વાસનાતૃપ્તિ એ માણસનો સ્વાભાવિક હક છે અને વાસનાતૃપ્તિમાં જ જીવનસાફલ્ય છે એ તત્ત્વજ્ઞાન આપણું નથી. 'મારા ગુરુદેવ' એ સ્વામી વિવેકાનંદના લેખ પરથી ઘણાંખરાંને પરમહંસની માહિતિ મળી હશે, પણ તેમનો પહેલવહેલો પરિચય થાય છે 'ગોસ્પેલ ઓફ શ્રી રામકૃષ્ણ', જેના લેખકે પોતાનું નામ ગુપ્ત રાખ્યું છે.-

'પરમહંસના છત્રીસ શિષ્યો હતા અને દરેકને એમણે જુદી જુદી રીતે કેળવેલા. કોઈને જ્ઞાનમાર્ગ ચીંધ્યો તો કોઈને ભક્તિમાર્ગ. એક શિષ્ય સાથે અધ્યાત્મ રામાયણ વાંચતા હતા ત્યારે રાખાલ બાબુ આવી ચડ્યા. પરમહંસે કહ્યું, 'આ તારા માટે નથી, તું જતો રહે.' કોઈએ પૂછ્યું, 'શું વામાચારી શાક્તધર્મ પણ સાચો રસ્તો?' પરમહંસ બોલ્યા, 'મંદિરમાં જવાના અનેક રસ્તા હોય. ખાળના કાણામાં થઈને પણ જવાય. પણ મહાદ્વાર છોડી એવો ગંદો રસ્તો કેમ પસંદ કરીએ?' ઈશ્વરપ્રાપ્તિ માટે તેઓ કનક અને કાન્તાનો ત્યાગ કરવાની સલાહ આપે છે. ગુરુની પાછળ પડેલા શિષ્યો ઘણા મળે, પણ શિષ્યો પાછળ ઘેલા થયેલા પરમહંસ તો અપૂર્વ હતા. દિવસરાત ધર્મોપદેશ કરી તેમના ગળામાં વ્રણ પડ્યું. દાક્તરોએ બોલવાની મનાઈ કરી. પણ તેમની ગંભીર માંદગી વિશે સાંભળી ટોળેટોળાં દૂર દૂરથી આવવા લાગ્યાં. પરમહંસ કોઈને નિરાશ ન કરે, વાગ્યજ્ઞ ચાલતો જ રહ્યો. આખરે સને ૧૮૮૬ના ઓગસ્ટની ૧૬ની રાતે તેમણે પોતાની આહુતિ આપી.'

'કેળાં, ચોખા અને પૈસા અપાવનારી કેળવણી લઈને હું શું કરું? મારે તો પરમાત્માની પ્રાપ્તિ કરવી છે.'

'સાધુસંતોએ ઉપદેશેલા માર્ગે ચાલનારાં ઓછાં જ મળે, તેમનો અવાજ કાનમાં ભરી 'પાવન' થનારાં લોભીઓ જ વધારે હોય. શાક વેચનારી પાસેથી બે શિંગ વધારે કઢાવવાની વૃત્તિ અને આવી રીતે ઉછીનો મોક્ષ મેળવવાની વૃત્તિમાં કશો ફેર નથી. પરમહંસનો ઉપદેશ વિવેકાનંદે દેશદેશાંતર સુધી પહોંચાડ્યો. શુદ્ધ અધ્યાત્મ જીરવવાની શક્તિ ન હોય તેમને માટે પાશ્ચાત્ય વિચારો મેળવીને કરેલું વિવેકાનંદી મિશ્રણ બહુ જ અનુકૂળ થઈ પડ્યું. વિવેકાનંદે પરમહંસના અધ્યાત્મથી જીવનસુધારો કેમ થઈ શકે તે બતાવ્યું.'

કાકાસાહેબના નિબંધો અનુકરણીય છે. લલિત નિબંધ, પ્રવાસ નિબંધ, ચરિત્ર નિબંધ, ચિંતનાત્મક નિબંધ- બધામાં તેમને એકસરખી ફાવટ છે. નિબંધની વર્ણ્ય વસ્તુ સાથોસાથ તેઓ પોતાનું વિશ્લેષણ મૂકતા હોય છે. જેમ કે આખરી દિવસોમાં પ્રજાએ પરમહંસને કષ્ટ આપ્યું એ નોંધ્યા પછી, તેઓ અફસોસ કરે છે કે આપણને સંતોનું દર્શન કરવું હોય છે, પણ તેમના જેવું વર્તન નહિ. રામકૃષ્ણને અવતાર ગણીએ તો આપણે જાતસુધારથી બચી જઈએ- 'અમે એમના જેવા તો ક્યાંથી થઈએ?' આપણે કૃષ્ણને પુરુષોત્તમ કહીએ અને રામને મર્યાદા પુરુષોત્તમ કહીએ ત્યારે તેમના જેવા થવાની આપણા માટે તક રહે છે.

રામકૃષ્ણ રૂપિયો અને માટીનું ઢેફું નદીમાં ફેંકતા. મકરંદ દવેની પંક્તિ સાંભરે, 'ઉપરવાળી બેંન્ક બેઠી છે આપણી માલંમાલ.. નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ!' પરમહંસે સલાહ આપી - કંચન અને કામિનીનો ત્યાગ કરો. આ 'શાસ્ત્રાજ્ઞા' નથી. ઘણાં સત્પુરુષો આના વિના પણ સાર્થક જીવન જીવ્યા છે. રામનો અને કૃષ્ણનો જ દાખલો લો ને. શારદામા અને પરમહંસ 'વિકાર' વગર સાથે રહ્યાં- આ 'વિકાર' શબ્દ કાકાસાહેબનું ગાધીવાદી માનસ સૂચવે છે. સદ્ ગુણી જીવનના 'પ્રકાર' હોય, તે 'વિકાર' ન પણ હોય. પરમહંસ દરેક શિષ્યને જુદો માર્ગ દાખવતા. એકનો માર્ગ બીજાને માટે નકામો. શિખર પર જવાના ભિન્ન ભિન્ન માર્ગ હોય; પણ તમે થોડો સમય એક માર્ગે ચાલે, પછી બીજે માર્ગે, પછી ત્રીજે માર્ગે, તો શિખર પર પહોંચી શકો?

કાર્ટૂન કોર્નર - કાનજી

પ્રેમ કરીએ તો પડઘાશે, સાદ પાડીએ તો સંભળાશે

લેન્ડસ્કેપ

સુભાષ ભટ્ટ

એ કયો જીવન-પાઠ છે જેને શીખવામાં તમને સૌથી વધુ સમય લાગ્યો?

-ઓપ્રા વિન્ફ્રે

વિશ્વખ્યાત સેલ્ફ હેલ્પ ટોક શો 'સુપર સોલ સન્ડે'ની હોસ્ટ ઓપ્રા વિન્ફ્રેનો આ સૌથી પ્રિય સવાલ હતો. આ શો લાગલગાટ દસ વરસ ચાલેલો અને સૌથી વધુ પ્રતિભાઓનો ઉત્તર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આવો હતોઃ મારી સમસ્યાઓ અને ઉકેલનું મુખ્ય કારણ હું છું.

આપણને અન્ય કોઈ જાણી અને નાણી ન લે, માપી અને પામી ન લે તે માટે આપણે કોઈને ઓળખી લેતાં નથી કે નથી ઓળખવા દેતા. આપણે મહોંરા પહેરીએ છીએ, ઉંચી દીવાલો રચીએ જેથી કોઈ ઓળખે કે આવે નહીં. આપણે અન્ય સામે નથી ખુલતા કે નથી કશું ખોલતા, નથી ખીલતા કે નથી કશાયમાં ખોવાતા. આપણે નથી કશું બોલતા કે નથી અન્યને સાંભળતા. ખરી વાત એ જ છે કે આપણે નથી જીવનને મળવા જતા કે નથી જીવન આપણને મળવા આવતું. જીવન ત્યારે જ આનંદ કે ઉજાસ પર્વ બને છે જયારે આપણે માત્ર અંધાર કે ઉજાસ નહીં આપણું હોવું પણ સૌ સાથે વહેંચીએ છીએ. આપણે જીવનમાં છેતરાણા છીએ તે આપણે કોઈને કહી શકતા નથી અને પરિણામે; પ્રેમ ન મળ્યો તેથી સત્તા, મૈત્રી ન મળી તેથી સંપતિ હાથવગી કરી છે. સ્વ ઓળખાયો નહીં તેથી આધિપત્ય માટે ઓળખ-અહં મોટા કર્યા છે. આપણે દસ હજાર માઈલ દૂર ચેટ કરીએ છીએ પણ પાડોશી સાથે કોર્ટમાં કેસ ચાલે છે.

દક્ષિણ આફ્રિકા-ઝિમ્બાવેમાં બાઓબાબ નામના એક વૃક્ષની પ્રજાતિ થાય છે. તેમાં ફળ આવતા દોઢસો-બસો વરસ થાય છે. કલ્પના કરો કે તે વૃક્ષને વાવનારમાં માનવ પ્રત્યેની આસ્થા કેટલી ઊંડી હશે! જયારે આપણે તો વીસ વરસના સંબંધ પછી પણ મોબાઈલમાં મિત્રની બ્લ્યુ ટીક ન આવે તો લાલ-પીળાં કે ખારા-કડવા થઇ જઈએ છીએ. આપણે આશાના ઉચ્ચતર ગણિતમાં નાપાસ થઈએ છીએ. આશા કોઈ નિષ્ક્રિય પ્રતીક્ષા કે પ્રાર્થના નથી પણ જીવંત-સક્રિય ભાગીદારી છે. આપણે દીવાલો બાંધી છે. પેંતરાના જાળાઓ રચ્યા છે. ચાલો તેને તોડીએ-વિખેરીએ. જૂનાં પ્રેમ-મૈત્રીના બંધ ખાતાઓને ફરી ખોલીએ. પીડા-દુખના સ્મરણોનો સામાન ચિત્તમાંથી ઉતારી નાખીએ. યાદ રાખીએ કે ભાંગેલા-તૂટેલા હૃદયમાં પ્રેમ-મૈત્રીની સંભાવના સૌથી વધારે હોય છે. તેથી આપણે સ્વયં જ બદલાઈએ. બાકી પાડોશીનું પંચાગ કે કેલેન્ડર ચોરી લેવાથી આપણને બાર મહિના વધારે નથી મળતાં. આપણી સાથે ચાલે છે તે દરેકની એકાદ નાનકડી કથા છે - તેની કથાની પળો આપણે વહેંચીએ. કશુંક શીખીએ, કશુંક શીખવાડીએ. અંતરના ઘાવ સંતાડવાથી નહીં ખોલી નાખવાથી રૂઝ આવે છે. પ્રેમ કરીએ તો પડઘાશે, સાદ પાડીએ તો સંભળાશે. અન્યને સાંભળવામાં અને કહેવામાં બન્નેના હૃદયનો ઉપચાર છે. વીતેલાં વરસો બદલાવી નહીં શકાય તેથી આપણે તો આપણી ઓસરી, ઓટલે અને આંગણે આવીને આવકાર બનીને ઉભા રહેવાનું છે. આજે-અત્યારે જ! આવતીકાલ તો મોડું કહેવાય.

એમ કહેવાય છે કે આપણે સૌ કે પૃથ્વી પરનો અહીંનો દરેક માણસ દિવ્યચેતના છે, આધ્યાત્મિક જીવ છે. અહીં પૃથ્વી પર તો આપણે માનવીય અનુભવ લેવા આવ્યા છીએ. દેવો છીએ પણ માનવ્યની પીડા સમજવા આવ્યા છીએ.

હોટલાઈન

અનુસંધાન

'ભારતીય સત્તાવાળાઓએ અમને સમયસર જાણ કરી નહોતી' એવું ઊલટું દોષારોપણ કરી તેમણે બોમ્બધડાકાના આ સૂત્રધારોને પહેલાં સાઉદી અરેબિયા અને પછી પાકિસ્તાન નાસી જવાનો માર્ગ મોકળો કરી આપ્યો.

૧૯૮૫થી કાયદાને હાથતાળી આપીને પહેલા દુબઈઅને બાદમાં પાકિસ્તાન સ્થાયી થયેલો અને ૧૫૦૦૦ કરોડ રૂપિયાનું વિરાટ વ્યાપારી સામ્રાજ્ય ધરાવતો માફિયાડોન દાઉદ ઈબ્રાહિમ આજે પણ ત્યાં બેઠાં બેઠાં મુંબઈની અંધારી આલમનો કારોબાર ચલાવે છે એ વાત તો હવે બધા જાણે છે. દાઉદના પગલે ભાઈ ઠાકુર, છોટા રાજન, શરદ શેટ્ટી જેવા બીજા અનેક નામીચા બદમાશો દુબઈ કે પાકિસ્તાન જઈને વસ્યા છે. તદુપરાંત ૪૫૦૦ કરોડ રૂપિયાના શેર-બેંકકૌભાંડમાં હર્ષદ મહેતા સાથે જેનું નામ સંડોવાયું હતું એ નિરંજન શાહ પણ દુબઈ ભાગી ગયો હતો ડ્રગ ટ્રાફિકિંગ (માદક દ્રવ્યોની દાણચોરી) અને હવાલા નેટવર્ક સંબંધિત કેસનો સામનો કરતા નિરંજન શાહ ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં દુબઈથી ભારત સફળતાપૂર્વક પ્રત્યર્પિત કરાયેલા પ્રારંભિક હાઇ-પ્રોફાઇલ આરોપીઓમાં તેનો સમાવેશ થાય છે.

બોફર્સદલાલ વિન ચઢાએ પણ વર્ષોથી દુબઈમાં આશરો મેળવ્યો હતો.બાદમાં તેમણે આરબ અમીરાતના સત્તાવાળાઓ પાસેથી પોતાનો પાસપોર્ટછૂટો કરાવી સ્વિત્ઝર્લેન્ડમાં વસવાટ કર્યો હતો.

અગાઉ માત્ર પાસપોર્ટ રદ કરવાના પગલાને કારણે વિન ચઢ્ઢાને ભારતસરકારને હવાલે કરી દેવાની વિનંતી કરતી અરજી પર અમેરિકન વહીવટી તંત્ર ધ્યાન આપી શકે નહીં એવું જણાવતાં અમેરિકાના વિદેશમંત્રાલયે એવી સ્પષ્ટતા કરી હતી કે આ પિતા- પુત્રે અમેરિકાના કોઈ પણ ધારાનો ભંગ ન કર્યો હોવાને કારણે બંનેને ભારતસરકારને હવાલે કરવાનું પગલું અમે લઈ શકીએ નહીં.

અમેરિકન માહિતીખાતા સાથે સંકળાયેલા એક અધિકારીએ જોકે આ વિષય પર ચર્ચા કરતાં એવું ઉમેર્યું કે બોમ્બધડાકાના સૂત્રધારો (મેમણ ભાઈઓ) જો દુબઈને બદલે અમેરિકા ભાગી ગયા હોત તો આકાશપાતાળ એક કરીને પણ એફ.બી.આઇ.ના એજન્ટોએ એમને શોધી કાઢી ભારતને હવાલે કરી દીધા હોત, કારણ કે ત્રાસવાદી કૃત્યો આચરનારા સામે તેમ જ કેફી દ્રવ્યોના વેપારમાં સંડોવાયેલા માફિયાને અમેરિકા અવ્વલ નંબરના શત્રુ ગણે છે.

પરંતુ 'ફેરા'ના નિયમોનો ભંગ કરવા બદલ ભારતસરકારની વિનંતી છતાં અમેરિકન વહીવટી તંત્રે એક્સ્ટ્રેડિશન ટ્રીટી હોવા છતાં બહુ મચક આપી નહોતી. ચઢાને ભારત પાછા મોકલી આપવા માટે આ કારણ પૂરતું નથી એવું જણાવી વોશિંગ્ટન ખાતેના ભારતીય રાજદૂતાલય સમક્ષ એવી સ્પષ્ટતા કરી હતી કે વિન ચઢ્ઢા અમારા દેશના કાયદાની અવહેલના કરે કે તેમના વીઝાની મુદત કરતાં વધુ સમય સુધી અમેરિકામાં રોકાવાનો ગુનો કરે તો અમે તેમને ભારત મોકલી આપવાનું પગલું લઈ શકીએ.

આ વિવાદ પછી ભારત તેમ જ અમેરિકન સત્તાવાળાને હાથતાળી આપી વિન ચઢા દુબઈ નાસી ગયા હતા. પાછળથી તે વર્ષ ૨૦૦૦માં અદાલતી કાર્યવાહીનો સામનો કરવા ભારત પરત ફર્યા હતો.

કાશ્મીરમાં હિંસાચારનું તાપણું ભડકાવવાનું ચાલુ રાખનાર પાકિસ્તાનતરફી મુસ્લિમ નેતાઓ પણ વારંવાર બ્રિટન જઈને આર્થિક સહાય મેળવે છે એવી વારંવારની રજૂઆત છતાં બ્રિટિશ સરકાર કાયમ એવી જ દલીલ કરતી રહી કે અમારે ત્યાં વાણી અને વ્યક્તિસ્વાતંત્ર્ય છે માટે અમે બ્રિટનના સામાન્ય કાયદા મુજબ શીખ પ્રવાસીઓ સામે કોઈ પગલાં ભરી શકીએ નહીં. છેવટે જ્યારે બ્રિટનમાં સાલસ અને વિનીત શીખો ઉપર અંતિમવાદી શીખોએ ખૂની હુમલા કર્યા અને સાઉથહોલમાં બોમ્બધડાકા થયા ત્યારે બ્રિટિશ સત્તાવાળાઓની સાન ઠેકાણે આવી. દેશની આંતરિક કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાશે એવું જણાતાં જહોન મેજરે ઉતાવળે ભારત સાથેની એક્સ્ટ્રેડિશન ટ્રીટી પર સહીસિક્કા કર્યા!

જોકે દુબઈમાં દાઉદના જીવને ખતરો હોવાથી વર્ષો પૂર્વેજ તેણે પાકિસ્તાન જઇને આઇ.એસ.આઇ.ની છત્રછાયામાં રહેવાનું મુનાસિબ માન્યું હતું. હાલમાં બીજી તરફ પંજાબ નેશનલ બેંક કૌભાંડ, છેતરપિંડી અને મની લોન્ડરિંગના આરોપો ધરાવતા નીરવ મોદીને યુકેની અદાલતોએ ભારત પ્રત્યર્પિત કરવાની મંજૂરી આપી દીધી છે, પરંતુ વિવિધ કાયદાકીય અપીલો અને અરજીઓના કારણે પ્રક્રિયા વિલંબિત થઈ રહી છે. મેહુલ ચોકસીને પણ આવા જ સંજોગોમાં ભારત પાછો લાવી શકાયો નથી. નીરવ મોદી સાથે નિકટના સંબંધ ધરાવતા મેહુલ ચોકસીનો કેસ પણ જાણીતો છે. ૬૫ વર્ષના હીરાના વેપારી મેહુલભાઇ નીરવ સાથે મળીને કુલ રૂા.૧૩,૫૦૦ કરોડના નાણા કૌભાંડમાં સંડોવાયેલા મનાય છે. ૨૦૧૮ થી મેહુલ ચોકસી એન્ટિગુઆ અને બાર્બુડામાં નાગરિકતા મેળવીને રહે છે. ત્યાર બાદ કેન્સરની સારવાર માટે તે બેલ્જિયમ શીફ્ટ થઇ ગયો. જ્યાં ભારતની પ્રત્યાર્પણ માટેની વિનંતીને લીધે બેલ્જિયમ સરકારે એન્ટવર્પમાં ધરપકડ કરી. પરંતુ ત્યાર બાદ ઉપરા-છાપરી ઘટના ચક્ર એવું ઝડપથી ફરી ગયું કે અપહરણ, માંદગી, ભારત સરકાર હેરાન કરશે, ભારતીય જેલો ગંદી અને ભ્રષ્ટાચારથી ખદબદે છે એવા આરોપો- બહાના કાઢી કાનૂની ગુંચવાડો પેદા કર્યો છે. જેથી નીરવની માફક મેહુલ ચોકસીનું પ્રત્યાર્પણ થઇ શક્યું નથી.

ઈન્ટરપોલ રેડ કોર્નર નોટિસ હોવા છતાં, દાઉદ પાકિસ્તાનમાં હોવાના અહેવાલો અને પાકિસ્તાન સાથે કોઈ પ્રત્યર્પણ સંધિ ન હોવાને કારણે તેને ભારત લાવવો શક્ય બન્યું નથી.

અગાઉ આરબ અમીરાત પરસ્પર ગુનેગારોની સોંપણી બાબત આવું જક્કી વલણ ધરાવતી નહોતી. ઓગસ્ટ, ૧૯૮૪માં ઈન્ડિયન એરલાઈન્સના વિમાનનું અપહરણ કરી બે. શીખ ત્રાસવાદીઓ દુબઈ નાસી ગયા ત્યારે સ્થાનિક પોલીસે તેમની તત્કાળ ધરપકડ કરી હતી અને પાછળથી ભારતસરકારની વિનંતીને માન આપી એ યુવાનોની સોંપણી દિલ્હીપોલીસને કરી દીધી હતી.

પારિજાતનો પરિસંવાદ

અનુસંધાન

પરિણામે મેયર જીન-પૉલ અકાયેસુ સામે નરસંહાર માટે જાહેરમાં ઉશ્કેરણી, હત્યા, ત્રાસ, બળાત્કાર અને માનવતા વિરુદ્ધનાં ગુનાઓ સહિતના પંદર આરોપ મુકવામાં આવ્યા.

નાવી પિલ્લુએ ન્યાયાધીશ તરીકે ઉપલબ્ધ પુરાવાઓનું મુલ્યાંકન કરવાનું હતું. અકાર્યસુની મેયર તરીકે જાતીય હિંસા વિશેની જવાબદારી નક્કી કરવાની હતી અને સૌથી વધુ તો નરસંહારના ગુનામાં જાતીય હિંસાની ભૂમિકા કેવી રીતે સામેલ થઈ શકે એ અંગે કાનુની સિદ્ધાંતો સ્પષ્ટ કરવાના હતા. ન્યાયાધીશોએ સર્વ સંમતિથી ચુકાદો આપ્યો. એની સુનાવણી દરમિયાન મહિલાઓએ તાબા વિસ્તારમાં આશ્રય મેળવવા ગયા, ત્યારે તેમની સાથે થયેલી જાતીય હિંસા અંગે જુબાની આપી. આ પુરાવાઓનાં આધારે તારણ કાઢવામાં આવ્યું કે અકાયેસુએ આવી હિંસાને પ્રોત્સાહન આપ્યું હતું અને એ તુત્સી સમુદાયના વિનાશની પ્રક્રિયાનો ભાગ બન્યો હતો. એને આજીવન કેદનો ચુકાદો સંભળાવવામાં આવ્યો. આ ચુકાદાની વિશેષતા એ છે કે આંતરરાષ્ટ્રીય અદાલતે પહેલી વાર નરસંહારનાં ગુનામાં જાતીય હિંસાને સ્પષ્ટ રૂપે સામેલ કરી. એણે એવો સિદ્ધાંત સ્થાપિત કર્યો કે જો બળાત્કાર અથવા અન્ય જાતીય હિંસા કોઈ સંરક્ષિત સમુદાયનો સંપૂર્ણ કે આંશિક નાશ કરવાના ઈરાદાથી કરવામાં આવે તો તે નરસંહારનો ગુનો બની શકે છે.

આનો અર્થ એટલો કે દરેક બળાત્કાર આપમેળે નરસંહાર ગણાય. અંતે મેયર અકાયેસુને એમના પર લગાડવામાં આવેલા પંદરમાંથી ૯ આરોપોમાં દોષિત ઠેરવવામાં આવ્યા અને એમને આજીવન કેદની સજા ફટકારવામાં આવી. આ કેસમાં પીડિત મહિલાઓની જુબાની અને એમના અનુભવોને આંતરરાષ્ટ્રીય ન્યાયની પ્રક્રિયામાં મહત્ત્વનું સ્થાન મળ્યું અને એ રીતે નાવી પિલ્લેએ એક ન્યાયાધીશ તરીકે માનવઅધિકારોનું રક્ષણ કરવાની સાથે કાયદાનું જ્ઞાન, પુરાવા એકત્ર કરવાની ક્ષમતા અને અન્યાય સામે લડવાનું પ્રબળ મનોબળ બતાવ્યું, પણ હજી એને એવી કેટલીય લડાઈ બાકી લડવાની હતી કે જ્યાં એના પરિવાર પર જોખમ હતું, કે પછી જ્યાં એને નેલ્સન મંડેલા જેવા વિશ્વપ્રસિદ્ધ માનવતાવાદી નેતા પર રોબિન આઈલેન્ડના જેલ અધિકારીઓ સામે કાનૂની કાર્યવાહી કરવાની હતી.

નોબેલ પારિતોષિક મેળવનારી નાવી પિલ્લેની માનવ અધિકારો માટેની લડતનાં અનેક આયામો છે, અવકાશે એ વિશે વધુ જોઈશું.

ઝાકળઝંઝા

અનુસંધાન

શરૂઆતમાં બંને વચ્ચે અંતર હતું. પગલાં મેળવવામાં તકલીફ પડતી હતી. બંને એકબીજાને એડજસ્ટ કરવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં, પણ એમાં માત્ર મિકેનિકલ પ્રયત્ન હતો.

અચાનક નિશાંતને બાપુજીના શબ્દો યાદ આવ્યા : 'કોઈ એક જણે તો પહેલાં શરત છોડવી પડે.'

નિશાંતે નિયાની કમર પરનો પોતાનો હાથ સહેજ હળવો કર્યો. તેણે પોતાની બધી લીડ છોડી દીધી. તેણે નિયાની આંખોમાં જોયું અને સંપૂર્ણપણે સમર્પિત થઈ ગયો. તેણે મનોમન નક્કી કર્યું : 'આજે મારે સાબિત નથી કરવું કે સારો ડાન્સર કોણ છે. મારે માત્ર એની સાથે રહેવું છે. એ જેમ નાચશે, હું એને સંભાળી લઈશ.'

નિશાંતના સ્પર્શમાં આ નરમાશ આવતાં જ ચમત્કાર થયો.

નિયા, જે હંમેશા કંટ્રોલ પોતાના હાથમાં રાખવા ટેવાયેલી હતી, તેણે નિશાંતના આ અણધાર્યા સમર્પણનો અનુભવ કર્યો. નિશાંતે પોતાનો અહંકાર ઓગાળી દીધો હતો. નિયાના હૃદયમાં સરલાબહેનના શબ્દો ગુંજી ઊઠ્યા. તેને સમજાયું કે સામેની વ્યક્તિ લડવા નહીં, પણ પોતાને સાચવવા માટે હાથ ફેલાવીને ઊભી છે.

નિયાએ પણ પોતાનો બચાવ કરવાનો અહંકાર છોડી દીધો. તેણે પોતાનું માથું નિશાંતના ખભા પર ઢાળી દીધું. તેનાં પગલાં આપોઆપ નિશાંતના ધબકારા સાથે મેળ ખાવા લાગ્યાં. હવે ત્યાં કોઈ ગણતરી નહોતી કે કોણે ડાબો પગ ક્યારે ઉપાડવો.

સંગીત ધીમું હતું, પણ તેમનો તાલ અદભુત હતો. નિશાંત જ્યાં તેને ફેરવતો, નિયા પીંછાની જેમ વળી જતી અને નિયા જ્યાં એક ડગલું પાછળ ભરતી, નિશાંત ત્યાં તેની છત્રછાયા બનીને પહોંચી જતો. બે અલગ અસ્તિત્વ ઓગળીને એક લય બની ગયાં હતાં.

કેમ છે, દોસ્ત

અનુસંધાન

ક્યારીની મમ્મી મમતાદેવીએ તપોવનને ભાવપૂર્વક આવકાર્યો હતો. ભોજન બાદ થાકેલો તપોવન ગાઢ નિંદ્રામાં સરી પડ્યો હતો. ક્યારીએ જોયું કે ઊંઘમાં પણ થોડી-થોડી વારે તપોવન ડૂસકાં લઈ રહ્યો હતો.

સવારે તપોવન ઊઠ્યો ત્યારે ઘરના સૌ તેના ઊઠવાની રાહ જોઈને ડાઈનિંગ ટેબલ પર ચા-નાસ્તા માટે બેઠા હતા. તપોવનને ક્યારીના પપ્પા પાવનકુમારે પ્રેમથી બોલાવી પોતાની પાસેની ચેર પર બેસવા કહ્યું. ચા-નાસ્તો પત્યા પછી પાવનકુમારે કહ્યું : 'તપોવન એક નોકરી ચાલી ગઈ એમાં આટલું બધું નિરાશ થઈ જવાનું ? દુનિયામાં તારા માટે શું આ એક જ નોકરી હતી ? તપોવન તું તો હોશિયાર છે, તને ગમે ત્યાં નોકરી જરૂર મળી જશે ત્યાં સુધી તું મારી સાથે મારી ઓફિસમાં ચાલ. મારા પી.એ. તરીકે કામ કરવાનું. બોલ છે મંજૂર ?'

તપોવન ક્યારીના પપ્પાની ઉપકારભાવના જોઈને ગદગદ થઈ ગયો હતો. અને તપોવનને ક્યારીના પપ્પા પાવનકુમાર પોતાની સાથે કારમાં બેસાડીને પોતાની ઓફિસે લઈ ગયા હતા.

તપોવન પાછો ફર્યો ત્યારે તેના આનંદની કોઈ સીમા નહોતી. એણે ક્યારી અને તેના માતા-પિતાનો દિલથી આભાર માન્યો હતો અને કહ્યું હતું : 'પાવન અંકલ, આપેતો મને જીવવા માટેનો સહારો આપી દીધો. આપનો ખૂબ ખૂબ આભાર. બીજી નોકરી હું સત્વરે શોધી લઈશ. હવે મને મારે ઘેર જવા દો.'

અને તરત જ મમતાદેવી બોલી ઊઠ્યા હતા : 'તપોવન, તને અમારી ઓફિસમાં ફાવતું હોય તો બીજી નોકરી શોધવાની ક્યાં જરૂર છે ? અને તારે ઘરે તારે એકલા રહેવાની પણ ક્યાં જરૂર છે ? તારે અહીં અમારી સાથે જ રહેવાનું છે. ભવિષ્યમાં તારા અને ક્યારીનાં લગ્ન થશે પછી આ બધું તમારું જ છે ને !'

ક્યારી સાથેના લગ્નની વાત સાંભળી તપોવન અને ક્યારી બન્ને આશ્ચર્યમાં પડી ગયા.

ક્યારી બોલી ઊઠી : 'અરે, મમ્મી તમે આ શું બોલો છો ? તપોવનને મેં એ દ્રષ્ટિએ કદિ જોયો જ નથી. તપોવનનું ભોળપણ અને સાદગી, ઠાવકાપણું, ગાંભીર્ય અને વિનય આ બધાંથી હું પ્રભાવિત થઇ હતી. અરે મમ્મી, મેં તો તપોવનમાં બંધુત્વનાં દર્શન કર્યાં હતાં.

ક્યારીના મમ્મી મમતાદેવીએ ઘટસ્ફોટ કરતાં કહ્યું : 'ક્યારી, તું તપોવનની જિંદગીમાં એટલો બધો રસ લેતી હતી એટલે મેં અને તારા પપ્પાએ માન્યું હતું કે તું તપોવનને પસંદ કરે છે. અને એટલે જ અમે પણ તપોવનને લાગણી અને સ્નેહ આપ્યા.'

તપોવન શાંતિથી મમતાદેવી અને ક્યારીની વાત સાંભળી રહ્યો હતો. એણે કહ્યું : 'મમ્મીજી, અહીં બેસો મારી પાસે. તમારા ઉપકારો મને કબૂલ-મંજૂર છે. પણ એનું મૂલ્ય માંગવાની ઉત્સુકતા દેખાડીને કરોડોની કૃપાને તમે કોડીની કરી નાખી છે. ક્યારી પ્રત્યે મને સદ્ભાવ છે, આદર છે, લાગણી પણ ખરી. પરંતુ એ બધાને પ્રેમના દ્રષ્ટિકોણ સાથે જોડીને લગ્નને માર્ગે લઈ જવાનો મને હજી સુધી ખ્યાલ પણ નથી આવ્યો.'

'તપોવન, તારી વાત ખરી છે. શું કોઈ યુવતી નિ:સ્વાર્થપણે કોઈ યુવકને મદદરૂપ થવાનું ઔદાર્ય દેખાડી જ ન શકે ? દરેક સંબંધની એક શાન હોય છે, નોખું સ્વરૂપ હોય છે. તું એકલો રહેતો હતો એટલે મને તારા માટે લાગણી અને સહાનુભૂતિ પણ હતી. મેં ભાઈ ગણ્યો છે, તું એકલો છે - એટલે તારા રક્ષણ માટે સદાય હું તૈયાર રહીશ.'

'હા, ક્યારી, લગ્ન માટે તો મને અનેક છોકરીઓ મળી રહેશે પણ તારાં જેવી બહેન મને નહીં મળે. તારી મારા પ્રત્યેની લાગણીમાં ભગિનીના ઘોડાપૂર છે, નિર્મળ લાગણી છે. આકર્ષણ નથી પણ શુધ્ધ ભગિની પ્રેમ છે. ક્યારી, મારાં જીવનમાં આવવા બદલ તારો ખૂબ ખૂબ આભર મારી બેના.'

સરદાર @150

અનુસંધાન

તે નગર ગોધરામાં, પહેલી ગુજરાત રાજકીય પરિષદના પ્રસંગે ગાંધીજી સાથે કામ શરૂ કર્યું. આ પરિષદ ગુજરાત સભાએ બોલાવી હતી, અને વલ્લભભાઈ તેમાં પૂરેપૂરા સંમિલિત થયા હતા, કારણ કે હવે તેઓ ગાંધીપ્રભાવના રંગે રંગાઈ ગયા હતા. તેથી એ સભામાં કારોબારી સમિતિના મંત્રી તરીકે ગાંધીજીએ વલ્લભભાઈને સોંપેલી મંત્રી પદની જવાબદારી તેમણે સહર્ષ સ્વીકારી લીધી. એ પછીની આઝાદીની ચળવળ માટેની મોટી કામગીરી વલ્લભભાઈએ ૧૯૧૮ના ખેડા સત્યાગ્રહમાં કરી હતી.

આ પગરણના પરિણામે વલ્લભભાઈની વકીલાત ઘટતી ગઈ, અને ગાંધીસેવક તરીકેની સક્રીયતા વધતી ગઈ. સાથોસાથ પેલું અંગ્રેજ જીવન પિગળ્યું અને ગાંધીજીવન પાંગર્યું.

વલ્લભભાઈનું વકીલ જીવન ૧૯ વર્ષનું. ૧૯૦૦થી ૧૯૧૦ સુધી ગોધરા અને બોરસદે, એ પછી ૧૯૧૯ સુધી અમદાવાદે. પરંતુ એમાંય છેલ્લાં બે વર્ષ, ૧૯૧૮ અને ૧૯૧૯માં તેમની વકીલાત ઘણી મંદ અને દેશોદ્ધાર સેવા ઘણી આક્રમક અને સક્રીય. છેલ્લે, ૧૯૧૯માં રોલેટ એક્ટના વિરોધમાં નડિયાદમાં રેલ્વેના પાટા ઉખાડી નાખવાના કેસમાં વલ્લભભાઈએ ગાંધીસૈનિકોને નિર્દોષ છોડાવવા કાળો ડગલો પહેરેલો. એ પછી છોડ્યો તે છોડ્યો. ખાદી ધોતી પહેરી તે પહેરી. ત્યારપછી વલ્લભભાઈના જીવનનો ગાંધીજીના દેખતા અનુયાયી તરીકેનો, સત્યાગ્રહના સરદાર તરીકેનો, અખંડ ભારતના ઘડવૈયા તરીકેનો વગેરે જીવનનકશો તો ખુલ્લી કીતાબ જેવો છે. જ્યારે આ લેખમાળાએ ઉપસેલો 'સરદાર બિફોર ગાંધી'નો ચહેરો ઘણો ઓછો જાણીતો છે.

આજે, બરાબર બે વર્ષે, એકસો એક લેખની માળા વલ્લભભાઈના પૂર્વજીવનની ગાથા ગાઈને, વકીલ વલ્લભભાઈની જેમ અલવિદા થાય છે. કારણ કે હવે પછી તો આઝાદ ભારત માટેના લડવૈયા સેવક સરદાર પટેલનું સ્વાગત થઈ ચૂક્યું છે.

સિનેમા એક્સપ્રેસ

અનુસંધાન

સૌનું કહેવું છે કે આરાધ્યા કો બોલિવુડ મેં લોન્ચ તો અપુન હી કરેગા. સાંભળવા મળ્યું છે કે જે પ્રોડ્યુસર પોતાની ફિલ્મમાં અભિષેક બચ્ચનને પણ રોલ આપશે એને પ્રાયોરિટી આપવામાં આવશે.

■ હા, આરાધ્યા પેટમાં હતી ત્યારે જે આગોતરા કોન્ટ્રેક્ટ બનેલા તેમાં એક કોમન કલમ એવી હતી કે સંતાન દેખાવમાં મા પર જવું જોઈએ. જો તે બાપ પર ગયું તો કોન્ટ્રેક્ટ કેન્સલ. સદભાગ્યે આરાધ્યા ઐશ્વર્યા પર ગઈ એટલે કોન્ટ્રેક્ટ રદબાતલ ન થયા.

■ આરાધ્યાની સ્કૂલના એક પ્રોજેક્ટનો વિષય હતોઃ 'મારી મમ્મી'. તેણે લખ્યું, 'મારી મમ્મી ખૂબ સુંદર છે. લોકો તેને જોવા ટિકિટ ખર્ચીને થિયેટરમાં જાય છે, જ્યારે મારે તેને જોવા માટે ઘેર જવું પડે છે!' શિક્ષકે નિબંધ વાંચીને આરાધ્યાને પૂરા દસમાંથી દસ માર્ક આપ્યા.

■ ઐશ્વર્યા જ્યારે ફિલ્મોમાં દિવસ-રાત કામ કરતી હતી ત્યારે જરૂર નહોતી છતાં મેકઅપમેન એની સુંદરતા વધારવા માટે કલાકો સુધી મહેનત કરતા. હવે એક મેકઅપ કંપનીએ નવી જાહેરાત બહાર પાડી છેઃ 'અમારી પ્રોડક્ટ્સ વાપરો અને ઐશ્વર્યા જેવા દેખાઓ!' જાહેરાત જોયા પછી ઐશ્વર્યાના ચાહકોએ કંપનીને પૂછ્યું, 'અમે જો તમારું મોંઘુદાટ ક્રીમ ખરીદીએ તો સાથે મિસ વર્લ્ડનો તાજ ફ્રીમાં મળશે?' કંપનીએ જવાબ આપ્યો, 'ના, પણ ક્રીમ લગાવ્યા પછી અરીસામાં જોશો તો તમે પોતે જ મિસ વર્લ્ડ બની ગયા છો તેવો અનુભવ કરી શકશો તે વાતની ગેરંટી છે!'

■ એક આંતરરાષ્ટ્રીય સૌંદર્ય સ્પર્ધામાં આયોજકોએ નવી કેટેગરી શરૂ કરીઃ 'સૌથી લાંબા સમય સુધી સ્વરૂપવાન રહીને ટાઇટલ જાળવી રાખનાર સુંદરી'. આ કેટેગરીમાં ઐશ્વર્યાનું નામ જાહેર થતાં જ બીજી ભૂતપૂર્વ રૂપસંદરીઓએ વિરોધ નોંધાવ્યો. તેમનું કહેવું હતું કે જો ઐશ્વર્યા ભાગ લેવાની હોય તો પછી વિનર એ જ બનેને! ઐશ્વર્યાની ઉમેદવારી દૂર કરો, નહીં તો અમે કોઈ હરીફાઈમાં ઉતરીશું જ નહીં. લેટેસ્ટ માહિતી મુજબ, જો બ્યુટી કોન્ટેસ્ટના આયોજકો આ માગણી નહીં સ્વીકારે તો દુનિયાભરની ભૂતપૂર્વ રૂપસુંદરીઓ દિલ્હીના રામલીલા મેદાનમાં પ્રોટેસ્ટ કરશે. આ વિરોધ પ્રદર્શનની આગેવાની સુસ્મિતા સેન લેશે.

■ ઐશ્વર્યાએ મણિરત્નમની 'પોન્નિયિન સેલ્વન' નામની ફિલ્મમાં નંદિનીનો રોલ કર્યો ત્યારથી ઐતિહાસિક ફિલ્મોના નિર્માતાઓ મૂંઝવણમાં મુકાઈ ગયા છે. એક નિર્માતાએ ઈતિહાસકારને પૂછ્યું, 'મારે ઐશ્વર્યાને લઈને એક મહારાણીના જીવન પરથી ફિલ્મ બનાવવી છે. તમે કોઈ ઐતિહાસિક પાત્ર સજેસ્ટ કરો.' ઈતિહાસકારે કહ્યું, 'પહેલાં નક્કી કરો કે તમારે ફિલ્મમાં ઈતિહાસ બતાવવો છે કે ઐશ્વર્યાની સુંદરતા?' નિર્માતા કહે, 'કેમ? બંને એકસાથે ન બતાવી શકાય?' ઈતિહાસકારે જવાબ આપ્યો, 'ના, ન બતાવી શકાય. જો ઐશ્વર્યા હિરોઈન હશે તો ઓડિયન્સ એની સુંદરતા જ જોયા કરશે અને પછી એમને એ વાતમાં ધ્યાન જ નહીં રહે કે છેલ્લે યુદ્ધ કોણ જીત્યું!'

■ ઐશ્વર્યા સોશિયલ મીડિયા પર કોઈ તસવીર મૂકે એટલે ધડાધડ લાઈક્સ આવવા માંડે. એક સંશોધકે આ ઘટનાનો અભ્યાસ કરવા માટે કમ્પ્યુટર બનાવ્યું. તેણે ઐશ્વર્યાની તસવીર અપલોડ કરી. થોડી જ વારમાં કમ્પ્યુટર ગરમ થઈ ગયું. સંશોધકે કમ્પ્યુટર એન્જિનીયરને બોલાવીને પૂછ્યું, 'આમાં શું ખામી છે?' એન્જિનીયરે જવાબ આપ્યો, 'મશીનમાં કોઈ ખામી નથી, સર. તમે એકસાથે આખી દુનિયાને ઐશ્વર્યાની તસવીરને લાઈક કરવાનું કામ સોંપી દીધું છે. આટલો બધો લોડ બિચારું કમ્પ્યુટર કેવી રીતે લઈ શકે? આટલાં પાવરફુલ કમ્પ્યુટર તો નાસા પાસે પણ નથી!'

■ યુનાઈટેડ નેશન્સ (યુએન)માં એક કમિટી બનાવવામાં આવી અને ઠરાવ પસાર કરવામાં આવ્યો કે ઐશ્વર્યા રાય બચ્ચનને આપણે વિશ્વશાંતિની પરમેનન્ટ એમ્બેસેડર બનાવી દઈએ. દુનિયામાં કોઈ પણ બે દેશો વચ્ચે યુદ્ધ થાય એટલે ઐશ્વર્યાને શાંતિ મંત્રણા માટે મોકલી આપવાની. ઐશ્વર્યાની વાત કોણ ન સાંભળે? એક કમિટી મેમ્બરે શંકા વ્યક્ત કરી, 'પણ યુદ્ધે ચડેલા બન્ને દેશો એવી માગણી કરે કે ઐશ્વર્યા સૌથી પહેલાં એમને ત્યાં આવે તો જ અમે યુદ્ધ પર પૂર્ણવિરામ મૂકીએ, તો આવી સ્થિતિમાં શું કરવું?' ઉગ્ર દલીલોને અંતે સ્પષ્ટ થયું કે કોઈ પણ દેશ આ મામલે નમતું નહીં જ જોખે. તેથી બીજો નિર્ણય લેવાયો કે એના કરતાં ઐશ્વર્યાને યુનાઈટેડ નેશન્સની સેક્રેટરી-જનરલ બનાવી દઈએ. વર્તમાન સેક્રેટરી-જનરલે કહ્યું કે, શ્યોર, 'જો ઐશ્વર્યા મારી સાથે સેલ્ફી પડાવે તો હું અબ્બીહાલ રાજીનામું લખી આપવા તૈયાર છું.' ઐશ્વર્યાને પત્ર લખીને ઓફિશિયલી પ્રસ્તાવ આપી દેવામાં આવ્યો છે. બસ, હવે ઐશ્વર્યાના જવાબની રાહ જોવાય છે!

શો-સ્ટોપર

બોલિવુડમાં બહુ ભાઈચારો છે ને એવી બધી વાતો સાવ બકવાસ છે. સચ્ચાઈ એ છે કે કોઈ એક્ટરની ફિલ્મ હિટ થઈ જાય છે તો બીજા એક્ટરો બળી બળીને બેઠા થઈ જાય છે.

- મનોજ બાજપાયી

સ્પેક્ટ્રોમીટર

અનુસંધાન

દાઝ ન લાગે ને ગુજરાતની કાંઠાળ તળભૂમિના વગડામાં પવનમાં ફરફરતી લટો સાથે ધારિયું લઈ ઉભેલી યુવતીના છૂંદણાવાળા બાવડાં જેવી તપેલી ગોરાશ પકડે ત્યારે પાકા તળાયેલા ઘૂઘરા ઉતારી લેવાય. મામી પાસેથી આ નજરે જોઈ શીખવા મળ્યું. અને એ ખાવામાં જેને કેલેરી યાદ આવે એમને પિત્ઝા તો કેમ પચતો હશે મેંદા ને ચીઝથી લથબથ ? કોલ્ડ ડ્રિન્કમાં નખાતી દોથો ભરીને ખાંડ કેમ ગળે ઉતરતી હશે ?

ઘૂઘરા રમવાના બાળકો પાસેથી મોબાઈલે છીનવી લીધા , હવે આ ઘૂઘરા ય ક્યાંક એન્ટિક બનીને શો કેસમાં મુકાઈ ન જાય, એ માટે ગલોફામાં પાનની જેમ એ દાબી ને આ વાંચજો ! આ ઘૂઘરાનો ઈતિહાસ આશરે ૧૩મી સદી જેટલો જૂનો માનવામાં આવે છે, જેનો પ્રારંભિક ઉલ્લેખ પ્રાચીન ભારતીય ખાદ્ય સંસ્કૃતિમાં મળે છે. આ અર્ધચંદ્રાકાર વાનગી આમ મિષ્ટાન્ન જ. પણ રાજકોટ ને જામનગરે એમાં પણ તીખાશ ઉમેરી અલાયદા ઘૂઘરા બનાવ્યા છે તીખાંતમતમતા !

ઈતિહાસકારોના મતે, ઘૂઘરાનું પ્રારંભિક સ્વરૂપ ૧૩મી સદીમાં જોવા મળ્યું હતું, જ્યાં ઘઉંના લોટના પડની અંદર ગોળ અને મધનું મિશ્રણ ભરીને તેને સૂર્યના તાપમાં સૂકવવામાં આવતું હતું. પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં 'કરણિકા' નામની વાનગીનો ઉલ્લેખ છે, જે મધ અને સૂકા મેવાથી ભરપૂર પેસ્ટ્રી હતી અને આજના ઘૂઘરા કે ગુજરાત બહાર ગુજિયાનું જ પૂર્વજ સ્વરૂપ હોવાનું મનાય છે. તો કોઈ કહે છે કે ઘૂઘરાની બનાવટ અખાતી દેશો અને અરબ ના 'સામ્બુસા' (જેમાંથી સમોસા બન્યા) અથવા તુર્કીની પ્રખ્યાત ને અમુક રીતે મળતી આવતી મેંદાના તળેલા પડ અંદર મધ ને મેવાવાળી સ્વીટ 'બાકલાવા' પરથી પ્રેરિત હોઈ શકે. કહેવાય છે કે ૧૬મી સદી આસપાસ બ્રજ ભૂમિ (મથુરા-વૃંદાવન) માં આ વાનગીમાં માવો ઉમેરીને તેને નવું સ્વરૂપ અપાયું. ભગવાન શ્રીકૃષ્ણને પ્રસાદ તરીકે ધરાવવા માટે રાધા રમણ મંદિરમાં પાંચસો વર્ષ જૂની પરંપરા આજે પણ છે.

ગુજરાતીમાં 'ઘૂઘરો' એટલે નાનું રમકડું જે અવાજ કરે ને બાળકોને મોહી લે. આ મીઠાઈની અંદર જ્યારે રવો, કોપરું, સુકી દ્રાક્ષ, માવો, ખાંડ અને ડ્રાયફ્રૂટ્સનું પૂરણ ભરીને તેને હલાવવામાં આવે ત્યારે તેમાંથી રમકડા જેવો અવાજ આવતો હોવાથી અને તેની કિનારીઓ ગૂંથીને આકર્ષક આકાર અપાતો હોવાથી તેનું નામ 'ઘૂઘરા' પડ્યું. એને પેડકિયા પણ બહારના રાજ્યોમાં કહે, મહારાષ્ટ્રમાં કરંજી ને આંધ્રમાં કજ્જીકાયાલુ પણ કહે !

પ્રદેશે આ ભિન્નતા તો રહેવાની. કાઠિયાવાડમાં ચણાના લોટમાં અજમો, મરી, હળદર અને મોણ નાખીને કઠણ લોટ બાંધી, તેને ખાંડીને નાની પૂરીની જેમ વણીને તેલમાં તળીને 'વાનગી' બને જે બહાર પ્રચલિત નથી ને અમદાવાદ નડિયાદ ઉત્તર ગુજરાત બાજુ મઠની દાળમાંથી તળી શકાય એવા મઠિયાં બને જે ઈન્સ્ટાગ્રામ યુગમાં પણ હજુ સૌરાષ્ટ્રમાં ટ્રેન્ડ નથી કરતા.

મૂળ તો તહેવારમાં બનાવેલા આવા નાસ્તા તેલ કે ઘીને લીધે લાંબો સમય બગડે નહિ ને મુસાફરીમાં સાથે લઇ શકાય એમ એ લોકપ્રિય થતા ગયા. ખેર, સ્વાદ સિવાય દિવાળી પર બોનસ તો આ વાનગીઓ બનાવવાનું હતું ઘેર. રેડીમેઈડ હોમ ડિલિવરી નહિ પણ ઘર આખું જોતરાય એમાં એની મજા હતી. કોઈ લોટ બાંધે, કોઈ સંચો પાડીને આકાર આપે અને એક કોઈ તળે... નાના બાળકો જોડાય , સાસુ વહુ નણંદ ભોજાઈ કે દેરાણી જેઠાણી વચ્ચે સહકારનું ગઠબંધન થાય. પાડોશીઓ કે મિત્રો મદદ કરે. ઘરના પુરુષો પણ માત્ર ખાવા ના ગોઠવાય ને બનાવવામાં ટેકો કરે, એક ફેમિલી ફ્લેવર ઉમેરાતી આમાં.

તૈયાર ભાણે બેસવામાં એ સોડમ ક્યાં ?

ફાસ્ટ ફોરવર્ડ

' સ્વાદ એક એવી સેન્સ છે જેમાં જે તે ચીજને સંપૂર્ણ આરોગીને આપણી અંદર સમાવી દેવી પડે. ખાલી જોઈને, અડીને, સાંભળીને, સુંઘીને દૂર રહો એવું આમાં નથી.'

- (એલન દુકાસ)

રેતીમાં દટાયેલી પોલીસ ફાઈલ : અઢાર ખોપરીઓ, એક અધૂરો ગુનો

ફ્યુચર સાયન્સ

કે.આર.ચૌધરી

પ્રાચીન ઈજિપ્તના પ્રથમ રાજવંશના ગાળામાં એટલે કે, લગભગ ઈ.સ. પૂર્વે ૩૦૭૦થી ૨૯૦૦ના સમયગાળામાં, મહાન રાજાઓની કબરોની આસપાસ સેંકડો લોકોને, કાયમી નિંદ્રામાં પોઢાડી દેવાયા હતા. શું આ માણસો કુદરતી રીતે કાળધર્મ પામ્યા હતા? કે પછી પોતાના સમ્રાટની પરલોકમાં સેવા કરવા માટે તેમનો ક્રૂર ભોગ લેવાયો હતો? એક સદી કરતાંય વધુ સમય સુધી આ પ્રશ્ન, ઈતિહાસના પુસ્તકોમાં, એક વણઉકેલ્યા રહસ્યની જેમ બંધ રહ્યો હતો. જાણે વર્ષો જૂની કોઈ વણઉકેલાયેલી પોલીસ ફાઈલ, અત્યાધુનિક ફોરેન્સિક તકનીક વડે પુનઃ ખોલવામાં આવી હોય, તેમ અબીડોસની ધરતીમાં દટાયેલાં હાડકાંઓ, એક તદ્દન નવી ભાષામાં બોલવા લાગ્યાં છે. અમેરિકાની પરડ્યુ યુનિવર્સિટીનાં જાણીતાં, બાયોઆર્કિયોલોજિસ્ટ રોઝલિન એ. કેમ્પબેલે, ૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પ્રતિષ્ઠિત સંશોધન પત્રિકા 'ફ્રન્ટિયર્સ ઇન એન્વાયરન્મેન્ટલ આર્કિયોલોજી'માં, એક નવો વિસ્ફોટક અભ્યાસ પ્રગટ કર્યો છે. તેમણે ઉમ્મ અલ-કાબ ખાતેથી સચવાયેલી ૪૯ પ્રાચીન ખોપરીઓની, આધુનિક ફોરેન્સિક પદ્ધતિઓ દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. આ નવો વૈજ્ઞાનિક પુરાવો વર્ષો જૂની 'રિટેનર સેક્રિફાઇસ' એટલે કે, માનવબલિની પરિકલ્પનાને મજબૂત ભૌતિક ટેકો ચોક્કસ આપે છે. પરંતુ તમામ વ્યક્તિઓનો ભોગ લેવાયો હતો! એવું આંધળૂકિયું અનુમાન પણ બાંધી શકાતું નથી. જેથી સદીઓ જૂનું આ રહસ્ય હજુ પણ આંશિક રીતે અકબંધ છે.

હાડકાંની અદાલતમાં

પ્રથમ રાજવંશના શાસકોની કબરો, અબીડોસના ઉમ્મ અલ-કાબના રેતાળ પટમાં આવેલી છે. તેમની ફરતે અસંખ્ય નાની ઉપકબરો, એક ચોક્કસ યોજના મુજબ રચાયેલી જોવા મળે છે. જેમ કોઈ ભવ્ય લગ્નમંડપમાં મહેમાનો માટે, ખુરશીઓ એકસરખી હરોળમાં ગોઠવાયેલી જોઈને, સામાન્ય માણસ પણ સમજી જાય કે 'આ ગોઠવણ પૂર્વનિર્ધારિત અને સુઆયોજિત છે' એ ઉપકબરોની આશ્ચર્યજનક સંગઠિત ગોઠવણી નિહાળીને, આજથી સો વર્ષ પૂર્વે સર ફ્લિન્ડર્સ પેટ્રીના મનમાં વહેમ જાગ્યો હતો કે 'આ દરબારીઓ અને પરિચારકોને રાજા સાથે અનંત યાત્રામાં સેવા અર્થે મારી નાખવામાં આવ્યા હશે.' આ પ્રથાને પુરાતત્ત્વશાસ્ત્રમાં 'રિટેનર સેક્રિફાઇસ' તરીકે ઓળખવામાં આવે છે. પેટ્રીનો તર્ક સંપૂર્ણપણે પુરાતત્ત્વીય સંદર્ભ અને અવકાશ રચના પર આધારિત હતો. કબરોની વિરાટ સંખ્યા અને તેમનું એકીસાથે થયેલું બાંધકામ જોતાં, કુદરતી મૃત્યુ બાદ થયેલી છૂટીછવાઈ દફનવિધિની શક્યતા, ઘણી ઓછી જણાતી હતી.

પરંતુ તે સમયે પેટ્રીને મૃતકનાં હાડકાં પર કોઈ ચોક્કસ ઘા કે જીવલેણ ઈજાનાં ભૌતિક નિશાન મળ્યા નહોતા. પરિણામે આ પરિકલ્પના પૂરી એક સદી સુધી શંકાના દાયરામાં રહી હતી. આ કારણે જ વિદ્વાનો બે જુદા જુદા મંતવ્યોમાં વહેંચાયેલા રહ્યા હતા. પુરાતત્ત્વીય અંદાજો અનુસાર અબીડોસ, સક્કારા, અબુ રવાશ અને ગીઝામાં પ્રથમ રાજવંશનાં સ્મારકો રચાયા હતા, આશરે બે હજાર લોકોને દફનાવવામાં આવ્યા હતા. છતાં તેમના અંતિમ શ્વાસ પાછળના સંજોગો અંગે વિવાદોનો અંત આવ્યો નહોતો. વિખ્યાત ઇતિહાસકાર ટોબી વિલ્કિન્સને પોતાના સંશોધન ગ્રંથ 'અર્લી ડાયનેસ્ટિક ઈજિપ્ત'માં, આ પુરાતન યુગની દફન પરંપરાઓની ઝીણવટભરી અને રસપ્રદ છણાવટ કરી છે. આથી મોટા ભાગના ઈજિપ્તશાસ્ત્રીઓ, 'રિટેનર સેક્રિફાઇસ'ને અત્યંત ટૂંકજીવી પ્રથા તરીકે મૂલવે છે. સમય જતાં રાજવંશોમાં નવો વળાંક આવ્યો, કબરોમાં સાચેસાચ જીવતા માણસોને ધરબી દેવાને બદલે, 'ઉશબ્તી' તરીકે ઓળખાતાં, પ્રતીકાત્મક માટી કે લાકડાનાં પૂતળાં મૂકવાનો, નવો રિવાજ શરૂ થયો.

તિરાડો કંઈક કહે છે! પણ બધું નહીં.

સરળ ભાષામાં કહીએ તો કેમ્પબેલે, સદીઓથી મૌન પડેલી પ્રાચીન ખોપરીઓને, ફરી વિજ્ઞાનની ભાષામાં વાચા આપી છે. વિજ્ઞાન સામે મુખ્ય પડકાર, અસ્થિ પર થયેલા અસ્થિભંગના ચોક્કસ સમયગાળાને નક્કી કરવાનો હતો. તેને સમજવા માટે એક સરળ ઉદાહરણ લઈએ : વૃક્ષની કોઈ લીલી ડાળખી પર પ્રહાર થાય ત્યારે, તે વળીને એક વિશિષ્ટ ચીરો બનાવે છે. જ્યારે લાંબા સમયથી પડેલી સૂકી લાકડી પર ફટકો વાગતાં, તે કડાકો કરીને એકદમ સપાટ અને સીધી તૂટી જાય છે. માનવ હાડકાંમાં પણ આવો જ બાયોમેકેનિકલ ગુણધર્મ હોય છે. તાજા, જીવંત હાડકા પર થતી તિરાડની લવચીક કિનારીઓ અને સૂકા અસ્થિ અને સપાટ વળાંક કરતાં સાવ જુદાં હોય છે.

કેટલીક ખોપરીઓમાં કોઈ ધારદાર શસ્ત્રથી થયેલા તીક્ષ્ણ ઘા પણ પકડાયા છે. કેમ્પબેલના ફોરેન્સિક તારણ અનુસાર, આવા પ્રચંડ ફટકાથી મગજમાં તીવ્ર આંચકો, ક્ષણાર્ધમાં બેભાન અવસ્થા, મગજનો આંતરિક રક્તસ્ત્રાવ અને ગણતરીની મિનિટોમાં મૃત્યુ નીપજી શકે છે. આજે મ્યુઝિયમોમાં સચવાયેલી ખોપરીઓ સંખ્યામાં, તે સમયે દફનાવાયેલા કુલ લોકોના માત્ર ૫% થી ૧૫% જેટલી જ છે. તેથી ૩૯%માં ઈજા મળવાનો અર્થ, એવો ક્યારેય ન કરી શકાય કે 'તમામ લોકો આ જ રીતે માર્યા ગયા હતા.' આ ઉપરાંત ગળું દબાવીને શ્વાસ રૂંધવો કે ઝેર આપવા જેવી હત્યા પદ્ધતિઓ, હાડકાં પર કોઈ કાયમી ભૌતિક નિશાન છોડતી નથી. કબરોમાંથી નિતંબના હાડકાં ગાયબ હોવાથી, માત્ર માથાની રચના પરથી મૃતકો સ્ત્રી હતી ? કે પુરુષ ? તે લિંગ નિર્ધારણ કરવું અત્યંત કઠિન બન્યું છે. શિલાલેખોમાં નોંધાયેલા પદો જોતાં, તેમાં શાહી મુદ્રાધારકો, નિરીક્ષકો, કુશળ કારીગરો અને રાજવી ચિકિત્સકો પણ સામેલ હતા. ટૂંકમાં આ તમામને માત્ર 'સેવક' ગણી લેવા વાજબી નથી. સમ્રાટે ખુદ આ ઘા કર્યા હતા? કે ભોગ બનનારાઓએ સ્વેચ્છાએ પોતાનું બલિદાન આપ્યું હતું? તેનો કોઈ લેખિત પુરાવો ઉપલબ્ધ નથી. આથી 'બધાની ફરજિયાત હત્યા જ થઈ હતી', તેવો એકતરફી દાવો કરવો, પુરાતત્વીય વિજ્ઞાન મુજબ અતિશયોક્તિભર્યો ગણાશે.

પાંચ હજાર વર્ષ જૂનો મુકદમો

આ સમગ્ર ઐતિહાસિક કથાનાં બે મુખ્ય પાત્રો, સો વર્ષથી વધુના સમયના અંતરે સામસામે ઊભાં છે. પ્રથમ પાત્ર છે. વિલિયમ મેથ્યુ ફ્લિન્ડર્સ પેટ્રી, જેમને વ્યવસ્થિત અને પદ્ધતિસરના પુરાતત્ત્વશાસ્ત્રના જનક માનવામાં આવે છે. ૧૮૯૨માં તેઓ લંડનની યુનિવર્સિટી કૉલેજ ખાતે, ઈજિપ્તશાસ્ત્રના સૌપ્રથમ એડવર્ડ્સ પ્રોફેસર બન્યા હતાં. ૧૯૨૩માં બ્રિટિશ હકૂમત દ્વારા તેમને નાઈટહૂડ એટલે કે 'સર'નો સર્વોચ્ચ ખિતાબ એનાયત થયો. અબીડોસની પ્રાચીન કબરોના ઉત્ખનન પરથી, તેમણે 'ધ રોયલ ટોમ્બ્સ ઓફ ધ અર્લિએસ્ટ ડાયનેસ્ટીઝ' નામનો સીમાચિહ્નરૂપ ગ્રંથ રચ્યો હતો. પેટ્રી પોતે અસંખ્ય તૂટેલી ખોપરીઓ સુધી પહોંચ્યા હતા. તેના પર પડેલી તિરાડો પણ, તેમણે નજરે જોઈ હતી. પરંતુ આ તિરાડોને તેમણે સદીઓ સુધી ધરતીમાં દટાયા બાદ, વજનને લીધે થયેલું પોસ્ટમોર્ટમ નુકસાન માની લીધું હતું. આવું કેમ બન્યું? તે જમાનામાં હાડકું તાજું તૂટ્યું છે? કે મૃત્યુ બાદ સૂકાઈ ગયા પછી તૂટ્યું છે? તે પારખવા માટેની ટેક્નોલોજી, અસ્તિત્વમાં જ નહોતી. આ પેટ્રીની કોઈ વ્યક્તિગત ક્ષતિ નહોતી, પરંતુ તે સમયના વિજ્ઞાનની મર્યાદા હતી.

બીજા અંતિમ ઉપર આવે છે : રોઝલિન એ. કેમ્પબેલ. પરડ્યુ યુનિવર્સિટીનાં સમકાલીન સંશોધક અને બાયોઆર્કિયોલોજિસ્ટ. જેમ એક જૂના જમાનાનું સ્ટેથોસ્કોપ અને આજનું અદ્યતન એમઆરઆઈ સ્કેન, એક જ દર્દીના આંતરિક શરીરની સાવ અલગ વિગતો પ્રગટ કરે છે. તે રીતે કેમ્પબેલે 'ન્યુ ડેટા ફ્રોમ ઓલ્ડ બોન્સ' નામના સંશોધન દ્વારા, સંગ્રહાલયોમાં પડેલા જૂના અસ્થિ-અવશેષોને, અત્યાધુનિક ફોરેન્સિક નજરે તપાસ્યા છે. પેટ્રીની જૂની માનવબલિ વાળી પરિકલ્પના કદાચ સાચી હોઈ શકે, પરંતુ તે સમયની દફનવિધિઓ, કોઈ એક જ ઢાંચામાં ઢળેલી નહોતી. બલ્કે ઘણી વૈવિધ્યસભર હતી. કેમ્પબેલ સમજાવે છે કે, 'પેરીમોર્ટમ' એટલે કે વ્યક્તિના મૃત્યુની બરાબર આસપાસ થયેલી ઈજા અહીં જોવા મળેછે. દરેક અસ્થિ પાછળ, પ્રાચીન સમયના કોઈ અજ્ઞાત માનવીની કરુણ કહાણી સમાયેલી છે. આ નવા સંશોધનના સંદર્ભમાં જાણીતા અખબાર 'ધ ગાર્ડિયન'ના અહેવાલમાં, અન્ય પ્રખર ઈજિપ્તશાસ્ત્રીઓ સલીમા ઈકરામ અને ડૉન મેકકોર્મેકનો પણ ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ગુનો કે ગૌરવ? વિજ્ઞાનની કસોટી!

આ અદ્યતન અભ્યાસનું સાચું ગૌરવ, તેની કાર્યપદ્ધતિમાં સમાયેલું છે. સદીઓ અગાઉ ખોદાયેલા અને સંગ્રહાલયોના અંધારા ખૂણામાં, વર્ષોથી રઝળતા અસ્થિ-નમૂનાઓ પણ, આધુનિક ફોરેન્સિક દ્રષ્ટિકોણથી નવા ઐતિહાસિક જવાબો આપી શકે છે. જે વિશ્વભરના પ્રાચીન સંગ્રહોની પુનઃતપાસ માટે એક નવો વૈજ્ઞાનિક માર્ગ કંડારે છે. જાણીતા ઈતિહાસકાર ટોબી વિલ્કિન્સને, પોતાના પુસ્તક 'ધ રાઈઝ એન્ડ ફોલ ઓફ એન્શિયંત ઈજિપ્ત'માં, જે ભવ્ય સામ્રાજ્યના ઉદય-અસ્તની મહાગાથા વર્ણવી છે. આ પુરાવાઓ, તે સમયના શાસકોના આરંભિક મનોવિજ્ઞાન અને રાજ્યસત્તાના ઉદભવને, સમજવાની તક આપે છે. જો આ સામૂહિક નરસંહાર સાચે જ, રાજાની પ્રતિષ્ઠા વધારવા માટેનો ભોગ હોય, તો માનવું પડે કે સત્તાના પ્રારંભિક પ્રયોગોની કિંમત, નિર્દોષ માનવીઓ પોતાના લોહીથી ચૂકવતાં હતા. અહીં સૌથી મોટો ભય એ છે કે 'સદીઓ જૂનું રહસ્ય સદંતર ઉકેલાઈ ગયું છે.' જેવી અખબારી સનસનાટી, વૈજ્ઞાનિક પુરાવાઓની ગંભીર મર્યાદાઓ પર પડદો પાડી દે છે. જેમ કોઈ રોમાંચક ફિલ્મને ફાસ્ટ ફોરવર્ડ કરીને જોતાં, આપણે વાર્તાનાં મુખ્ય વળાંકો જ ચૂકી જઈએ! વળી બીજી વાત, ખોદકામ બાદ ઘણા અસ્થિ-અવશેષો કાયમ માટે ખોવાઈ ગયા છે. પરિણામે તે દરેક માનવીના છેલ્લા શ્વાસનું, સંપૂર્ણપણે વાસ્તવિક ચિત્ર, ક્યારેય સામે નહીં આવી શકે. 'ભારતીય પુરાતત્ત્વના ફલક પર પણ પ્રાચીન હાડકાં, આ જ રીતે આધુનિક વિજ્ઞાનની અદભુત ભાષામાં પુનર્જીવિત થયાં છે. ડેક્કન કૉલેજના જાણીતા પુરાતત્ત્વવિદ વસંત શિંદે અને તેમની વૈજ્ઞાનિક ટીમે, હરિયાણાના રાખીગઢી ખાતેથી ઉત્ખનન કરાયેલા એક હડપ્પીય હાડપિંજરના અતિપ્રાચીન ડીએનએનું રહસ્ય ઉકેલ્યું હતું. જે સંશોધન ૨૦૧૯માં વિશ્વપ્રસિદ્ધ વિજ્ઞાન પત્રિકા 'સેલ'માં પ્રગટ થયું હતું. અબીડોસની માફક જ, આવતીકાલે અત્યાધુનિક જૈવ-ભૌતિક વિજ્ઞાનની મદદથી, ગુજરાતના સિંધુ ખીણની સભ્યતાનાં કેન્દ્રો એવા લોથલ અને ધોળાવીરામાંથી મળેલાં અસ્થિઓ પણ, પોતાની વણકહી કથાઓ, માનવજાત સમક્ષ નવેસરથી રજૂ કરે તો નવાઈ નહીં લાગે.

પ્રશ્ન પૂછવાની બીમારી ફેલાયા કરે!

આજકાલ

પ્રીતિ શાહ

ઉત્તરપ્રદેશના ગાઝીપુરમાં જન્મેલી અર્ચના જૈસલે ગામડાંનાં બાળકો ઓછા ખર્ચે શિક્ષણ મેળવી શકે તે માટે તેણે 'શિક્ષા સાથી'ની શરૂઆત કરી છે. અર્ચનાએ અનુભવ્યું કે ગરીબ પરિવારો કોચિંગનો ખર્ચ કરી શકે તેમ નથી. અર્ચનાના પિતા જગદીશ રામે રીક્ષા ચલાવતા ચલાવતા અભ્યાસ કર્યો હતો. તેમની અભ્યાસ કરવાની ઘણી ઈચ્છા હોવા છતાં તેમની સત્તર વર્ષની ઉંમરે પિતાનું અવસાન થતાં ઘરની અને બહેનોના લગ્ન કરાવવાની જવાબદારી તેમના શિરે આવી. રીક્ષા ચલાવીને ગુજરાન ચલાવતા અર્ચનાના પિતાની અભ્યાસની લગની જોઈને સાથી રીક્ષા ચાલકે એમને કહ્યું કે તે રેલવેમાં નોકરી કરવા માટે અરજી કેમ નથી કરતા? તેના સૂચનથી તેમણે રેલવેમાં અરજી કરી અને નોકરી મળી ગઈ. તેઓ વારાણસી ગયા. નોકરીની સાથે બોર્ડ અને બેનર પેઈન્ટ કર્યા, ચિત્ર બનાવ્યાં, ટી-શર્ટ પર નામ અને નંબર લખ્યાં.

અર્ચનાના પિતા પરિવારને શહેરમાં લઈ આવ્યા, જેથી બાળકોનું ભવિષ્ય ઉજ્જ્વળ બને, પરંતુ જે બાળકોના ભવિષ્ય માટે આટલો સંઘર્ષ કર્યો તેવા અર્ચનાના પિતાનું અચાનક મૃત્યુ થયું. માતાને રેલવેમાં નોકરી મળી, પરંતુ પાંચ બહેન અને એક ભાઈ - સાત વ્યક્તિનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું. મોટી બહેને નોકરી શોધી અને અર્ચનાના અભ્યાસમાં મદદ કરવા લાગી. અર્ચનાએ બનારસ હિંદુ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર વિષયમાં બી.એ. અને એમ.એ.ની ડિગ્રી મેળવી. અર્ચનાને અધ્યાપક બનવું હતું, પરંતુ યોગ્ય માર્ગદર્શનના અભાવે તેની ઈચ્છા પૂર્ણ ન થઈ. તેણે અનુભવ્યું કે શિક્ષણ પરિવારની પરિસ્થિતિને બદલવામાં કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે અને યોગ્ય સમયે સહયોગ ન મળે તો પોતાના સ્વપ્નને સાકાર કરવું કેટલું મુશ્કેલ બને છે! આ જ બાબત તેણે ઉત્તરપ્રદેશના ગામડાંઓમાં જોઈ. જે બાળકો સ્કૂલે જતા હતા તેને કેટલાક પ્રશ્નો પૂછ્યા, પરંતુ તેણે જોયું કે સાતમા ધોરણમાં અભ્યાસ કરતાં બાળકો પણ પ્રશ્નનો સહેલાઈથી જવાબ આપી શકતા નથી. બીજું એણે જોયું કે ગામની છોકરીઓ માટે અભ્યાસ કર્યા પછી શહેરમાં જવાની સુવિધા હોતી નથી, તેથી તેમને કમાવાની તક ઓછી મળે છે.

અર્ચના ઇચ્છતી હતી કે શિક્ષણ માત્ર સ્કૂલના અભ્યાસ પૂરતું સીમિત ન રહે, પરંતુ વ્યક્તિમાં આત્મવિશ્વાસ ઊભો કરે

અર્ચનાએ ૨૦૨૨માં 'યોર કોચિંગ' નામની સંસ્થા શરૂ કરી અને ૨૦૨૩માં તેનું 'શિક્ષા સાથી' તરીકે રજિસ્ટ્રેશન કરાવ્યું. શિક્ષા સાથી દ્વારા ધોરણ એકથી બાર સુધી અભ્યાસ કરતાં બાળકોને કોચિંગ આપવાનું શરૂ કર્યું. નાના બાળકોની ફી સો રૂપિયાથી શરૂ કરીને બારમા ધોરણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ફી છસો રૂપિયા રાખી, જે બાળકો ફી ભરવા બિલકુલ અસમર્થ હોય તે અન્ય બાળકો સાથે અભ્યાસ કરી શકે તેવી પણ વ્યવસ્થા ગોઠવી. કેટલીક મુશ્કેલીઓ પણ સામે આવી. એક કેન્દ્રમાં અંગ્રેજીનો અભ્યાસ કરાવનાર શિક્ષક વિશે ફરિયાદ મળી, ત્યારે અર્ચનાએ વિચાર્યું કે બાળકોને ભણાવવા એટલું પૂરતું નથી, પરંતુ શિક્ષકોને પણ તાલીમ આપવાની જરૂર છે. તેણે દર છ મહિને ગ્રામીણ વિસ્તારની છોકરીઓ અને મહિલાઓને બાળકોની ઉંમર અને શીખવાની ક્ષમતા પ્રમાણે બાળકોને કેવી રીતે અભ્યાસ કરાવવો તેની તાલીમ આપવાનું શરૂ કર્યું. આ કાર્યક્રમ અંતર્ગત સાડા સાતસોથી વધુ મહિલાઓ લાભાન્વિત થઈ. આને કારણે એક બાજુ બાળકોને સ્થાનિક કક્ષાએ શિક્ષણ સહાય મળી, તો બીજી બાજુ મહિલાઓને પોતાના જ વિસ્તારમાં રહીને કમાણી કરવાની તક મળી.

ઘણી યુવતીઓમાં આત્મવિશ્વાસ વધ્યો અને મહિને છથી સાત હજારની આવક થવા લાગી. દસમા ધોરણમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીને ગણિતનો વિષય ભણવામાં ખૂબ ડર લાગતો હતો, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ અને ગણિતનો વિષય ગમવા લાગ્યો. તેને પૂછ્યું કે ભવિષ્યમાં એને શું બનવું છે, ત્યારે એનો જવાબ હતો 'એક શિક્ષિકા'. અર્ચના ઈચ્છતી હતી કે શિક્ષણ માત્ર સ્કૂલના અભ્યાસ પૂરતું સીમિત ન રહે, પરંતુ વ્યક્તિમાં આત્મવિશ્વાસ ઊભો કરે. શરૂઆતમાં જ્યારે ગામમાં કેન્દ્ર સ્થાપવામાં આવતું, ત્યારે ગામલોકો તેને સ્વીકારવામાં ખચકાટ અનુભવતા હતા. કેટલાક લોકો છોકરીઓ માટે શિક્ષણનો ખર્ચ કરવો યોગ્ય છે કે નહીં તેમજ મહિલાઓ ઘરની બહાર કામ કરી શકે કે નહીં, તેની ચર્ચા કરતા. લોકોનું વલણ બદલાવા લાગ્યું.

શિક્ષણ વ્યક્તિગત પરિવારની જવાબદારીને બદલે સામુદાયિક ચિંતાનો વિષય બની રહ્યું છે. આજે આ બધાના સહયોગથી ઉત્તરપ્રદેશના ભદોહી, વારાણસી, મિર્ઝાપુર, પ્રયાગરાજ, મઉ અને ગાઝીપુર જિલ્લામાં એંશીથી વધારે કેન્દ્રો ચાલે છે અને આશરે સાડા સાતથી આઠ હજાર બાળકો આનો લાભ લે છે. જેવી રીતે શિક્ષણથી તેનો પરિવાર વધુ સારું જીવન જીવી શક્યો તે રીતે તે આવા બાળકોને શિક્ષણની તક આપીને તેમના ભવિષ્યને આકાર આપવા માગે છે. આજે કોઈ વિદ્યાર્થીને શંકા થાય તો હાથ ઊંચો કરીને પ્રશ્ન પૂછે છે. તે સમાપ્ત થાય તે પહેલાં 'મેમ, મેરા એક પ્રશ્ન હૈ' એવો અવાજ આવે છે. અર્ચના ઈચ્છે છે કે આ 'બીમારી' વધુમાં વધુ બાળકોમાં પ્રસરે.

નોકરીનું સર્જન, એ જ મારી નેમ

તમિલનાડુના પુદુચેરીની નજીક આવેલ કુડ્ડાલોરમાં જન્મેલા સી.કે. કુમારવેલના પિતા ચિન્ની ક્રિશ્નન હંમેશાં કહેતા કે તેમના પુત્રો નોકરી નહીં કરે, પણ બીજાને માટે નોકરીઓનું સર્જન કરશે. વેલવેટ શેમ્પૂ સેશેનો આવિષ્કાર કરીને ક્રાંતિ સર્જનાર ચિન્ની ક્રિશ્નન મૃત્યુ પામ્યા, ત્યારે સી.કે. કુમારવેલની ઉંમર માત્ર તેર વર્ષની હતી. તેમણે પી.એસ.જી. કૉલેજ ઑફ આર્ટ્સ સાયન્સમાંથી ન્યૂટ્રીશન અને આહારવિજ્ઞાન વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવી. તેઓ કહે છે કે તેમને હંમેશાં નવા નવા મૌલિક વિચારો આવતા અને તેઓ તેમના બે મોટાભાઈ ડૉ. સી.કે. રાજકુમાર અને સી.કે. રંગનાથનને કહેતા, પરંતુ તેઓ તેમની વાત સ્વીકારતા નહીં, તેથી એક દિવસ પંદર હજાર રૂપિયાનું ક્રેડિટ કાર્ડ અને આત્મવિશ્વાસ સાથે રાગા નામના એક હર્બલ હેર શેમ્પૂ પાવડરની શરૂઆત કરી. પ્રથમ વર્ષે જ એક કરોડ, એંશી લાખનું વેચાણ થયું અને તે ત્રીજા વર્ષે છ કરોડ સુધી પહોંચી ગયું. ત્રીસ વર્ષની ઉંમરે તેઓ એક સફળ આંત્રપ્રેન્યોર બની ગયા.

વાર્ષિક ટર્નઓવર પાંચસો કરોડ રૂપિયાનું છે. તેમણે સાડા ચારસો સ્ત્રીઓને આંત્રપ્રેન્યોર બનાવી છે અને નવ હજાર નોકરીનું સર્જન કર્યું છે

તેમણે બજારમાં અન્ય ઉત્પાદનો પણ મૂક્યા અને ઉત્તર ભારતમાં ઉત્પાદનો વેચવાનું આયોજન કર્યું, પરંતુ કુમારવેલ જેને શાનદાર ઈનોવેશન માનતા હતા, તે રાગા પ્લસ જે રેડી-ટૂ-યુઝ હર્બલ શેમ્પૂ પેસ્ટ હતી, તેમાં સદંતર નિષ્ફળતા મળી. તેને ગ્રાહકો તરફથી જાકારો મળવા લાગ્યો. એનું કારણ એ હતું કે તેના ફોર્મુલેશનમાં ખરાબી હતી, તેથી હર્બલ શેમ્પૂ પેસ્ટ જે લીલા રંગની હતી તે સેશેની અંદર જ કાળા રંગની થવા લાગી હતી. હર્બલ શેમ્પૂ પેસ્ટનું પેકેજિંગ સુંદર હતું, કિંમત બરાબર હતી, માર્કેટિંગ બરાબર થયું હતું, તેનું આયોજન સરસ થયું, પરંતુ એક નંબર-મિસિંગ થયો. રાગા પ્લસમાં ફોર્મુલેશન થવું જોઈએ તેવું થયું નહીં.



આર્થિક તંગીને કારણે તેમણે સસરાનું ઘર ગિરવે રાખવું પડ્યું. એના કારણે તેમના મન પર સતત ભાર રહેતો હતો. તેને સતત એમ જ લાગતું હતું કે આ ઘરને કેવી રીતે બચાવું? પરંતુ એક દિવસ સાસુએ કહ્યું, 'કુમાર, ઘરની ચિંતા ન કરો. તમે કમાઈ લેશો.' બસ, આટલા શબ્દોએ તેમનો બોજ હળવો કર્યો અને ફરી નવા વ્યવસાય વિશે વિચારવા લાગ્યા. હવે કરોડો રૂપિયાની પાછળ દોટ મૂકવાને બદલે કાગળ અને પેન લઈને ઘરખર્ચનો હિસાબ માંડ્યો. તેમને મહિને સાઠ હજાર રૂપિયાની જરૂર હતી. તેમણે વ્યવસાયના ત્રણ ક્ષેત્રો વિચાર્યા - પ્રિ-સ્કૂલ, બુટીક અને સલૂન. બધી રીતે વિચારતા તેમણે સલૂન પર પસંદગી ઉતારી. સૌપ્રથમ તેના ભાઈ સી.કે. રંગનાથને ત્રીસ લાખ રૂપિયા આપ્યા, ત્યારબાદ પરિવાર અને મિત્રોએ મદદ કરી. ઈ. સ. ૨૦૦૦માં ચેન્નાઈમાં નેચરલ્સ સલૂનનો પ્રારંભ તેમના પત્ની કે. વીણાએ કર્યો. નેચરલ્સ સલૂનનો વિકાસ ધીમો હતો. મિત્રોએ કહ્યું કે આ વ્યવસાય છોડી દો. આમાં પણ નિષ્ફળતા મળશે, પરંતુ સી.કે. કુમારવેલે કહ્યું કે તેઓ લક-લેબરીંગ અન્ડર કરેક્ટ નૉલેજ-થી કામ કરી રહ્યા છે.

નેચરલ્સ સલૂનમાં પ્રથમ વર્ષે વીસ લાખની કમાણી સામે દસ લાખ ખોટ ગઈ, બીજા વર્ષે ત્રીસ લાખની કમાણીમાં પાંચ લાખની ખોટ ગઈ અને ત્રીજા વર્ષે ચાળીસ લાખની કમાણી થઈ અને ખોટ બે લાખની થઈ. તેમને વિશ્વાસ એ હતો કે ભારતમાં આ વ્યવસાય વર્ષે ત્રેવીસથી પચીસ ટકાના દરે વધી રહ્યો છે. તેમણે સલૂનના વિસ્તરણ માટે બેંકમાં સાઠ લાખની લોન માંગી, પણ પચાસથી વધુ વખત અનેક બેંકોએ તેમની અરજી નકારી. આજે એ વાતને યાદ કરતા હસીને કહે છે કે બેંકે અરજી નકારી એટલે તેમને થયું કે આ પ્રોજેક્ટ સારો છે, કારણ કે તેઓ માત્ર કેશિયર છે, ફાયનાન્સ સમજતા નથી. ચેન્નાઈમાં ૨૦૦૦માં પ્રથમ સલૂનની શરૂઆત કરી હતી. ૨૦૦૪માં તેઓ તેના સી.ઈ.ઓ. તરીકે જોડાયા અને છ વર્ષમાં ચેન્નાઈમાં છ સલૂન શરૂ કર્યા. કુમારવેલે ધ બોડી શોપના અનિતા રોડિકથી પ્રેરિત થઈને ફ્રેંચાઈઝી મૉડલ વધારવાનો નિર્ણય કર્યો. તેઓ કહે છે કે તેઓ માત્ર સલૂન ચલાવવા નહોતા માગતા, આંત્રપ્રેન્યોર બનવા માગતા હતા અને આંત્રપ્રેન્યોર સેંકડો નોકરીઓનું સર્જન કરે છે.

એક મહિલા તેમની પાસે બ્રાઈડલ મેક-અપ માટે આવી હતી, પરંતુ ત્યારબાદ તે ફ્રેંચાઈઝી પાર્ટનર બનવા માગતી હતી. આજે તે ચાર સલૂન ચલાવે છે અને એકસો લોકોને કામ આપે છે. એવી જ રીતે એક વેલે ડ્રાઈવર તેમના સલૂનની સામે ગાડી પાર્ક કરતો હતો, તેણે હેરડ્રેસિંગ શીખીને પોતાનું સલૂન ખોલ્યું અને આજે તે ત્રણ સલૂન ચલાવે છે. આજે નેચરલ્સના ભારત ઉપરાંત યુએઈ, શ્રીલંકા અને સિંગાપોરમાં થઈને એક હજાર જેટલા સલૂન છે અને વાર્ષિક ટર્નઓવર પાંચસો કરોડ રૂપિયાનું છે. તેમણે સાડા ચારસો સ્ત્રીઓને આંત્રપ્રેન્યોર બનાવી છે અને નવ હજાર નોકરીનું સર્જન કર્યું છે. આજે તેમની નેચરલ્સ યુનિસેક્સ સલૂન, નેચરલ્સ ડબલ્યુ, નેચરલ્સ લૉન્જ અને પેજ થ્રી લક્ઝરી સલૂન નામે ચાર બ્રાંડ છે. નેચરલ્સ સલૂન એન્ડ સ્પા ભારતની નંબર વન સલૂન બની ચૂકી છે, પરંતુ આજે તેમને વધુ ને વધુ વ્યક્તિ આંત્રપ્રેન્યોર બને, કંઈક શીખે, પોતાના જ્ઞાનનો પ્રસાર કરે અને વધુ ને વધુ નોકરીઓનું સર્જન કરે તેમાં જ સાચો આનંદ અનુભવાય છે.

ઉમળકો અને ઉત્સાહ

આજમાં ગઈકાલ

ભગીરથ બ્રહ્મભટ્ટ

હૃદયમાંથી ઊભરાતું અન્ય પ્રત્યેનું વહાલ એ ઉમળકો અને કાર્ય કરવાની મનમાં જાગેલી હોંશ એ ઉત્સાહ. આ શબ્દો વચ્ચે સમજણની પાતળી ભેદરેખા છે કારણ કે બંનેમાં આનંદને અવકાશ છે, બંનેમાં ગતિ છે, બંનેમાં ઊભરો છે અને બંનેની અભિવ્યક્તિને અવકાશ છે. ઉમળકો હૃદયમાં જન્મે અને અન્યની સામે વ્યક્ત થાય, આત્મીયતાના અંશો એમાં વણાયેલા હોય. ગૌરવ લેવા જેવી ઘટનાઓમાં જે તે પાત્રો સાથેનો વ્યવહાર ઉમળકાયુક્ત હોય છે. ઉમળકો હોય ત્યાં ગૌરવને સ્થાન હોય જ. ઉમળકા એ વહાલના ઊભરા છે ઉમળકામાં સાતત્ય ના હોય, દીર્ઘકાલીન પણ હોય. સ્હેજ ઉછાળા, છોળ, ઊભરો આવે. એમ ભાવ કે લાગણીનો ઉછાળ ઉમળકામાં હોય છે. ઉમળકાને ઉમંગ નામના શબ્દ સાથે વધારે લેવાદેવા છે. ગાય પોતાના વાછરડા ઉપર જીભ ફેરવે ત્યાં ઉમળકો છે, પણ લીલો ચારો જોતાંની સાથે એની આંખો, એની ડોક એના પગમાં જે નૂતન જોમ દેખાય છે તે ઉત્સાહ છે. ઉમળકો બહુધા રજોગુણનું અને ઉત્સાહ ત્રિગુણનું સંતાન છે.



ઉત્સાહ કામ કરવાની હોંશ વધારે છે... શક્તિ હોય તેના કરતાં એમાં વધારે બળ ઉત્સાહ પૂરુ પાડે છે. વીરરસ ઉત્સાહ નામના ભાવમાંથી જન્મે છે. ઉત્સાહ રેડીને કોઈને કાર્યરત રાખી શકાય, જીવાડી શકાય... ઉત્સાહ પૂરો પાડીને કોઈનું અનુમોદન થઈ શકે. તાળીઓનો ગડગડાટ એ વ્યાખ્યાનદાતાને આપવામાં આવતો ઉત્સાહ છે. ઉત્સાહ જન્મે પણ ખરો અને પ્રેરક પણ ખરો. ઉત્સાહની પ્રેરણા આપી શકાય. બાળકને પ્રોત્સાહિત કરીને જ આપણે લક્ષ્ય સ્થાને પહોંચાડીએ છીએ.

ઉમળકો હેતનો ઉભરો છે,ઉમળકો અને ઉત્સાહ બંને એક જેવા લાગતા બે શબ્દોનું ગોત્ર અલગ છે. એક ઉન્મત્ત શબ્દમાંથી અને બીજો उत् + साह શબ્દમાંથી ઉતરી આવ્યો છે. બંને પ્રાણિકચેતનાનાં સદસ્યો છે પણ બંનેમાં ગુણાત્મક ભેદ રહેલો છે તે આપણે તપાસીએ. ઊમળકા વગર આપણે ત્યાં આવનારા માણસોને આપણે કળી જતા હોઈએ છીએ. આવવા ખાતર, મળવા ખાતર કેવળ વિધિવિધાન પૂરતાં, કરવા ખાતર થતાં કામોમાં કેવળ યાંત્રિકતા હોય છે એમાં Felling (લાગણી) કે સંવેદનાનું તત્ત્વ શૂન્યવત્ હોય છે, પણ જો એની જગ્યો સંવેદનાસભર થતાં મિલનો નોખાં હોય છે. સાસરેથી પિયર આવતી દીકરી માને મળે ત્યારે એનામાં ઉમળકો હોય છે - પિયર પહોંચવાનો ઉત્સાહ હોય છે. આ દ્રષ્ટાંતથી સમજાયું હશે કે ઉત્સાહમાં કાર્ય કરવાની શક્તિની (Force) ગતિ ઉત્ક્રાંત થતી હોય છે. થોડી ઉછળતી હોય છે, વધારે ક્રિયાશીલ બનતી હોય છે. અંદરની શક્તિ વેગીલી બને ત્યાં ઉત્સાહ હોય છે. વેગમાં જ ઉત્સાહ છે. એનું પ્રગટપણું ઉપર તરફ ઊઠે છે. કેટલાંક કામો ઉત્સાહન કારણે સરળ પણ લાગતાં હોય છે. માંદગી ધરાવતા ઘણા ભક્તો ભજન ગાતાંગાતા એવા ઉત્સાહિત થઈ જતા હોય છે કે ઘડીભર પોતાની માંદગી વિસારે પડી જતી હોય છે - ત્યાં ઉત્સાહ છે. ઉત્ એટલે ઊંચે ઉન્નત. અંદરની શક્તિ વધારે બળુકી બને છે ત્યારે ઉત્સાહ જન્મે છે.

હૃદય મંદિરમાંથી નીકળતા દીવાની જ્યોત એ ઉમળકો કહેવાય અને મનની અદમ્ય ઇચ્છા જેમાં ભળે તે ઉત્સાહ કહેવાય. જીવનમાં બનેની જરૂર છે

સુદામાને કૃષ્ણને મળવાનો ઉમળકો અવશ્ય હતો પણ એની પાસે જઇ યાચના કરવાનો ઉત્સાહ જરીકે ન્હોતો.

ઉમળકાનું પિયર હૃદય છે અને ઉત્સાહનું પિયર મન છે. એક ભીંજવે છે બીજામાં લક્ષ્યગામી બનવાની આતુરતા છે. એક લાગણીના ખેતરનો છોડ છે. બીજો મનમાંથી જન્મેલો આવેગ છે. ઉમળકો પણ ઓસરી જાય અને ઉત્સાહ પણ શમી જાય. એટલે ઉમળકો ઓસરી જાય, તે પ્રવાહયુક્ત છે. જ્યારે ઉત્સાહ શમી જાય તે ગત્યાત્મક છે. અર્જુન કુરુક્ષેત્રના મેદાનમાં સામે સ્વજનોને જોઈ એનો ઉત્સાહ શમી ગયો. નદી દરિયાને મળવા માટે જે દોટ લગાવે છે તે દોડમાં ઉમળકો છે. આ બંને શબ્દો ગતિનો બોધ કરાવે છે પણ એકમાં પ્રવાહની ગતિ છે બીજીમાં શક્તિના દબાણની ગતિ. કૃષ્ણ સુદામાને મળવા માટે જે દોટ લગાવે છે અને પછી ભેટી પડે છે ત્યાં ઉમળકો છે. પરપોટા ઉમળકાનાં જ દ્રષ્ટાંતો છે, પરંતુ બધા જ આવેગો કંઇ ઉમળકો નથી હોતા, કોઈક આવેગ લાગણીભર્યો ઉમળકો (ઊભરા) જેવો, ક્ષણિક, થોડા સમય માટેનાં હોય છે જ્યારે ઉત્સાહ પ્રમાણમાં દીર્ઘજીવી હોઈ શકે છે. સ્વાગતમાં જો ઉમળકો હોય તો એ સોનામાં સુગંધ ભળે. કાર્યમાં ઉત્સાહ હોય તો શુભદાયી પરિણામની અપેક્ષાનો આંક ઊંચો દેખાય. વસંતમાં જે ઠેર ઠેર ડાળી ઉપર પુષ્પો ખીલેલાં દેખાય છે તે ઉમળકાનાં પરિણામો છે - પુષ્પો સાંજે ભલે મુરઝાઈ જાય, પણ ખીલે છે ત્યારે તેનામાં એક વિશિષ્ટ પ્રકારની પ્રગટ થવાની, અભિવ્યક્તિની લાગણી હોય છે. ઉત્સાહનો વિરોધી શબ્દ નિરુત્સાહ મળે છે પણ ઉમળકાનો વિરોધી શબ્દ મળતો નથી. જયા ધ્યાનથી જોઇએ તો ઊમળકો અને ઉત્સાહ બંનેમાં પ્રસન્નતા અને આનંદને અવકાશ છે. ઉમળકો ઉછીનો હોઈ જ ન શકે. એ અંદરથી નિપજે છે. ઘડામાંથી પાણીની છાલક વાગે, એ છાલક ઉમળકો છે અને ધરતીમાંથી અંકુરાઈને છોડ થઇ વૃક્ષ થવાની ઘટના ઉત્સાહનું ઉદાહરણ છે. વૃક્ષને પાણી, ખાતર આપો તો એનો ઉત્સાહ વધે અને ન આપો તો ઉત્સાહ ઘટે. ઉત્સાહની આપ-લે થઇ શકે. ઉમળકો દેખાડવાનો નહિ, અભિવ્યક્ત કરવાનો હોય છે, એમ નહિ એ અભિવ્યક્ત થઇ જતો હોય છે. હેત-વ્હાલમાં પોતીકાપણું ભળે ત્યારે ઉમળકો જન્મે છે. ઉમળકામાં લાગણી, આત્મીયતા, નૈકટ્ય, પોતીકાપણાનાં દર્શન થતાં હોય છે. હૃદય મંદિરમાંથી નીકળતા દીવાની જ્યોત એ ઉમળકો કહેવાય અને મનની અદમ્ય ઈચ્છા જેમાં ભળે તે ઉત્સાહ કહેવાય. જીવનમાં બનેની જરૂર છે. બંને પોતપોતાની જગ્યાએ મહત્ત્વનાં છે. શક્તિ ક્ષીણ થઇ જાય ત્યારે ઉત્સાહ શમવા માંડે છે, ક્ષમતા ઓછી થાય ત્યારે ઉત્સાહ આથમવા લાગે છે પણ ઉમળકાને કોઈ વય હોતી નથી.

અલવિદા વકીલ વલ્લભભાઈ, સ્વાગત સેવક સરદાર પટેલ

ઈ.સ.૧૯૧૩થી ૧૯૧૬ના એ વર્ષોમાં વલ્લભભાઈ કોર્ટમાં, અસીલોમાં, અને ગુજરાત ક્લબમાં ઘણાં જાણીતા થયા હતા. એટલે સુધી કે તેમના સહાધ્યાયી ગોડફ્રે ડેવિસ અમદાવાદમાં નાયબ કલેક્ટર તરીકે નીમાયા કે તરત વલ્લભભાઈને ઘેર જઈને અંગ્રેજ

સરદાર @150

હસિત મહેતા

શાસન વતી 'સર'નો ખિતાબ આપવાની ઓફર આપી આવ્યા હતા. પણ કોને ખબર કે વિધાતાએ વલ્લભભાઈના ભાવિમાં કંઈક જુદી જ યોજના લખી છે?

ઈ.સ.૧૯૧૫ના એપ્રિલમાં ગાંધીજીએ ભારતમાં પગ મૂક્યો. એકાદ મહિનામાં જ તેમને મહાત્માજીનું બિરુદ મળ્યું હતું. એ જાણીને વલ્લભભાઈએ તો ટીકા પણ કરેલી કે 'આપણે ત્યાં મહાત્માઓ બેસૂમાર છે.' ઈ.સ.૧૯૧૬ના ઉનાળામાં જ્યારે ગાંધીજી ગુજરાત ક્લબમાં આવ્યાં ત્યારે પોતાની સાથે બ્રીજ રમી રહેલાં માવળંકરને ગાંધીજીની સભામાં જતા રોકતા વલ્લભભાઈ બોલ્યા હતા કે 'એ(ગાંધી) તમને ઘઉંમાંથી કાંકરા વીણાં આવડે છે કે નહીં, તેવું પૂછશે અને આ પ્રવૃત્તિથી આઝાદી મળી જાય તેવું ઠસાવશે.'

આ રીતે, શરૂઆતે તો વલ્લભભાઈ ગાંધીજીના વિચારો ઉપર ઠેકડી ઉડાડતા અને બીજાઓને હસાવતાં. પરંતુ કેટલાંક પ્રસંગોએ તેમનામાં પરિવર્તનનો પ્રાણ ફૂંક્યો. બન્યું એવું કે ઈ.સ.૧૯૧૬ના ઑક્ટોબરમાં અમદાવાદે એક મહત્ત્વનો રાષ્ટ્રીય બનાવ બન્યો. કોંગ્રેસના બે તડ, મવાળવાદીઓ અને ઉદ્દામવાદીઓ એક મંચ ઉપર પહેલી વખત એકઠા થયાં. પ્રસંગ હતો મુંબઈ પ્રાંતની પહેલી રાજકીય પરિષદનો. જેનું યજમાનપદ ગુજરાત સભાએ સ્વીકાર્યુ હતું. ત્યારે હજુ મહંમદઅલી ઝીણા હિંદુ-મુસ્લિમ એક્તાના હિમાયતી હતા, તેથી આ પરિષદના પ્રમુખ પણ હતા. આઈરિશ લેડી એની બેસન્ટને અંગ્રેજોએ નજર કેદ કર્યા હતા. તેઓ ભારતને હોમ રુલ અપાવવાની ચળવળ ચલાવી રહ્યાં હતા. આ પરિષદમાં તે વિશે ઉગ્ર ચર્ચાઓ છેડાઈ હતી. એ માટેનો ઠરાવ ગાંધીજીએ રજૂ કર્યો હતો. તેમાં જે ગંભીરતા અને અડગતા હતી, તે વલ્લભભાઈને સમજાઈ હતી. આ પ્રકારના ઉત્સાહભર્યા વાતાવરણમાં વલ્લભભાઈએ તે રાજકીય પરિષદમાં ગુરુબંધુ વિઠ્ઠલભાઈની સાથે હાજરી આપી હતી.



આમ તો એ બંને ભાઈઓ વચ્ચે જીવનવ્યવસ્થાની સમજણ બરાબર વહેંચાઈ ગઈ હતી, કે વિઠ્ઠલભાઈ દેશસેવામાં ઝંપલાવે અને વલ્લભભાઈએ વ્યવસાયમાં સફળ થઈને પરિવારનું ભરણપોષણ સંભાળવાનું. તેથી વલ્લભભાઈએ

> **મહાદેવભાઈ દેસાઈએ પોતાના વલ્લભચરિત્રમાં નોંધ્યું છે કે ગાંધીજીનું એ દસ લીટીનું મેમોરેન્ડમ-નિવેદન વલ્લભભાઈને સો પાના કરતાં વધારે પ્રભાવશાળી લાગેલું**

આ પરિષદમાં હાજરી તો આપી, પરંતુ તેમાં કશો ભાગ લીધેલો નહીં, માત્ર પોતાના આંખ-કાન ખુલ્લા રાખીને હાજર રહ્યાં હતા.

ત્યારે કોંગ્રેસના પેલા મવાળ પક્ષવાળાઓ સરકારને કાગળો લખ્યાં કરતાં, અને ગરમ પક્ષવાળાઓ (ઉદ્દામવાદીઓ) પ્રજા ઉશ્કેરણી માટેના ભાષણો કર્યા કરતાં. આ બંને બાબતો વલ્લભભાઈને તો નબળી લાગતી. છતાં કોણ જાણે તેમને શો રસ પડ્યો હશે, કે તે પછીના ડિસેમ્બરમાં ભરાનારા લખનૌ અધિવેશનમાં હાજરી આપવાનો તેમણે મનોમન નિર્ધાર કરી દીધો હતો. અલબત હજુ સુધી તેઓ હોમરુલ કે કોંગ્રેસમાં સક્રીય થયા નહોતા. છતાં વિઠ્ઠલભાઈ સાથેની સમજુતીમાંથી છૂટીને બંને પરિષદમાં હાજર રહેવા સક્રીય થયા હતા. તેમાં વળી તેઓ એક અર્ધરાજકીય ગણાય તેવો પડકાર ઝીલવા સંમત થયા.

ત્યારે અમદાવાદની મ્યુનિસિપાલિટીમાં નવા વરાયેલા સનદી અમલદાર જ્હોન શિલિડીનો ઘણો ત્રાસ હતો. તેમનો દ્રઢતાપૂર્વક સામનો કરી શકે તેવા કાઉન્સિલર-સભ્યની જરુર હતી. યુદ્ધનું રણશિંગુ ફૂંકાય ત્યારે હાડોહાડ યુદ્ધવીર કેવી રીતે બેસી રહી શકે? ગુજરાત ક્લબના મિત્રોનો આગ્રહ વલ્લભભાઈએ સ્વીકાર્યો, અને તેની પેટાચૂંટણીમાં ઝંપલાવ્યું. જીત્યા પણ ખરા, પણ એ ચૂંટણી રદ જાહેર થઈ. ફરીથી એ ચૂંટણી જાહેર થઈ અને વલ્લભભાઈ તેમાં બિનહરીફ વિજેતા થયા. આ રીતે અમદાવાદ મ્યુનિસિપાલિટીના કાઉન્સિલર તરીકે ૧૯૧૭ના ઉનાળાથી વલ્લભભાઈએ પોતાના જાહેરજીવન, રાજકીય જીવનની અંશતઃ શરૂઆત કરી દીધી.

બીજીતરફ દેશમાં એક મહત્ત્વની ઉથલપાથલ થઈ. દૂર બિહારના ચંપારણ પ્રાંતમાં અંગ્રેજ માલિકો પોતાના ગળીના ખેતરોમાં કામ કરતાં મજૂરો ઉપર અત્યાચાર કરતાં હતા. એ ફરિયાદ ગાંધીજી લગી પહોંચી, અને ત્યાં ગાંધીજીના પહેલા સત્યાગ્રહનો આરંભ થયો. જિલ્લા મેજિસ્ટ્રેટ હેકોકએ ગાંધીજીને જિલ્લો છોડી જવાનો હુકમ કર્યો, પરંતુ ગાંધીજી અડગ રહ્યાં. આ સમાચાર ઉડતા-ઉડતા ગુજરાત ક્લબમાં પહોંચ્યા. જે સાંભળીને વલ્લભભાઈનું ગાંધીજી માટેનું ખેંચાણ, સમજણ અને માન વધ્યાં.

૧૯૧૭ના ઑક્ટોબરમાં નવા નિમાયેલા ભારતમંત્રી એડવિન મૉન્ટેગ્યુ ભારત આવીને બંધારણ સુધારણા કરવાના હતા. ગાંધીજીએ સૂચન કર્યું કે મૉન્ટેગ્યુને લોકભાષામાં એક મેમોરેન્ડમ આપવું. તેની ઉપર પ્રજામત બતાવવા ગુજરાત સભા મારફતે સહીઓ એકઠી કરવાની ઝૂંબેશ ચાલી. જોતજોતામાં આઠ હજાર સહીઓ એકઠી થઈ. ખુદ વલ્લભભાઈ ફેશનદાર કાળા અંગ્રેજ કોટપાટલૂન પહેરીને પોતાની જૂની કર્મભૂમિ બોરસદ પહોંચીને સહીઓ કરાવવા માંડ્યા. મહાદેવભાઈ દેસાઈએ પોતાના વલ્લભચરિત્રમાં નોંધ્યું છે કે ગાંધીજીનું એ દસ લીટીનું મેમોરેન્ડમ-નિવેદન વલ્લભભાઈને સો પાના કરતાં વધારે પ્રભાવશાળી લાગેલું.

તેના એકાદ મહિના પછી, ૧૯૧૭ના નવેમ્બરની શરૂઆતમાં વલ્લભભાઈએ ગાંધીજીને સાચા ઓળખ્યા, એ પછી તેમણે વકીલાતની શરૂઆત કરી હતી

અનુસંધાન પાનાનં ૦૬ પર

'ક્યારી, મારા જીવનમાં આવવા બદલ તારો આભાર.'

ઘડિયાળના કાંટા ફરી રહ્યા હતા. બપોરના... ૨,.... ૩ .... ૪..... વાગશે અને ડૉક્ટરના કહ્યા પ્રમાણે કદાચ તપોવનની મમ્મી સુવર્ણાદેવીની તબિયત લથડશે અને...

તપોવન આગળ કશું વિચારી ન શક્યો... એટલામાં સુવર્ણાદેવી જાગી ગયા, એમણે તપોવનને પોતાની પાસે બેસવાનું કહ્યું. અને તપોવન સાથે વાતચીત શરૂ કરી : 'બેટા તપોવન, તારા પપ્પાના અવસાન પછી તને માંડ-માંડ સારી નોકરી મળી છે, તું મારી ચિંતા ન કર. તું તારી નોકરી પર હાજર થઈ જા બેટા.'

કેમ છે, દોસ્ત

ડૉ.ચન્દ્રકાન્ત મહેતા

'મમ્મી, તમે હોસ્પિટલમાં છો. તમને મૂકીને કેવી રીતે જવું ? તમે આરામ કરો. ડૉક્ટરસાહેબે તમને બોલવાની ના પાડી છે.' તપોવને કહ્યું.

'ના તપોવન, મારે તારી સાથે વાતો કરવી જ છે. તું નોકરીમાં જોડાઈ જાય પછી મારી વાત કરવાની રહી જાય. મારે તને જે કહેવું છે તે અત્યારે કહી જ દેવા દે, બેટા. કાલ કોણે દીઠી છે ?' સુવર્ણાદેવીએ બેઠા થવાની કોશિશ કરતાં કહ્યું.

'સારું મમ્મી, તમારે જે વાત કરવી હોય તે કરો, પણ સૂતા સૂતા કરો, બેઠા થવાનો શ્રમ ના લેશો.'

'સાંભળ તપોવન, દુનિયા બહુ સ્વાર્થી છે. તારા પરોપકારી પપ્પાએ લોકોનાં કામ માટે જાત ઘસી નાખી, પણ એ બીમાર પડ્યા, ત્યારે કોઈ ખબર પૂછવાય ન આવ્યું. પૈસે-ટકે આપણે ઘસાઈ ગયા. મેં કાળજા પર પથ્થર મૂકીને તારા પપ્પાની સારવાર માટે આપણું ઘર ગીરવે મૂક્યું. બેટા તને વારસામાં શું મળશે ? એક ગીરવે મુકેલું ઘર ? બેટા, મને માફ કરજે. તારા પપ્પાને હું બચાવી ન શકી અને તારે માથે પણ દેવું મૂકી દીધું....' બોલતાં બોલતાં સુવર્ણાદેવીને શ્વાસ ચઢવા માંડ્યો... તપોવને તેમને આરામ કરવાનું કરી પાણી-પીવડાવ્યું. થોડીવાર પછી સુવર્ણાદેવીએ ફરી પછી વાત શરૂ કરી : 'બેટા, આજે મને તારી સાથે વાત કરી લેવા દે. ફરી પાછો વાત કરવાનો મોકો મળે કે ન મળે.'

'જુઓ, મમ્મી આમ તમે મરવાની વાત કરશો તો હું અહીંથી જતો રહીશ. તમને કશું થવાનું નથી. બીજી વાત કાલે કરજો બસ, થોડીવાર આરામ કરી લો.' તપોવને કહ્યું.

'તપોવન બહુ નહીં બોલું પણ મારી આ વાત તો સાંભળી લે. બેટા તુંયે તારા પપ્પા જેવો છે, એટલે મને તારી ચિંતા થાય છે. ભાવના એ ઉત્તમ ગુણ છે, પણ એ રોજી-રોટી નથી રળી આપતી. એના માટે બુધ્ધિનો ઉપયોગ કરવો પડે. થોડાં પ્રેકટીકલ થવું પડે. બેટા, તારી મહાનતાની હું કદર કરું છું. પણ



દુનિયા હવે બુધ્ધ કે ગાંધીની નથી રહી, અમીચંદોની બની ગઈ છે. છળ, કપટ, વિશ્વાસઘાત અને સ્વાર્થ ભકિતને દૂષણ નહીં, પણ પોતાની ચતુરાઈનું આભૂષણ માને છે. તારા પપ્પાએ જેવી મૂર્ખતા કરી...'

> **કોઇ યુવતી નિઃસ્વાર્થપણે કોઈ યુવકને મદદરૂપ થવાનું ઔદાર્ય દેખાડી જ ન શકે? દરેક સંબંધની એક શાન હોય છે, નોખું સ્વરૂપ હોય છે.**

'મમ્મી, હવે વાતચીત બંધ કરશો કે ડૉક્ટરને બોલાવું ?'

'બસ તપોવન હવે લાગણીવેડાં છોડ અને સ્ટેશન પહોંચવા તૈયાર થઈ જા. મારી ચિંતા ન કરીશ. નોકરી પર હાજર થવાનો આજે છેલ્લો દિવસ છે. તું એમ કર, તારી દોસ્ત ક્યારીને ફોન કરીને અહીં બોલાવી લે. એ મારી ખબર રાખશે અને તું નિરાંતે મારી ચિંતા કર્યા વગર નોકરીમાં જોડાઈ જા.'

તપોવનને પોતાની મમ્મીનું સૂચન ગમ્યું. એ ક્યારીને ફોન કરવા રૂમની બહાર નીકળ્યો.... ત્યારે તેને ખબર નહોતી કે મમ્મીના અંતિમ શ્વાસ ચાલે છે.... એ ક્યારીને ફોન કરીને રૂમમાં પાછો ફર્યો ત્યારે સુવર્ણાદેવીએ અંતિમ શ્વાસ લીધો અને તપોવનના પપ્પાને મળવા અનંતની યાત્રાએ નીકળી પડ્યા.

તપોવનનું કરુણ આક્રંદ, આજુબાજુના લોકો દોડી આવ્યા. 'બિચારી, પતિના મૃત્યુ બાદ ચાર મહિના ય ન જીવી શકી. એના મોત માટે એનો પરોપકારી પતિ જ જવાબદાર છે. ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો. બિચારા છોકરાને નોંધારો મુકી દીધો.'

એટલામાં તપોવનની દોસ્ત ક્યારી આવી પહોંચી. તપોવન દોડીને એને વળગી પડ્યો અને ચોધાર આંસુએ રડતાં કહ્યું : 'ક્યારી જતાં જતાં મમ્મી તને જ યાદ કરતાં હતા. ક્યારી હું અનાથ બની ગયો.' કહીને તપોવન ધ્રૂસકે ને ધ્રૂસકે રડતો રહ્યો.

'તપોવન એવું ન બોલ. હું તારી સાથે છું. ચાલ, મમ્મીને ઘરે લઈ જઈએ. એમના અંતિમ સંસ્કારની તૈયારી કરવી પડશે ને ?'

એટલામાં ક્યારીના મમ્મી મમતાદેવી આવી પહોંચ્યા. સુવર્ણાદેવીના અંતિમ સંસ્કાર પતી ગયા, પછી મમતાદેવીએ તપોવનને કહ્યું : 'દીકરા, તપોવન ક્યારીની પરીક્ષા ચાલુ છે, એને વાંચવા માટે ઘેર મોકલી દઈએ અને હું અહીં તારી સાથે રહીશ. તને એકલો નહીં પડવા દઉં.' અને મમતાદેવીએ એમનો પ્રેમાળ હાથ તપોવનના માથે ફેરવ્યો.

તપોવન કશું બોલવાની સ્થિતિમાં નહોતો. સામેની દીવાલ પર લટકતી મમ્મીની તસવીરને હાર પહેરાવવાની તેનામાં હિંમત નહોતી. મમતાદેવી ઊભા થયાં.... દીવામાં ઘી પૂર્યું અને સુવર્ણાદેવીની તસવીરને હાર અર્પણ કર્યો.

અને ક્યારી તથા તેની મમ્મી મમતાદેવીએ તપોવનને સાથ આપીને સઘળી ઉત્તરક્રિયા પૂર્ણ કરાવી હતી. પછી ક્યારીએ તપોવનને પોતાની ફરજ પર હાજર થવા સમજાવ્યો હતો. તપોવન મન કઠણ કરીને નોકરી પર હાજર થવા ઓફિસ ગયો, ત્યારે ખબર પડી કે પોતે સમયસર હાજર ન થયો એટલે મેનેજરે બીજાને નિમણૂક આપી દીધી હતી.

તપોવનના માથે જાણે આભ તૂટી પડ્યું હતું. ઘેર પાછા ફરીને ક્યારીને અને તેનાં મમ્મીને મોં પણ શી રીતે દેખાડવું ? એટલે તપોવન ઘરે પાછો ગયો પણ ક્યારીને જાણ ન કરી.

બે ત્રણ દિવસ થઈ ગયા છતાં તપોવનનો ફોન ન આવ્યો એટલે ક્યારીએ તેની ઓફિસમાં ફોન કર્યો ત્યારે તેને જાણવા મળ્યું કે લાંબી ગેરહાજરીને લીધે તપોવનની નિમણૂક રદ થઈ ગઈ હતી, અને તપોવન તો તરત જ પાછો ફરી ગયો હતો... આવી માહિતી મળ્યાં બાદ ક્યારી તરત જ તપોવનના ઘરે પહોંચી ગઈ હતી. તપોવન બે દિવસથી ઘરની બહાર નીકળ્યો નહોતો, ભૂખ્યો-તરસ્યો ઘરમાં જ બેસી રહ્યો હતો.

ક્યારીને જોઈને એ રડી પડ્યો હતો. ક્યારીએ તપોવનને આશ્વાસન આપ્યું હતું અને તપોવનને કહ્યું : 'તપોવન હું તારી પીડાને જગાડવા માટે નથી આવી હું તારો આત્મવિશ્વાસ જગાડવા માટે આવી છું. ચાલ ઊભો થઈ જા. તૈયાર થઈ જા, મારે ઘેર તારે આવવાનું છે. મેં મારી મમ્મીને ફોન કરી દીધો છે. મમ્મી ગરમ ગરમ જમવાનું તૈયાર રાખશે. આપણે જમીશું પછી વાત કરીશું.' અને તપોવને ક્યારીનો પ્રસ્તાવ સ્વીકારી લીધો.

અનુસંધાન પાનાનં ૦૬ પર

શોપિંગ સાઈકોલોજી : દિમાગ સાથે 'ખેલ' કરીને ટંકશાળ પાડવાની માર્કેટિંગ ટ્રિક

દિવાળી આવી પહોંચી છે. નવા કપડાં-ફૂટવેર વગેરેના શોપિંગનું પ્લાનિંગ છેલ્લાં તબક્કે પહોંચી ગયું છે, ત્યારે કન્ઝ્યૂમર બિહેવિયર સાયન્સ સમજવા જેવું છે...

ફેશન શો-રૂમનાં ચકચકતાં સ્વચ્છ કાચ, ધીમું બેકગ્રાઉન્ડ મ્યૂઝિક, નવા-નક્કોર કપડાં પર પડતી લાઈટના કારણે સર્જાતી અનોખી આભા અને બહાર લાગેલાં પીળા બોર્ડમાં લાલ અક્ષરે લખેલી આકર્ષક ઓફરની જાહેરાતઃ 'ફ્લેટ ૫૦ ટકા ડિસ્કાઉન્ટ.. બાય વન ગેટ વન ફ્રી.. ફેસ્ટિવ સીઝન...'

સાઈન-ઈન

હર્ષ મેસવાણિયા

આ જાહેરાત જોતાં જ ગ્રાહકના પગ શો-રૂમ પાસે થંભી જાય છે. ત્રણથી પાંચ હજાર રૂપિયાના બજેટમાં કપડાં ખરીદવા નીકળેલો ગ્રાહક શો-રૂમમાંથી બહાર નીકળશે ત્યારે આઠ-દસ હજાર રૂપિયાના બિલ સામે બબ્બે બેગ લટકાવીને નીકળશે. એકથી બે જોડી કપડાંની જરૂરિયાત સામે એક-એક જોડી વધારે કપડાં ભર્યા હશે અને તેને મનમાં આનંદ એ વાતનો હશે કે જે કપડાંની પ્રાઈઝ ૧૮-૨૦ હજાર હતી એ કપડાં તેને માત્ર આઠ-દસ હજારમાં મળી ગયા છે. તે પળે ગ્રાહક એ વાત ભૂલી જશે કે તેનું ઓરિજિનલ બજેટ તો પાંચ હજારથી વધુ નહોતું. પરંતુ ક્રેડિટ કાર્ડમાંથી બિલ પે કર્યું હોવાથી તેને અત્યારે પોકેટ ખાલી થવાની બિલકુલ ચિંતા રહેતી નથી.

તહેવારોમાં શોપિંગનો આવો એક કિસ્સો નથી. ઠેર-ઠેર આવા દૃશ્યો સર્જાય છે. ખાસ તો દિવાળી જેવો ભારતીયોમાં બેહદ પોપ્યુલર તહેવાર હોય ત્યારે માણસ ક્રેડિટ કાર્ડનું કે બીજી કોઈ પણ રીતે દેવું કરીને નવી ચીજવસ્તુઓ ખરીદી લે છે. એવું જ વિદેશોમાં ક્રિસમસ જેવા તેમનાં તહેવારોમાં થાય છે. આખી ફેસ્ટિવ ઈકોનોમી આ સ્ટાઈલથી ચાલે છે અને આ સ્ટાઈલથી શોપિંગ થાય છે તે પાછળ આકર્ષક જાહેરાતો જેટલો જ રોલ માણસના દિમાગનો રહે છે. એને સાઈકોલોજી, બિહેવિયર ઈકોનોમિક્સ અને માર્કેટિંગની ભાષામાં શોપિંગ સાઈકોલોજી કહેવાય છે.

■ ■ ■

ડેનિયલ કાહ્નમેન અને રિચર્ડ થેલર. બંનેને અલગ અલગ સમયે ઈકોનોમિક્સનું નોબેલ મળી ચૂક્યું છે. ઈઝરાયલ-અમેરિકન સાઈકોલોજિસ્ટ ડેનિયલ કાહ્નમેન બિહેવિયરલ ઈકોનોમિક્સના ફાધર ગણાય છે. અત્યારે ૮૧ વર્ષના અમેરિકન અર્થશાસ્ત્રી રિચર્ડ થેલરે સાબિત કર્યું કે માણસ લાગણીથી પ્રેરાઈને અતાર્કિક આર્થિક નિર્ણયો કરે છે. આ બંનેએ દુનિયાને શોપિંગ સાઈકોલોજીનો વિચાર વિગતવાર સમજાવ્યો કે કેવી રીતે માણસની નબળાઈ માર્કેટિંગની ટ્રિક બની રહે છે.

એડમ સ્મિથે પહેલી વખત ૧૭૫૯માં થિયરી ઓફ મોરલ સેન્ટિમેન્ટ્સનો વિચાર રજૂ કર્યો હતો. એ પછી હર્બર્ટ સિમોનથી લઈને હાર્વે લિબેનસ્ટીન સહિતના કેટલાય અર્થશાસ્ત્રીઓએ સ્વીકાર્યું કે ઈમોશનને આર્થિક બાબતો સાથે સંબંધ છે. માણસ ઘણી વખત તર્કબદ્ધ વિચારવાને બદલે લાગણીથી વિચારીને માર્કેટિંગની સ્ટ્રેટજીમાં અટવાઈ જાય છે. આ જ વાતને કાહ્નમેને થોડાં વિસ્તારથી સમજાવી. તેમના કહેવા પ્રમાણે લાગણીવશ બિનજરૂરી ખરીદી માટે આપણું પોકેટ નહીં, પણ દિમાગના ફેક્ટર્સનું જટિલ ગણિત જવાબદાર છે.

આધુનિક માર્કેટિંગ માત્ર પ્રોડક્ટ વેચવા માટેની ટ્રિક નથી કરતું, એ માણસના દિમાગમાં થતાં રાસાયણિક ફેરફારોને ઉત્તેજીત કરીને શોપિંગ કરાવે છે.

મોડર્ન સાઈકોલોજી અને ઈકોનોમિક્સમાં શોપિંગ સાઈકોલોજી માટે એક થિયરી રજૂ થાય છે. એકથી વધુ સાયન્ટિફિક રિસર્ચ કહે છે કે માણસને જેટલો આનંદ ખરીદેલી વસ્તુ વાપરવાથી નથી મળતો, એટલો આનંદ ખરીદવાની કલ્પના માત્રથી કે ખરીદી કરતી વખતે મળે છે. આ વાત બહુ મહત્ત્વની અને સમજવા જેવી છે. જ્યારે આપણે આકર્ષક કપડાં-જૂતાં, લેટેસ્ટ સ્માર્ટફોન કે મોંઘી ઘડિયાળ જોઈએ છીએ ત્યારે મગજના 'ન્યુક્લિયસ એકમબન્સ' નામના રિવોર્ડ સેન્ટરમાંથી ડોપામાઈન નામનું ન્યુરોટ્રાન્સમીટર ધસમસતું વહેવા લાગે છે. ડોપામાઈન એટલે ઉત્તેજના અને આશા, અપેક્ષાનું કેમિકલ. દિમાગને લાગે છે કે 'આ વસ્તુ મળશે તો મારી લાઈફ બેસ્ટ બની જશે!'

રસપ્રદ વાત એ છે કે જેવી પેમેન્ટની પ્રક્રિયા પૂરી થાય અને બિલ ચૂકવાય, એટલે ડોપામાઈનનું લેવલ ધડામ દઈને નીચે પટકાય છે. આ જ ક્ષણે શારીરિક-માનસિક પીડા નોંધતો મગજનો બીજો હિસ્સો- 'ઈન્સ્યુલા' સક્રિય થાય છે. જેને બિહેવિયરલ સાયન્સમાં 'પેઈન ઓફ પેયિંગ' કહેવાય છે. નાણા ચૂકવ્યા તેનું દર્દ. કંઈ ગુમાવ્યાની ભાવના, પરંતુ એ લાગણીને અટકાવવા માટે મોડર્ન પેમેન્ટ પદ્ધતિ માણસના દિમાગને જુદી દિશામાં દોરે છે.

માર્કેટિંગમાં પેઈન ઓફ પેયિંગનું દર્દ ન થાય ને માણસ સતત ખરીદતો રહે તે માટે ઝીરો કોસ્ટ ઈએમઆઈ, ક્રેડિટ કાર્ડ પેમેન્ટ, 'બાય નાવ, પે લેટર' જેવી ડિજિટલ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી. તેના કારણે માણસને તત્કાલ ચૂકવણું થવાનું ન હોવાથી પેમેન્ટ કર્યાનો રંજ રહેતો નથી. એટલે પેલો દિમાગનો ઈન્સ્યુલા નામનો ટાપુ એક્ટિવ થતો નથી. ખરીદી પછી હેપ્પી હેપ્પી ફીલ થયા રાખે છે!

■ ■ ■

> **ગ્રાહકોના દિમાગ સાથે અને વર્તન સાથે છેડછાડ કરીને આખી માર્કેટિંગ સ્ટ્રેટજી બને છે અને દરેક તહેવારોમાં સેંકડો લોકો એ વ્યૂહમાં આબાદ સપડાતાં રહે છે...**

શોપિંગ સાઈકોલોજીમાં મેઈનલી ત્રણ ફેક્ટર્સ તારવવામાં આવ્યા છે. જેના કારણે માણસ સત્વરે ખરીદી કરે છે. પહેલું ફેક્ટર છે - એન્કરિંગ ઈફેક્ટ. જેને શોપિંગની બાબતમાં પૂર્વગ્રહનો પર્યાય કહી શકાય. સૌથી પહેલી માહિતી પર માણસ આંખ મીંચીને ભરોસો કરે છે. એક ઉદાહરણ સમજીએ. તમે કોઈ કપડાંના બ્રાન્ડેડ શો-રૂમમાં શર્ટ લેવા ગયા અને તમને જિન્સ ગમી ગયું. એમાં પ્રાઈઝ ટેગ ૪૦૦૦ રૂપિયા છે, પણ એના પર ચેકો મારીને બાજુમાં ઓફરનો ભાવ લખ્યો છે : ફેસ્ટિવ સીઝન પ્રાઈઝ ૧૫૯૯. દિમાગ તરત આ માહિતીને પ્રોસેસ કરીને ૨૪૦૦ રૂપિયાનો ફાયદો વિચારશે. આ દિમાગને મળેલી પહેલી માહિતી હતી ને આપણે તેના પર આંખ મીંચીને એટલો ભરોસો કર્યો કે ૧૫૯૯ ખર્ચીને એ પેન્ટ લઈ લીધું. ખરેખર તો તહેવાર પછી પણ તમને ઓલમોસ્ટ આ જ ભાવમાં એ જિન્સ પડ્યું હોત, પણ માર્કેટિંગમાં એન્કરિંગ ઈફેક્ટનો ગેરલાભ લઈને આપણને શર્ટની જરૂર હતી, પરંતુ જરૂર વગર જિન્સ પધરાવી દેવાયું.

બીજું ફેક્ટર છે - ફોમો કે સ્કેર્સિટી. ફોમો એટલે ફીયર ઓફ મીસિંગ આઉટ. કશુંક ગુમાવી દેવાનો ડર. સ્કેર્સિટી એટલે અછત. ઈ-કોમર્સનો તો ધંધો જ આના પર ચાલે છે. ઓન્લી ૨ લેફ્ટ, સેલ એન્ડ્સ ઈન ૧૫ મિનિટ્સ આવું કહીને ડિસ્કાઉન્ટની સાથે અછત ઉભી કરવામાં આવે. શો-રૂમમાં પણ તમે કહો કે 'બીજે જોઈ લઉં. ત્યાં નહીં ગમે તો આ લઈ જઈશ.' તો સેલ્સપર્સન તમને કહેશે, 'આ છેલ્લો પીસ છે બોસ. પાછા આવશો ત્યારે નહીં મળે.' આપણને લાગશે કે કંઈક ગુમાવી દઈશું એટલે આપણે તુરંત ઓર્ડર કરી દઈશું. હકીકત એ છે કે 'ઓન્લી ૨ લેફ્ટ' લખ્યું હોવા છતાં વારંવાર એ પ્રોડક્ટ ઓનલાઈન જોવા મળતી રહે છે.

ત્રીજું ફેક્ટર છે - ડીડરોટ ઈફેક્ટ. ફ્રેન્ચ ફિલોસોફર ડેનિસ ડીડરોટે આ થિયરી જુદા સંદર્ભમાં વર્ષો પહેલાં આપી હતી. આપણે એક વસ્તુ ખરીદીએ ત્યારે બીજી વસ્તુ ખરીદવાની ઉત્તેજના જાગે. નવો મોબાઈલ ખરીદીએ તો કવરની સાથે ઈયરબડ્સ અને સ્માર્ટવોચ પણ ખરીદીએ. એક રૂમના પડદાં બદલીએ તો હોલ અને બીજા ઓરડાઓના પણ બદલાવવાની ઉત્તેજના થાય. જિન્સ-શર્ટની જોડી ઓફરમાં ખરીદીએ ત્યારે જિન્સની સાથે બીજું એક એક્સ્ટ્રા ટી-શર્ટ પણ મેચ થાય છે એમ વિચારીને સાથે સાથે ખરીદી લાવીએ. સાઈકોલોજીના આ ફેક્ટરથી શોપિંગની આખી સાઈકલ ચાલતી રહે છે.

વેલ, તહેવારોમાં ખરીદી કરવી જોઈએ. તહેવારોની ઉજવણીનો એ ભાગ છે. શોપિંગ વગર તહેવારોમાં તહેવારો જેવું લાગતું નથી એ વાત પણ સાચી છે, પરંતુ આપણે માર્કેટિંગ સ્ટ્રેટજીના ભાગરૂપે થતાં દિમાગી ખેલનો હિસ્સો બનીને અતાર્કિક બિનજરૂરી ખરીદી કરી લઈએ છીએ તેમાંથી બચવા જેવું છે. આપણે એ યાદ રાખવું જોઈએ કે જે ખરીદી કરીએ છીએ એ માટે આપણી જરૂરિયાતનું કે સેલિબ્રેશનનું ફેક્ટર જ કામ કરે છે કે પછી બાહ્ય ફેક્ટર્સથી આપણને ઉશ્કેરવામાં આવે છે! ■

તહેવારોમાં સાઈકોલોજીના જુદા ફેક્ટર્સ કામ કરે છે!

દિવાળી જેવા તહેવારોમાં કન્ઝ્યૂમર બિહેવિયરમાં અમુક ફેક્ટર્સ ઉમેરાઈ જતાં જોવા મળે છે. જેમ કે સોશિયલ પ્રૂફિંગ. દિવાળીમાં આડોશી-પાડોશી, સગાં-વહાલાં સૌ ખરીદે છે તો આપણે પણ ખરીદવું પડશે - એ ફેક્ટર તહેવારોમાં ઉમેરાતું હોય છે. તહેવારોમાં મગજમાં સેલ્ફ લાઈસન્સિંગ ઈફેક્ટ સર્જાય છે - દિવાળી આવે છે તો થોડો ખર્ચ કરી નાખીએ, આખું વર્ષ બીજા ખર્ચા નહીં કરીએ. માણસ પોતે જે બિનજરૂરી શોપિંગ કરી નાખે છે તેને તહેવારોનું જસ્ટિફિકેશન આપે છે. સાંસ્કૃતિક ફેક્ટર પણ એક કારણ બને છે - ધનતેરસના દિવસે બધા સોનું-ચાંદી ખરીદે છે તો આપણે પણ ખરીદવું પડશે એમ વિચારીને ખરીદી થતી હોય છે. તહેવારો પહેલાં કામ પૂરું કરવા થયેલી ભાગદોડ, ઘરની સફાઈ જેવા કારણોથી શારીરિક-માનસિક સ્ટ્રેસ ફીલ થાય છે. ખરીદીથી હેપીનેસની કિક વાગે છે એટલે પણ ખરીદી થતી હોય છે.

દુનિયાભરના ઠગ આપણને ફોન કોલ કરી, વાતમાં પરોવીને શિકાર બનાવે છે ત્યારે...

ઓનલાઈન ફ્રોડનો સામનો કરવાની નવતર રીત



અરે કિશોરભાઈ, આપને મુજે પહેચાના? પીછલી દિવાલી મેં આપ કે ઘર કલર કરને આયા થા... આપ કી થોડી મદદ કી જરુરત હૈ... મેરા બેટા હોસ્પિટલ મેં હૈ ઔર ...'', ''સર, આપકી કાર કા ઈન્સ્યોરન્સ ડ્યૂ હૈ, મૈં નયા ક્વોટેશન ભેજતી હું...'' ,''મેડમ, હમારે લકી ડ્રો મેં આપ કા નામ સિલેક્ટ હુઆ હૈ, આપકો આઈફોન મિલ સકતા હૈ...''

હવે આપણે સૌ આવા ફોનકોલ્સથી કંટાળી ગયા છીએ. ખરી તકલીફ એ છે કે આ બધા મેસેજિસમાં આપણે માટે ખરેખર કામના કે પછી તદ્દન નકામા અને આપણને સાણસામાં લેવાનો પ્રયાસ કરતા કોલ્સની જબરી ભેળસેળ થઈ ગઈ છે. કોનો વિશ્વાસ કરવો એ નક્કી જ ન થઈ શકે!

એટલું આશ્વાસન ખરું કે હવે આપણા દેશમાં ૧૬૦૦ નંબરથી શરૂ થતા સીરિઝવાળા ફોન નંબર પરથી કોલ આવ્યો હોય તો આપણે એટલું માની શકીએ કે આપણું જેમાં એમાં એકાઉન્ટ છે એ બેંક કે અન્ય કોઈ ફાયનાન્સિયલ સર્વિસમાંથી કોલ છે.

બેંક તથા આવી સંસ્થાઓ માટે આપણા એકાઉન્ટ સંબંધિત માહિતી માટે ચોક્કસ સીરિઝના નંબરનો ઉપયોગ ફરજિયાત છે. આ સીરિઝનો નંબર અન્ય કોઈને મળી શકતો નથી. જોકે બેંક અને અન્ય સંસ્થાઓ પણ સર્વિસ સંબંધિત માહિતી તથા પ્રમોશનલ મેસેજની ભેળસેળ કરવા લાગી છે.

આવી નિશ્ચિત સીરિઝવાળા નંબર પરથી આવતા કોલ પ્રમોશનલ હોય તો પણ એ આપણે માટે જોખમી હોતા નથી.

બીજી બાજુ તદ્દન અજાણ્યા નંબર પરથી અને આપણી સાથે કોઈને કોઈ રીતે ફ્રોડ કરવાના હેતુથી કરવામાં આવતા સ્પામ કોલ્સનું પ્રમાણ બેહદ વધી ગયું છે. મોબાઈલ કંપનીઓ હવે નવી ટેક્નોલોજી લાવીને આપણે પહેલેથી ચેતવે છે કે આ સ્પામ કોલ છે કે સંભવિત ફ્રોડને લગતો કોલ છે, ઉપાડશો નહીં! આપણે આવા કોલ કાપી નાખીએ એટલે એ કોલ કરનાર ઠગ તરત બીજો કોઈ નંબર ડાયલ કરીને તેને સાણસામાં લેવાનો પ્રયાસ કરે.

કેટલાક લોકો આવા કોલથી કંટાળવાને બદલે તેમાંથી બેઘડી આનંદ લઈ લેવાનો પ્રયાસ કરતા હોય છે. તમે પણ ક્યારેક એવું કર્યું હશે. કોઈ અજાણ્યા નંબર પરથી તમને કોલ આવે, તમે સમજી જાવ કે આ કોઈ ઠગ ટોળકીનો કોલ છે. તો ફોન તરત કટ કરવાને બદલે તમે એની સાથે વાતોએ વળગો! જેમ કે, કોઈ ફોન કરીને કહે કે ''પીછલી દિવાલી પે આપ કે ઘર કલર કરને આયા થા...'' તો તમને ખબર હોય જ કે ગઈ દિવાળીએ તમે ઘરમાં કલર કરાવ્યો નહોતો. પેલો રીતસર ધાપું મારી રહ્યો છે. પરંતુ તમે એની સાથે હા માં હા મેળવો! તમે એની પાસેથી વધુ વાત કઢાવવાની કોશિશ કરો.

વાત ખરેખર જોખમી વળાંક લે ત્યારે તો તમે ફોન કટ કરી નાખવા તૈયાર હો પરંતુ ત્યાં સુધી તમે પણ ગપગોળા હાંકો.

ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રહેતા એક પ્રોફેસરે પણ આવી મજાકનો એક વાર આનંદ લીધો. એટલું જ નહીં, આવી મજાકમાંથી એમને જબરા બિઝનેસનો આઈડિયા સૂઝ્યો - જાણો વધુ!

જો આપણે સ્પામ કોલ કે ફ્રોડ કોલ પારખી લઈએ અને તેનો જવાબ ન આપીએ તો ઠગ તરત બીજા નંબર પર હાથ અજમાવે છે.

તેના બદલે, એ ઠગ સાથે જાણી-જોઈને, સમજી-વિચારીને લાંબી વાત ચલાવવામાં આવે તા? તો બીજું કોઈ એનો શિકાર ન બને.

બસ આટલા જ આઈડિયામાંથી એક પ્રોફેસરે એઆઈને કામે લગાડીને લોકોને ફ્રોડથી બચાવવા મોટું સ્ટાર્ટઅપ ઊભું કર્યું છે.

સ્કેમ્સ્ટરને વાતમાં પરોવીને તેમનો સમય વેડફો!

તમારો અનુભવ હશે જ કે હવે આપણા પર બિઝનેસ કોલ કે સ્પામ કોલ કરનારા લોકો વીક ડેઝ કે વીકએન્ડનો કોઈ ભેદ રાખતા નથી. શનિવારે કે રવિવારે બપોરે પણ આપણને ક્રેડિટ કાર્ડ વેચવા કે ઇનામમાં આઈફોન આપવા માટે કોલ કરતાં કોઈ ખચકાતું નથી.

ઓસ્ટ્રેલિયાના ડાલી કાફર નામના એક પ્રોફેસરને પણ એક શનિવારે બપોરે આવો કોલ આવ્યો. પ્રોફેસર એમની પત્ની અને બે બાળકો સાથે સિડની સિટીના એક બગીચામાં પિકનિકની મજા માણી રહ્યા હતા.

સરસ કૂણો તડકો હતો... સૌ ફેમિલી ટાઇમ માણી રહ્યા હતા, ત્યાં પ્રોફેસરનો મોબાઇલ રણક્યો. સ્ક્રીન પર દેખાતા નંબર પરથી પ્રોફેસરને અંદાજ આવી ગયો કે એ સ્કેમ કોલ હતો. પ્રોફેસર પોતે સાયબર સિક્યોરિટી એક્સપર્ટ છે, એટલે એમણે આવા કોલને અવગણ્યો જ હોત. પરંતુ એ દિવસે તેઓ પોતે હળવા મૂડમાં હતા એટલે પેલા સ્કેમ કોલ કરનાર સાથે મસ્તી કરવાનું સૂઝ્યું.

પ્રોફેસર તો બગીચામાં પિકનિક માણી રહ્યા હતા એટલે તેઓ ઇચ્છે તો પણ કમ્પ્યૂટરની એક્સેસ આપી શકે તેમ નહોતા. પણ પ્રોફેસર એ દિવસે કંઈક જુદા મૂડમાં હતા એટલે તેમણે પેલા સ્કેમ્સટર સાથે પૂરી ૪૪ મિનિટ સુધી ગપગોળા હાંક્યા!

પ્રોફેસરનાં બાળકોને આ વાતચીત સાંભળીને મજા પડી ગઈ. પરંતુ તેમનાં પત્ની બગડ્યાં. તેમણે કહ્યું કે પ્રોફેસરે પિકનિક આખી મજા બગાડી નાખી. પ્રોફેસરે તેમની જિંદગીની ૪૪ મિનિટ વેડફી નાખી. એ સમય ફરી પાછો ક્યારેય નહીં મળે.

જોકે પત્નીના આ જ શબ્દોમાં પ્રોફેસરને એક નવો આઈડિયા દેખાયો.

પ્રોફેસરને ઝબકારો થયો!

પ્રોફેસર બીજા દિવસે પોતાની ઓફિસે પહોંચ્યા ત્યારે તેમણે અન્ય પીએચડી સ્ટુડન્ટ, એઆઇ સિક્યોરિટી એક્સપર્ટ તથા નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગનો અભ્યાસ કરતા લોકોને એકઠા કર્યા.

પ્રોફેસરે પેલા સ્કેમ્સટર સાથેની તેમની ૪૪ મિનિટની વાતચીત અને તેના પરથી તેમને આવેલો આઈડિયા સૌ સાથે શેર કર્યો. પ્રોફેસરે એ પણ કહ્યું કે તેમની પત્નીએ અકળાઈને કહ્યું હતું કે પેલા સ્કેમ્સટર સાથે વાતચીત કરીને પ્રોફેસરે ૪૪ મિનિટ વેડફી નાખી.

પ્રોફેસરે કહ્યું કે તેમનો આઈડિયા એક્ઝેટલી એ જ છે - લોકોનો સમય વેડફી નાખવો. પરંતુ પોતાનો કે સરેરાશ નાગરિકોનો નહીં, અન્ય લોકોને ફ્રોડનો ભોગ બનાવવા માગતા લોકોનો સમય વેડફી નાખવો!

તેમણે ફોન ઉપાડ્યો.

પ્રોફેસર કહે છે કે તેમનાં બાળકો પાસે જ હતાં. એમને કંઈક અનુભવ મળે ને કંઈ નવું શીખવા મળે એ હેતુથી તેમણે ફોન પર પેલા સ્કેમ્સટર સાથે વાત કરવાનું શરૂ કર્યું. શરૂઆતમાં તેમણે પોતે પેલા સ્કેમ્સટરની કોઈ વાત સમજતા નથી એવો ડોળ કર્યો.

પછી તેને ખોટી માહિતી આપવાનું શરૂ કર્યું.

પેલો સ્કેમ્સટર્સ એમને એવું કહેતો હતો કે પ્રોફેસરના કમ્પ્યૂટરમાં કંઈક ગરબડ છે. તેને ઠીક કરવા માટે એ લોકોને કમ્પ્યૂટરની રિમોટ એક્સેસની જરૂર છે. દેખીતું છે કે જો આવી રિમોટ એક્સેસ આપવામાં આવે તો પછી સ્કમસ્ટર્સ પ્રોફેસરના કમ્પ્યૂટરમાં ધારે તે કરી શકે.

સ્કેમ્સ્ટરને જ સાણસામાં લો

પ્રોફેસરનું કહેવું હતું કે આજના સમયમાં ઓનલાઇન ફ્રોડ એક જબરજસ્ત મોટો બિઝનેસ બની ગયો છે. દુનિયાભરમાં પથરાયેલા ગુનેગારો કોઈને કોઈ રીતે અન્ય સરેરાશ લોકોની માહિતી મેળવે છે. કરોડો યૂઝર્સ ધરાવતી વિવિધ ઓનલાઇન સર્વિસ બેંક વગેરેનો ડેટા અવારનવાર ચોરાતો રહે છે એટલે ગુનેગારોને લોકોની વધુ ને વધુ માહિતી મળતી જાય છે. તેનો ઉપયોગ કરીને તેઓ સામાન્ય લોકોને ફોન કરે છે અને તેમની જ માહિતી તેમને જણાવીને વિશ્વાસ જીતવાની કોશિશ કરે છે.

ડિજિટલ એરેસ્ટ જેવા કિસ્સામાં જાતભાતના નકલી દસ્તાવેજો પુરાવા ઊભા કરવામાં આવે છે અને ફોન પર વાતચીત કરતી વખતે સામ, દામ, દંડ, ભેદ જેવા બધા રસ્તા અપનાવવામાં આવે છે.

પ્રોફેસરનું કહેવું હતું કે ગુનેગારો સરેરાશ નાગરિકોને શિકાર બનાવવા માટે ફોન કોલ કરે ત્યારે આવા કોલને પારખીને કોલ બ્લોક કરી દેવામાં આવે કે નાગરિકોને એ કોલનો જવાબ ન આપવા માટે ચેતવવામાં આવે એટલું પૂરતું નથી. ખરેખર તો લોકોને વાતચીતમાં પરોવીને સાણસામાં લેવાની ગુનેગારોની સામે જ હથિયાર બનાવવી જોઈએ.

જાણી જોઈને, સમજી વિચારીને એ ગુનેગારોને વાતચીતમાં પરોવી રાખવામાં આવે તો તેમનો સમય વેડફાય અને સરેરાશ નાગરિક શિકાર બનતાં બચે.

પ્રોફેસરનું માનવું હતું કે દુનિયાભરના સ્કેમ્સટર્સનો આ રીતે સમય વેડફી શકાય તો દુનિયામાં ઓનલાઇન ફ્રોડનું પ્રમાણ ઘટાડી શકાય!

પ્રોફેસરે પોતાનો આઇડિયો અન્ય સ્ટુડન્ટ્સ અને નિષ્ણાતો સાથે શેર કર્યો. સૌને તેમની વાતમાં દમ લાગ્યો. એ સૌને એ પણ સમજાયું કે સ્કેમ્સટર્સને વાતચીતમાં પરોવી રાખવામાં આવે અને વાતનો દોર ચોક્કસ હેતુથી આગળ ધપાવવામાં આવે તો સ્કેમ્સટર્સ પાસેથી તેમની ટ્રિક્સ વિશે પણ ઘણી વધુ માહિતી મેળવી શકાય.

એઆઈની મદદ લીધી

દેખીતું છે કે પ્રોફેસર આ રીતે સ્કેમ્સટર્સનો સમય વેડફવા માટે એઆઈની મદદ લેવાનું નક્કી કર્યું. તેમનો આઈડિયા એ હતો કે જ્યારે કોઈ સ્કેમ્સટર્સ સરેરાશ નાગરિક સાથે ઓનલાઇન ફ્રોડ કરવાના હેતુથી ફોન કોલ કરે ત્યારે ફોનલાઇન સાથે કનેક્ટેડ એઆઇ સર્વિસ એ કોલ ફ્રોડ સંબંધિત હોવાનું જાણી લે (જે રીતે અત્યારે આપણી ફોન કંપની આપણને ચેતવે છે) અને તરત જ વાતચીતનો કંટ્રોલ પોતાના હાથમાં લઇ લે.

મતલબ કે સ્કેમ્સટર્સે કોઈ સીધા સાદા નાગરિકને કોલ કર્યો હોય પરંતુ તેની વાતચીત એઆઇ સાથે શરૂ થાય.

આ એઆઇને એવી રીતે ટ્રેઇન કરવામાં આવે કે તે પેલા સ્કેમ્સટરની વાતમાં તેને કંઈ ગતાગમ પડતી નથી એવો દેખાવ ઊભો કરે. સ્કેમ્સટર સાથે તે સાવ નિરર્થક વાતો કર્યા કરે પરંતુ એટલી સંભાળ રાખે કે સ્કેમ્સટરને તે પોતે શિકાર બની રહ્યો હોવાનો અણસાર ન આવે. આથી સ્કેમ્સટર એવી જ આશામાં રહે કે સામેની વ્યક્તિ ગમે ત્યારે સાણસામાં આવી જશે. આથી તે પણ વાતચીત ચાલુ રાખે!

આજે પ્રોફેસરનો એ આઇડિયા એ ફૂલફલેજ બિઝનેસમાં ફેરવાઈ ગયો છે. પ્રોફેસર અને તેમની ટીમે Apate.ai નામે એક કંપની ઊભી કરી છે. ગ્રીક માયથોલોજીમાં 'આપેતી' નામે એક દેવીનો ઉલ્લેખ છે જે ભ્રમ કે માયાજાળની દેવી ગણાય છે!

આજે એક સફળ બિઝનેસ

હવે પ્રોફેસર અને તેમની ટીમે રીતસર એઆઇ બોટ્સની આર્મી ડેવલપ કરી છે. વિવિધ બેંક, ફાયનાન્સિયલ ઇન્સ્ટિટ્યૂશન તથા અન્ય બિઝનેસિસ પોતાના યૂઝર્સ, ક્લાયન્ટ્સ, કસ્ટમર્સ વગેરેને ફ્રોડથી બચાવવા માટે પ્રોફેસરની કંપનીની મદદ લે છે. પ્રોફેસરના ક્લાયન્ટ્સના વિશાળ ગ્રાહક વર્ગમાંથી કોઈના પર પણ ફ્રોડની શક્યતાવાળો કોલ આવે ત્યારે પ્રોફેસરના બોટ વાતચીતનો દોર પોતાના હાથમાં લઇ લે છે.

દેખીતું છે કે આવું કરતી વખતે સામાન્ય, સીધાસાદા કોલનો કંટ્રોલ એઆઇ પોતાના હાથમાં ન લઇ લે તેની પૂરતી કાળજી લેવામાં આવે છે. સામેના છેડે કોઈ સ્કેમ્સટર છે એવી ખાતરી થાય એ પછી પ્રોફેસરના એઆઇ બોટ્સ એ સ્કેમ્સટર પાસેથી વધુ ને વધુ માહિતી મેળવવાનો પ્રયાસ કરે છે.

આ માહિતી પ્રોફેસરની કંપનીના ક્લાયન્ટ્સ તથા સરકાર અને પોલીસ સંસ્થાઓને આપવામાં આવે છે. જેથી તેઓ ઓનલાઇન ફ્રોડનો સામનો કરવા માટેના ટૂલ્સ ડેવલપ કરી શકે.

પ્રોફેસર કહે છે કે તેમની કંપનીએ ડેવલપ કરેલા બોટ્સ કેટલાક કિસ્સામાં તો સ્કેમ્સટર સાથે બે-બે કલાક સુધી વાતોનાં વડાં કરવામાં સફળ રહ્યા છે. પ્રોફેસરનો જે મૂળ આઇડિયા હતો - ઓનલાઇન ફ્રોડ કરવા માગતા લોકોનો સમય વેડફવો - એ સફળ થઈ રહ્યો છે!

ઈન્સ્ટા હવે યુટ્યૂબ સાથે સીધી હરીફાઈમાં ઊતરશે - ફોનમાં અને ટીવી પર

ઈન્સ્ટાગ્રામમાં આવી રહ્યા છે લાંબા અને હોરિઝોન્ટલ વીડિયો

અત્યાર સુધી, ટૂંકી અને વર્ટિકલ રીલ્સ એ જ ઈન્સ્ટાગ્રામની ઓળખ રહી છે, પરંતુ થોડા સમયમાં સ્થિતિ બદલાય એવી શક્યતા છે. ઈન્સ્ટાગ્રામમાં હવે લાંબા અને હોરિઝોન્ટલ વીડિયો પણ જોવા મળશે. કંપનીના સીઈઓ એડમ મોસેરી અને પ્રોડક્ટના વાઈસ પ્રેસિડેન્ટે પોતે આ વાત આશરે સાડા છ મિનિટના એનાઉન્સમેન્ટ વીડિયોમાં જણાવી છે. એક શક્યતા અનુસાર ઈન્સ્ટાગ્રામમાં નેવું મિનિટ સુધીના વીડિયો પણ જોવા મળી શકે છે!



જો આ શક્યતા વાસ્તવિકતામાં બદલાય તો ઈન્સ્ટાગ્રામ સીધેસીધી યુટ્યૂબની હરીફાઈ કરશે. ઈન્સ્ટાગ્રામમાં આવા લાંબા અને હોરિઝોન્ટલ વીડિયોને 'ફીચર્સ' નામ આપવામાં આવ્યું છે (નામ એકદમ જેનરિક હોવાથી કન્ફ્યૂઝન ઊભું કરશે એ નક્કી છે). જોકે શરૂઆતમાં બહુ મર્યાદિત પ્રમાણમાં માત્ર અમુક કન્ટેન્ટ ક્રિએટર્સ સાથે આ પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. થોડા સમયથી બ્રાઝિલમાં કેટલાક ક્રિએટર્સને કંપનીએ આ રીતે ઈન્સ્ટાગ્રામ માટે લાંબા અને હોરિઝોન્ટલ વીડિયો ક્રિએટ કરવા ઈન્વાઈટ કર્યા હતા. હવે આ ટેસ્ટ યુએસમાં પણ વિસ્તારવામાં આવી રહ્યો છે. કંપનીએ આ માટે ક્યા માપદંડોને આધારે કન્ટેન્ટ ક્રિએટર્સને ઈન્વાઈટ કર્યા છે તેની કોઈ ચોખવટ કરી નથી. તેમ લોંગ ફોર્મેટ વીડિયો ક્રિએટ કરનારા ક્રિએટર્સને કંપની કોઈ પેમેન્ટ કરશે કે કેમ તેની પણ કોઈ સ્પષ્ટતા નથી.

ઈન્સ્ટાગ્રામ પર 'ફીચર્સ' રૂપે લાંબા વીડિયો દેખાવા લાગશે તો તેમાં યુટ્યૂબની જેમ પોડકાસ્ટ, ઈન્ટરવ્યૂ, કોમેડી સ્પેશિયલ તથા વ્લોગ્સ જોવા મળે તેવી શક્યતા છે.

યુટ્યૂબ પર અત્યારે કલાકો સુધી ચાલે તેવા લાંબા લાંબા વીડિયો પણ જોઈ શકાય છે. જ્યારે ઈન્સ્ટાગ્રામ 'ફીચર્સ'માં વધુમાં વધુ ૯૦ મિનિટની લંબાઈ મળે તેવી શક્યતા છે. આવા લાંબા વીડિયોને ઈન્સ્ટાગ્રામ પર પ્રમોટ કરવા માટે 'લિંક્ડ રીલ્સ'નું ફીચર પણ ટેસ્ટ કરવામાં આવી રહ્યું છે. એ કારણે કોઈ કન્ટેન્ટ ક્રિએટર ઈન્સ્ટાગ્રામ પર કલાક-દોઢ કલાકનો વીડિયો શેર કરે તો તેના પ્રમોશન માટે માંડ ત્રીસેક સેકન્ડની રીલ બનાવીને તેને પણ ઈન્સ્ટાગ્રામ પર શેર કરી શકશે. આવી રીલ પર ક્લિક કરવાથી સીધો ઈન્સ્ટાગ્રામમાં જ પેલો ફૂલ વીડિયો ઓપન થશે. મતલબ કે રીલ મૂવીનું ટ્રેલર બનશે અને ફીચર વીડિયોને આખેઆખી મૂવી કહી શકાય.

અત્યારે લોકો યુટ્યૂબ પર લાંબા વીડિયો શેર કરીને તેના પ્રમોશન માટે હાઈલાઈટિંગ રીલ્સ બનાવીને ઈન્સ્ટાગ્રામ પર શેર કરે છે. આવી રીલ્સ સાથે 'ફૂલ એપિસોડ ઓન યુટ્યૂબ, લિંક ઇન બાયો' જેવું કંઈક જોવા મળતું હોય છે. ઈન્સ્ટાગ્રામ ઇચ્છે છે કે આ રીતે યુટ્યૂબના વીડિયો પ્રમોટ કરવા માટે ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ થાય તેમના બદલે બધું જ ઈન્સ્ટાગ્રામમાં જ કરી અને જોઈ શકાય.



આ સાથે ઈન્સ્ટાગ્રામમાં 'સીરિઝ' શરૂ થાય એવી પણ શક્યતા છે. તેની મદદથી કન્ટેન્ટ ક્રિએટર પોતાના પ્રોફાઇલ પર એકમેક સાથે કનેક્ટેડ રીલ્સ ક્રિએટ કરી શકશે. આવી 'સીરિઝ'ને એક ડેડિકેટેડ હોમ મળશે. અત્યારે યુએસ, ભારત અને મેક્સિકોમાં કેટલાક પસંદગીના ક્રિએટર્સને આ સગવડ મળવા લાગી છે. અને હા, આ બધું ઈન્સ્ટાગ્રામની ટીવી એપ સાથે કનેક્ટેડ રહેશે. કંપનીએ ગયા વર્ષે ઈન્સ્ટાગ્રામની ટીવી એપ લોન્ચ કરી હતી. એ કારણે ટીવીના હોરિઝોન્ટલ સ્ક્રીનને ધ્યાનમાં રાખીને ઈન્સ્ટાગ્રામમાં લાંબા અને હોરિઝોન્ટલ વીડિયો ઓફર કરવામાં આવશે. અત્યારે લોકોના ટીવી મારફત યુટ્યૂબે ડ્રોઇંગ રૂમ્સમાં જબરો કબજો જમાવી દીધો છે, પરંતુ તેને ઈન્સ્ટા જબરી ટક્કર આપશે એ નક્કી છે.

એક ખાસ પહેલ, આપને માટે!

શ્રેયાર્થ યુનિવર્સિટી TECHNO QUIZ

ટેક્નોક્વિઝમાં ભાગ લો, નોલેજ સાથે ઈનામ મેળવો!

પ્રશ્ન-૧. એઆઈથી ઓનલાઈન ફ્રોડનો સામનો કરવાનું સ્ટાર્ટઅપ apate.ai ક્યા દેશમાં શરૂ થયું?
(૧) ઇઝરાયેલ (૨) ઓસ્ટ્રોલિયા (૩) જર્મની

પ્રશ્ન-૨. ઈન્સ્ટાગ્રામ કંપનીના સીઈઓ કોણ છે?
(૧) ઈલોન મસ્ક (૨) જેક ડોર્સી (૩) એડમ મોસેરી

પ્રશ્ન-૩. નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ)નું એકાઉન્ટ યુપીઆઇ એપ મારફત ખોલવાની વ્યવસ્થા ક્યા નામે ઓળખાય છે?
(૧) તત્કાલ એનપીએસ (૨) ફાસ્ટટ્રેક એનપીએસ
(૩) ક્વિક એનપીએસ

જવાબો મોકલવા આ ક્યૂઆર કોડ સ્કેન કરો

તા. ૨૫-૧૦-૨૦૨૬ ક્વિઝના વિજેતાઓ

ઝરણા શાહ, કલ્પના દિલીપભાઈ શાહ, શૈલેષ ભરવાડ

તા. ૨૫-૧૦-૨૦૨૬ ક્વિઝના જવાબો

પ્રશ્ન-૧. ચીજવસ્તુની વિગતો, લોકેશન યાદ રાખવા માટેનું 'રીમેમ્બર્ડ' ફીચર કઈ એપમાં ઉમેરાયું છે? - ફાઇન્ડ હબ

પ્રશ્ન-૨. ગૂગલ અર્થ પ્રોગ્રામનું અગાઉ શું નામ હતું? - અર્થવ્યૂઅર૩ડી

પ્રશ્ન-૩. ગૂગલની 'ફાઇન્ડ હબ' સર્વિસ સૌથી પહેલાં કયા નામે ઓળખાતી હતી? - એન્ડ્રોઇડ ડિવાઇસ મેનેજર

વિજેતાઓને અભિનંદન! આપનાં ઇનામ માત્ર રૂબરૂ અથવા કોઈ પ્રતિનિધિ દ્વારા આ સરનામેથી ૧૫ દિવસમાં મેળવી લેવાનાં રહેશેઃ શ્રેયાર્થ યુનિવર્સિટી, એમ. જે. લાઇબ્રેરી પાસે, આશ્રમ રોડ, અમદાવાદ(સવારના ૧૦થી સાંજના ૬) ૯૩૧૩૯૨૬૧૦૨/૪, info@shreyarthuni.ac.in, વેબસાઇટઃ shreyarthuni.ac.in.



ક્યૂઆર કોડ સ્કેન કરવા માટે સ્માર્ટફોનમાં ગૂગલ સર્ચ એપમાં 'લેન્સ' ઓપન કરી તેનાથી કોડ સ્કેન કરો. આઈફોન તથા અમુક એન્ડ્રોઇડ ફોનમાં ડાઈરેક્ટ કેમેરા ઓપન કરી સ્કેન કરી શકાશે (તમારા ફોનમાં આ સગવડ તપાસવા માટે કેમેરા એપનાં સેટિંગ્સ તપાસી જુઓ). એ ઉપરાંત, ફોનમાં ક્રોમ બ્રાઉઝરમાં 'શેર' બટન ક્લિક કરતાં ક્યૂઆર કોડ સ્કેન કરવાનો વિકલ્પ મળશે. પેટીએમ જેવી અમુક પેમેન્ટ એપમાંથી પણ આ ક્યૂઆર કોડ સ્કેન કરી શકાશે.

ટેકન્યૂઝ | ટેકજગતના ખબરઅંતર...

નેશનલ પેન્શન સિસ્ટમનું એકાઉન્ટ હવે યુપીઆઇ એપમાંથી જ

નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ)નું એકાઉન્ટ ખોલાવવાનું કામ હવે ખરેખર આંગળીના ઇશારે થઈ શકશે. આ સુવિધા હવે ભીમ પેમેન્ટ્સ એપ તથા ફોનપેમાં આવી ગઈ છે. ભારતના ૧૮થી ૮૫ વર્ષના કોઈ પણ નાગરિક એનપીએસ એકાઉન્ટ ખોલાવી શકે છે. હાલના બેંક વેરિફાઇડ કેવાયસીની મદદથી રૂપિયા ૨૫૦ના પ્રારંભિક કન્ટ્રીબ્યુશનથી ભીમ એપમાં ત્રણ સ્ટેપમાં આ એકાઉન્ટ ખોલી શકાય છે.

આ સુવિધા 'તત્કાલ એનપીએસ' નામે ઓળખાય છે. ભીમમાં ઉમેરાયેલી આ સુવિધાને કારણે આપણે એનપીએસ એકાઉન્ટ ખોલાવવા માટે બેંકમાં રૂબરૂ જવું પડશે નહીં કે નવેસરથી કાગળિયાં કરવા પડશે નહીં. બધું જ યુપીઆઇ મારફત ભીમ એપમાં થઈ શકે છે.

ભારતમાં ભીમ એપનું સંચાલન નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એનપીસીઆઇ)ની પેટા કંપની એનપીસીઆઇ ભીમ સર્વિસિસ લિમિટેડ (એનબીએસએલ) દ્વારા કરવામાં આવે છે. આ કંપનીએ ભીમમાં 'તત્કાલ એનપીએસ' સુવિધા ઉમેરાઈ હોવાની જાહેરાત કરી છે.

આ એકાઉન્ટ ક્રિએટ કરવા માટે આપણે ભીમ એપમાં 'તત્કાલ એનપીએસ' સેકશનમાં જઇને તેમાં આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. આ માટે આપણે પોતાની જન્મ તારીખ આપીને પોતાનું બેંક એકાઉન્ટ પસંદ કરવાનું રહેશે (આપણી બેંક આ યોજનામાં સામેલ હોવી જરૂરી છે). ત્યાર પછી યુપીઆઇ મારફત જ આપણે એનપીએસ માટે પહેલું કન્ટ્રીબ્યુશન કરી શકીશું. હાલમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, એચડીએફસી બેંક, આઇસીઆઇસીઆઇ બેંક, એક્સિસ બેંક, ઇન્ડસઇન્ડ બેંક તથા બેંક ઓફ બરોડા 'તત્કાલ એનપીએસ'ની સુવિધા આપે છે. વધુ બેંકો પણ ઝડપથી આ સુવિધા આપે તેવી શક્યતા છે.

એનપીએસ યોજના ભારતીય નાગરિકોને બહુ ઓછા ખર્ચે નિવૃત્તિ પછી ઉપયોગી થાય એવી પેન્શન સ્કીમનો લાભ આપે છે. આ સ્કીમમાં આપણે જમા કરેલા રૂપિયાનું રોકાણ માર્કેટ લિંક્ડ ફંડ્સમાં કરવામાં આવે છે. મોબાઇલને કારણે એનપીએસમાં રોકાણ સહેલું બન્યું છે.

આપનાં સૂચનો, સવાલો મોકલો આ સરનામા પર : technoworld.gs@gmail.com

લેખન-સંકલન : હિમાંશુ કીકાણી

ચકરીથી ફરસી પૂરી, ઘૂઘરાથી શક્કરપારા :

દિવાળી સ્પેશ્યલ ફરસાણની આ ઓળખાણ ખબર છે?

સ્પેક્ટ્રોમીટર

જય વસાવડા

દિવાળીમાં ફટાકડાની ભોંયચકરી એક સમયે મોબાઈલયુગ વિનાના સમયમાં બાળકોમાં રોમાંચ પેદા કરતી. પણ એક ચકરી ઘણા ઘરોમાં દિવાળી વખતે તાવડા, સોરી ફ્રાઈંગ પેનમાં પણ તૈયાર થતી. કડક, ક્રિસ્પી, કરકરી એવી ચકરી દાંત તૂટી જાય એવી બને તો ખાવાની મજા ના આવે ને સાવ પોચી બને તો વણેલા ગાંઠિયા જેવી ફીલ આપે. જલેબી જેવું ગૂંચળું એનું થવું જોઈએ. પણ એકમેકમાં ચોંટેલી હોવા છતાં ખાતી વખતે અલગ પડી શકે એવું ! વળી ખાંચાવાળું હોવી જોઈએ સંચાના સ્ટાર શેપના જોરે ! કૃષ્ણના હાથમાં રહેલા સુદર્શન ચક્ર જેવી ચકરી કથ્થાઈપીળા રંગની ઉપર સફેદ તલ છાંટેલી, પકડો તો બ્રહ્માંડમાં ઘૂમરી ખાતી કોઈ આકાશગંગા હથેળીમાં હોય એવું લાગે ! ગુજરાતીઓ જોડે ચકરી ગાંઠિયાની જેમ સ્ટેપલ ફૂડ તરીકે આફ્રિકા પણ ગઈ ને યુકે થઈને યુએસએ પણ ! ઈન્ડોનેશિયામાં એનું નામ છે 'અકાર કેલપા'.

સંભવતઃ અડદચોખાના લોટ અને આદૂની પેસ્ટ સાથે તૈયાર થતા સાઉથ ઈન્ડિયન સ્નેક મુરુક્કુ જેમાં સાબુદાણા ને બટાકા ઉમેરીને સુકવણી કરી પછી તળાતા 'મૂરખા' ગુજરાતી ઘરોમાં તૈયાર થાય છે. ઓનલાઈન ભટકાય કોમેન્ટમાં એ નહિ, ઉપવાસમાં ફરાળી નાસ્તા તરીકે ખાવાના મૂરખા. એ શબ્દ મુરુક્કુનો જ અપભ્રંશ છે. એમાંથી ચકરી જેનેટિક મ્યુટેશન થતાં ડાયનોસોરમાંથી પંખીઓ આવ્યા એમ આવી હોવી જોઈએ. ચકરીના ઘણાં નામો છે-ચકલી, ચક્કુલી, ચક્રાલુ.

'એ વિઝ્યુઅલ એન્સાયક્લોપીડિયા ઓફ ઈન્ડિયન ફૂડ'ના લેખક પ્રિયા મણી ચકરીને પિત્તળના નળાકાર સંચા દ્વારા વિવિધ કાણાંવાળી જાળીઓ વડે બનતી નમકીનની એક મોટી પરંપરાનો ભાગ ગણાવીને ચકરીના મૂળ કર્ણાટકમાં શોધે છે. ત્યાં તે અડદની દાળ અને ચોખામાંથી બનાવવામાં આવતી હતી. દક્ષિણ એશિયાઈ વાનગીઓના નિષ્ણાત આર્ડિન્ટ ગેરોયના જણાવ્યા મુજબ, તેનો ઈતિહાસ મધ્યકાલીન યુગ સુધી જાય છે, જેનો પ્રથમ લેખિત ઉલ્લેખ મંગરસ ત્રીજાના 'ધ સૂપ શાસ્ત્ર : કલિનરી ટ્રેડિશન્સ ઓફ મેડિએવલ કર્ણાટક'માં મળે છે. ઈ.સ. ૧૫૦૯ના આ પુસ્તકમાં ચોખા, અડદની દાળ અને ચણાના લોટના મિશ્રણમાંથી આ વાનગી બનાવવાનો ઉલ્લેખ છે. કર્ણાટક આમે અડદના ઉત્પાદન માટે જાણીતું. દિવાળી પર ચકરીનાં પૂર્વજ મુરુક્કુ બનાવવાનો સંબંધ અડદના પાકની લણણી સાથે જોડાયેલો છે. પ્રાચીન સમયમાં, વધુ સારા પાકની આશામાં પહેલી ફસલ ઉતરે બનાવેલી વાનગી સ્થાનિક અન્નદેવને અર્પણ કરવાનો રિવાજ હતો.

જો કે, ભારતના આયુર્વેદિક ગ્રંથોમાં 'સાસ્કુલી' નામની વાનગીનો ઉલ્લેખ છે. 'સાસ્કુલી' નો શાબ્દિક અર્થ 'કાન જેવા આકારની' ડિઝાઈન એવો થતો હતો. પ્રાચીન સમયમાં તેને ચોખાના લોટમાં તલ અને મસાલા ઉમેરીને, હાથથી અથવા લાકડાના સંચા જેવા સાધનથી લાંબી દોરી જેવો આકાર આપીને ઘી અથવા તેલમાં તળવામાં આવતી હતી. ચકરી તેના ગોળ 'ચક્ર' જેવા આકારને કારણે સંસ્કૃતના 'ચક્ર' શબ્દ પરથી 'ચકરી' કે 'ચકલી' તરીકે ઓળખાઈ. ગુજરાતમાં ચોખા, ઘણું કરીને ઘઉં અથવા ચોખા-ચણાના લોટમાં આદુ-મરચાંની પેસ્ટ ઉમેરીને લાઈટ અને ક્રિસ્પી બનાવાય છે.

આજે કર્ણાટકમાં ચાકરીને 'ચક્કુલી' કહેવાય છે. તેને બનાવવા માટે ઉકળેલા ચોખાનો લોટ અને અડદનો લોટ, તાજા ખમણેલા નાળિયેર અને જીરા સાથે મિક્સ કરવામાં આવે છે. જ્યારે એના સરહદપાડોશી મહારાષ્ટ્રની પરંપરાગત ચાકરી 'ભાજણી'માંથી બને છે-જે શેકેલા ચોખા, મગની દાળ, અડદની દાળ અને ચણાની દાળના લોટનું મિશ્રણ છે, જેમાં સૂકાધાણા, જીરું ને ઉપર તલ ઉમેરાય છે. એના પાડોશમાં રહેલા ગુજરાતમાં પણ જેમ પૈડું ફરે એવી રીતે ચકરી પ્રવેશી ગઈને દિવાળીને બદલે બારમાસી સ્નેક્સ તરીકે પેક્ડ મળવા લાગી છે આજે. પહેલા પણ વેપારીઓ લાંબા સમયની મુસાફરી કરતા ત્યારે બગડે નહિ એવા સૂકા નાસ્તા ભેગા રાખતા એમ ચકરી પ્રવાસ કરતી ગઈ !

તામિલનાડુમાં 'મુલ્લુ મુરુકુ' નામની ચકરીના એક પ્રકારમાં માખણનો સ્વાદ પ્રમુખ હોય છે. જોકે ત્યાં કોમન રેસિપી ચોખાના લોટ અને શેકેલા દાળિયાના મિશ્રણની છે. ગુજરાતી ચકરીમાં તો ખાંડ અને લીંબુનો ઉપયોગ થતો હોવાથી તેમની ચાકરીમાં એક અનોખો ખટમીઠો સ્વાદ હોય. હિંગ ને લાલ મરચું પણ હોય એમાં. અમેરિકામાં જલેપીનો (મેક્સિકન મરચાં) અને ચાઈનીઝ સેઝવાન ફ્લેવરમાં ચકરી મળતી જોઈ છે.

નામરૂપ જૂજવા તો યે ચકરી બનાવવાની મૂળ રીત એકસરખી જ છે. વિવિધ લોટના મિશ્રણમાં પાણી ઉમેરીને નરમ લોટ બાંધવામાં આવે, પછી તેને છ-ખૂણાવાળા તારા આકારની જાળીવાળા સંચામાં ભરીને દાબવામાં આવે છે, પરંપરાગત ખાંચાવાળી ભાત માટે. સંચામાંથી લોટ બહાર નીકળે ત્યારે તેને ગોળ-ગોળ ચક્ર આકારે પાડવામાં આવે છે. જો સંચામાંથી પાડતી વખતે ચકરી તૂટી જાય, તો તેનો અર્થ એ છે કે લોટ બહુ કઠણ છે. તેમાં ૧-૨ ચમચી પાણી ઉમેરી લોટ નરમ કરો. જો તેલમાં નાખતા જ ચકરી છૂટી પડી જાય, તો તેનો અર્થ એ કે મોણ (લોટ બાંધતી વખતે બોન્ડિંગ એજન્ટ જેવું તેલ) વધારે પડી ગયું છે. તેમાં થોડો કોરો લોટ ઉમેરી દો. અને હા, ચકરી પાડ્યા પછી તેના બંને છેડાને આંગળીથી બરાબર ચોંટાડી દેવાના. ચકરીને હંમેશા ગેસની ફ્લેમ મીડીયમ રાખીને તળાય. જો ફાસ્ટ ગેસ પર તળશો તો તે બહારથી લાલ પણ અંદરથી કાચીપોચી રહેશે.

ટ્રોલિયાઓની જેમ. ખીખીખી.

ચકરીની જેમ જ દિમાગના વાયરિંગમાં દિવાળી સાથે (અને સૌરાષ્ટ્રમાં સાતમ આઠમ પહેલાની રાંધણ છઠ સાથે) જોડાયેલી એક મનગમતી નાસ્તાની આઈટમ છે ફરસી પૂરી ! મોટે ભાગે એ તો ગુજરાતમાં જ જોવા મળે છે. ફરસી પૂરી મેંદાના લોટમાંથી બને એટલે જરા રૂપાળી લાગે. ખારી ને તીખી હોય. મરીના દાણા એને કશીશવાળી ફ્લેવર આપે. બીજા નાસ્તાઓ ઘરેલુ હેમા માલિની, માધુરી જેવા હોય પણ ફરસી પૂરી જરા પરવીન બાબી કે કિમી કાટકર જેવી લાગે. ફૂલફટાક સ્પેશ્યલ ને જોતાવેંત લાળ ટપકાવતું આકર્ષણ પેદા કરે એવી ! એમાં પણ મજા (ને કસોટી બનાવનારની!) એ છે કે પૂરી ક્રિસ્પી જ રહે પોચી નહિ પણ કુરકુરી પુરીમાં વચ્ચે બબલ્સ ઉઠે એવી આકાર બનવો જોઈએ, સાવ ધોળા ખાખરા નહિ !

'ફરસી' નામ સાંભળીને એવું લાગે કે આ વાનગીનો સંબંધ પર્શિયા (ઈરાન) અથવા ફારસી ભાષા સાથે હશે. પરંતુ વાસ્તવમાં આ એને ફારસી સંસ્કૃતિ સાથે કોઈ લેવાદેવા નથી. ગુજરાતી ભાષામાં 'ફરસું' શબ્દ 'ખસ્તા', 'પડવાળી' અથવા 'કડક'ના સંયુક્ત અર્થમાં ને જે સ્વાદમાં જરા મસાલેદાર ને ખારું એવું નમકીન હોય એને માટે વપરાય છે. એટલે તો ફ્રાઈડ ફૂડને ફરસાણ કહેવામાં આવે ! આ પૂરી તળ્યા પછી એકદમ બિસ્કિટ જેવી કરકરી અને મોંમાં ઓગળી જાય તેવી સોફ્ટ બને છે એટલે ફરસી.

આમે ભારતમાં પૂરીનો ઈતિહાસ આખો લેખ અગાઉ લખ્યો છે એટલો જૂનો છે. અને પુરીના અવનવા વર્ઝન્સ લોટ અને મોણ અને મસાલાના ફેરફારથી તૈયાર થાય છે. મુંબઈ ફોર્ટના એક જૂના જમાનાના રેસ્ટોરાંમાં આજે પણ સૂકી ભાજી સાથે અવનવી પાંચ પ્રકારની ગરમાગરમ પૂરી આવે, દરેકનો રંગ અલગ. પાલકથી લઈને હળદર સુધીની રેંજ !

બનાવવાની પરંપરાગત રીત

પરંપરાગત રીતે ફરસી પૂરી મેંદા અને રવાનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. તેમાં સ્વાદ માટે આખા જીરા અને અધકચરા વાટેલા કાળા મરી ઉમેરવામાં આવે છે. પૂરી તળતી વખતે ફૂલીને દડો ન થાય તે માટે તેના પર છરી કે કાંટા ચમચી વડે કાણાં પાડવામાં આવે. ક્યા કિચન સાયન્ટીસ્ટની આ શોધ હશે? દક્ષિણ અને ઉત્તર ભારતમાં ખવાતી 'મઠરી' સાથે તે ઘણી મળતી આવે છે, પરંતુ ફરસી પૂરીમાં લાલ મરચું નથી વપરાતું અને મરીનો તીખો સ્વાદ તેને આગવી આઈડેન્ટિટી આપે !

ફરસી પૂરી બનાવવામાં મેંદો અને રવો ચાળી જીરું, અધકચરા વાટેલા કાળા મરી અને મીઠું ઉમેરીને બરાબર મિક્સ કર્યા બાદ કેલેરીની ચિંતા કર્યા વિના છૂટથી ઘીનું મોણ નાખવાનું કલેજું જોઈએ ! મોણ ચેક કરવું હોય તો એક ટ્રેડીશનલ નુસખો છે. લોટને હાથમાં લઈને મુઠ્ઠી વાળો. જો લોટનો લાડુ બની જાય અને તૂટે નહીં, તો મોણ બરાબર છે. જો લોટ વેરવિખેર થઈ જાય, તો ઘીનો અભિષેક વધારવાનો ! થોડું-થોડું નવશેકું પાણી ઉમેરીને કઠણ લોટ બાંધવાનો ને જીમમાં કસરત કરતા હો એમ થોડી વાર એને મસળવાનો ઈ મસલ્સ મજબૂત થાય એમ. પછી ભીના કપડાથી ઢાંકીને વીસેક મિનિટ માટે સેટ થવા મુકવાનો. નેક્સ્ટ, ફરી એકવાર મસળી નાના-નાના લુઆ બનાવી મિડીયમ ફેટી જાડાઈ રાખીને પૂરી વણવાની. એમાં ચાકુથી છરકા કરવાના ભાઈલોગની અદામાં.

તીખાં ખારાં સાથે ગળ્યું પણ જોઈએ ને. આપણે તો શિંગતેલના કૂવાનું ઉત્ખનન કરતી પ્રજા એટલે સ્વીટ પણ ફરસાણમાં જ તળીને લાવીએ. જેમ કે નામમાં જ સંસ્કૃત શર્કરા યાને ખાંડનું ગળપણ છે એવા શક્કરપારા ! મોઢામાં મૂકી શકાય એવા લાર્જ સ્કેલ બ્રાઉન ડાયમન્ડ્સ. જાણે ગંજીફામાંથી ચરકટનું નિશાન નાસ્તાના ડબ્બામાં પુરાઈ ગયું હોય એવા અનોખા આકારના !

હવે આ વાનગીનું પર્શિયન કનેક્શન છે ખરું. ફૂડ હિસ્ટોરિયન્સના મતે, 'શક્કરપારા' શબ્દની ઉત્પત્તિ પર્શિયન (ઈરાની) ભાષાના શબ્દ 'શેકરપારેહ' માંથી થઈ છે. પર્શિયન ભાષામાં આપણી સાકર પરથી જ શબ્દ ગયો 'શેકર' કે અરેબિકમાં સખ્ખર. (એક સમયે શેરડીને ખાંડમાં દુનિયામાં આપણે પાયોનિયર હતા એટલે સ્યુગર શબ્દ પણ એમ જ આવ્યો છે.) એટલે ગળ્યા અને 'પારેહ' એટલે ટુકડો અથવા પડ. ખલાસીઓ, વેપારીઓ અને મુઘલ શાસકોમાં જલેબી સમોસા બરફીની જેમ આ વાનગી પણ ભારતમાં આવી ગઈ. મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં એને 'શંકરપાલી' પણ કહે છે. બિહાર ઉત્તર પ્રદેશમાં તેને 'ખુરમા' કે 'લકથો' કહેવાય છે. મેંદા અથવા ઘઉંના લોટમાં ઘીનું મોણ, દૂધ/પાણી અને ખાંડ ભેળવીને કણક બાંધવામાં આવે છે અને પછી તેને તળવામાં આવે છે. આપણી આ રીત છે. એક પદ્ધતિ લોટની જાડીરોટલી વણી એના ચોરસ ટુકડાને પહેલાં મોણ નાખીને તળી લેવામાં આવે છે અને ત્યારબાદ તેને ખાંડની ઘટ્ટ ચાસણીમાં ડૂબાડીને ઉપર ખાંડનું પડ ચડાવવામાં આવે એ પણ છે જેમાં શુગર ક્રિસ્ટલ્સ ચમકતા દેખાય. ભારતમાંથી સ્થળાંતર કરનારા લોકોની સાથે શક્કરપારા જુદા રૂપમાં અમેરિકા જોવા મળે. ફિજી, ગુયાના, મોરેશિયસ, સુરીનામ, ત્રિનિદાદ અને ટોબેગો જેવા દેશોમાં વસતા ભારતીય સમુદાયોમાં પણ લોકપ્રિય છે, જ્યાં તેને ઘણીવાર 'લકડી મીઠાઈ' કહેવાય. એમ તો હેલ્ધી શક્કરપારા ઘઉંના લોટના બને ને ખારાં તીખાં પણ બને પણ દિવાળી પર તો ગળ્યા જ જોઈએ.

પણ હમણાં સુધી દિવાળીની ઓળખાણ દીવડા, ફટાકડા, રંગોળી જેટલી જ હોમમેઈડ ઘૂઘરાની પણ હતી જે ઝડપથી લુપ્ત થતી જાય છે. આ એવી મીઠાઈ છે કે જે ઘેર જ બનવી જોઈએ ને એનાથી ઘરની સ્વાદક્ષમતાનું મહેમાનો સમક્ષ માપ નીકળે. દિવાળી સિવાય એ ભાગ્યે જ બને ને બને તો ય ખાવાનો મૂડ ન આવે. તુષાર શુક્લની વાઈરલ થયેલી કવિતા 'કોઈ ન આવ્યું ઘરે'મા ય આ અતિથિના મુખમાં ઓહિયાં થવાની રાહ જોતા ઘૂઘરાનો ઉલ્લેખ છે.

ઘૂઘરા સરકારના મોદી-અમિત શાહ એટલે ચોખ્ખું કણીદાર સોનેરી ઝાંય પડતું હોય એવું ગીર ગાયનું ઘી. અને બને તો ઘેર બનાવેલો આછો બદામી મહેકદાર એવો મલાઈદાર દૂધનો નરમ મુલાયમ માવો. એમાં જેટલીની જેમ ભળે ટોપરાનું શ્વેતરંગી છીણ. સરસ્વતીના રાજહંસની ધવલ પાંખોમાંથી ઝરેલી રજ જેવું મીઠુંમધુરું સુક્કું નાળિયેર. પછી તાજો શેકેલો રવો ને સુગંધીદાર મલબારી એલચી, કેલિફોર્નિયન કરકરી બદામ ને વેઢા જેવડા ગોવાનીઝ કાજુની કટકીઓ, ચમકદાર રતુમડી ફ્રેન્ચ કિશમિશ (કિસમિસ લખીએ તો વળી ઓબ્જેક્ટિફિકેશન ઓફ વિમેન લાગશે ! ખીખીખી). ને ખડી સાકરનો ભૂકો કે શેરડીના વાઢમાંથી પ્રોસેસ થઈને સુરતમાં પાસા પડેલ ડાયમંડ જેવી ક્રિસ્ટલાઈઝડ થયેલી ખાંડ !

મેંદાના સમોસાનુમા ને ઝાલરદાર કિનારીવાળા આવરણમાં આ પૂરણને અગેઈન ઘીમાં સાંતળો ત્યારે ધૂપની જેમ આખા ઘરમાં કલાકો સુધી પોતાની સોડમ ફેલાવી દે એ ઘૂઘરાસંસ્કૃતિની મહેક છે.

ઉત્સવની સાથે તળેલી વાનગીઓની સુગંધ પણ મનોમન ઘેલા કરે છે આપણને. પણ ખાતા ખાતા આપણે જીભની સાથે મગજ ચલાવીએ તો રસ પડે કે એ ક્યાંથી કેવી રીતે આપણા સુધી પહોંચી

અનુસંધાન પાનાનં ૦૯ પર

મીરા : ઝેરનો કટોરો પ્રેમજીને!

બાયોસ્કોપવાલા

મન્નુ શેખચલ્લી

આ પ્રેમજી એટલે કોણ? આ ફિલ્મના પ્રોડ્યુસર, જેને ભાગે ફિલ્મની ઘોર નિષ્ફળતાનો 'ઝેરનો કટોરો' પીવાનું લખાયું હશે!

જરા વિચાર કરો, જે પ્રોડ્યુસર આ અગાઉ 'ચિરાગ' (સુનીલ દત્ત), 'દુશ્મન' (રાજેશ ખન્ના) 'દોસ્ત' (ધર્મેન્દ્ર), 'મજબૂર' (અમિતાભ બચ્ચન) અને 'ઈમાન ધરમ' (મલ્ટીસ્ટાર) જેવી મોટી અને સફળ ફિલ્મો બનાવી ચૂક્યો હોય એ અનુભવી માણસ આ એક જ પ્રોજેક્ટમાં આટલો બધો શી રીતે 'ધોવાઈ' ગયો હશે?

શરૂઆત થઈ ફિલ્મના મહુરતથી. (કદાચ મૂહૂર્તનું ચોઘડિયું જ ખરાબ હશે) ખ્યાતનામ લેખક-ગીતકાર-દિગ્દર્શક ગુલઝાર સાહેબ પોતે શાયર હોવા છતાં એક સમયે સંજીવ કુમારને લઈને 'મિર્ઝા ગાલિબ'ની બાયોપિક બનાવવા માગતા હતા. એ જ રીતે પોતે કવિ હોવા છતાં મીરાંબાઈનાં ભજનોને સાંકળીને એ કહાણી પરદા ઉપર લાવવા માગતા હતા.

આમ તો મહુરતનો દિવસ, ૧૪ ઓક્ટોબર, ૧૯૭૫ દશેરા યાને કે વિજ્યાદશમીનો શુભદિન હતો. પરંતુ જેના હસ્તે મહુરત થયું એ મહાન ગાયિકા લતા મંગેશકરે એ જ દિવસે ફિલ્મનાં ગીતો ગાવાની ના પાડી દીધી!

શા માટે? તો કારણ એ હતું કે થોડા સમય પહેલાં જ લતાજીના સગા ભાઈ હૃદયનાથ મંગેશકરનાં સ્વરબદ્ધ કરેલાં મીરાંબાઈનાં ભજનોની એક લોંગ-પ્લે રેકોર્ડ માટે લતાજીએ પોતાનો કંઠ આપ્યો હતો. હવે એમનું કહેવું એમ હતું કે ફિલ્મમાં પણ હું જ ગાઉં તો મારા ભાઈની રેકોર્ડની શી વેલ્યુ રહે?

છતાં ફિલ્મના સંગીતકારો લક્ષ્મીકાંત પ્યારેલાલને હતું કે અમે લતાજીને મનાવી લઈશું. એ બન્નેના અત્યંત આગ્રહ છતાં લતાજીએ ધરાર 'ના' જ પાડી! આના લીધે થયું એવું કે લક્ષ્મી-પ્યારેએ ફિલ્મમાંથી એમ કહીને હાથ ખેંચી લીધા કે 'લતાજી નહીં, તો હમ ભી નહીં!'

એમ તો આર ડી બર્મન ગુલઝાર સાહેબના પ્રિય સંગીતકાર હતા. પ્રેમજી અને ગુલઝારજી આરતી લઈને આરડી પાસે ગયા. આરડીએ પણ રોકડું પરખાવ્યું: 'લતાજી કે બિના મીરાં કે ગાને બન હી નહીં સકતે!'

હવે તમને થાય કે લતાજી નહીં તો આશાજીને લો! લક્ષ્મી-પ્યારે નહીં તો ઓપી નૈયરને પકડો! એ તો આમેય ક્યાં લતાજી પાસે ગવડાવતા હતા? પણ હલો, આશાજી લતાજીનાં બહેન થાય, એ રીતે હૃદયનાથજીનાં પણ બહેન જ થાય ને? એટલે એ દિશામાં બારણાં બંધ જ હતાં.

એવામાં ફિલ્મના આર્ટ ડિરેક્ટર દેશ મુખર્જીએ કહ્યું 'મોટું નામ જોઈએ છે? તો સંગીતકાર તરીકે ખ્યાતનામ સિતારવાદક રવિશંકરને લો ને!' આ વાત પ્રેમજીને જામી ગઈ! પણ આમાં તો 'આસમાન સે ગિરે ઔર ખજૂર મેં અટકે' જેવો ઘાટ હતો.

કેમકે એ સમયે રવિશંકર તો 'ઈન્ટરનેશનલ સ્ટાર' બની ચૂક્યા હતા. ભારતમાં તો એમની પધરામણી પણ ક્યારેક જ થતી હતી. એ ક્યાં છે, ક્યારે મળશે વગેરેની શોધખોળ કરતાં માંડ ત્રણેક મહિના પછી લંડનની એક હોટલમાં એમનો ફોન પર સંપર્ક થયો! મહાન સિતારવાદકે કહ્યું 'ફિલ્મની સ્ક્રીપ્ટ સાંભળ્યા વિના હું હા નહીં પાડું!'

આખરે વધુ એકાદ મહિના પછી જ્યારે તે મુંબઈ પધારેલા ત્યારે સ્ક્રીપ્ટ સાંભળીને હા તો પાડી, પણ લતાજી અવેલેબલ નથી એ સાંભળીને બે ક્ષણ ચૂપ થઈ ગયેલા. છેવટે મીરાંબાઈને પરદા ઉપર સ્વર આપવા માટે પસંદગી કોની થઈ? વાણી જયરામની! ('ગુડ્ડી' ફેમ)

હવે તમે જ કહો, ક્યાં પેલાં 'સ્વરકોકીલા' (કોયલ જેવાં કંઠધારી) લતાજી? અને ક્યાં આ એકમાત્ર 'પપિહરા' (બોલે રે પપિહરા ગાયન) નામના પક્ષીના સહારે જાણીતી થયેલી વાણી જયરામ?

આ ઉપરાંત શૂટિંગમાં પણ ઓછી મુસીબતો નહોતી! શરૂઆતમાં મેવાડના રાણા તરીકે મહાનાયક અમિતાભ બચ્ચનને કરારબદ્ધ કર્યા હતા. પણ '૭૫માં શોલે' હિટ થયા પછી બચ્ચનજીએ સામટી અડધો ડઝન ફિલ્મો સાઈન કરી નાંખી હતી.

આ તરફ હેમામાલિની પણ ટોપ પર હોવાને કારણે એમની તારીખોનો બચ્ચનજીની તારીખો સાથે મેળ જ પડતો નહોતો.

છેવટે અમિતાભે જ સામે ચાલીને 'મીરાં'નો ત્યાગ કર્યો! તો હવે નવા રાણા કોણ બને? શોધ પુરી થઈ વિનોદ ખન્ના ઉપર જઈને. પરંતુ આ દરમ્યાન ફિલ્મના મહુરતને સવા બે વરસ વીતી ચૂક્યાં હતાં!

મહુરત વખતે નિર્માતા પ્રેમજીએ હેમા માલિનીને મોટા ઉપાડે, દર મહિને એક લાખ રૂપિયાના 'પગાર'થી કરારબદ્ધ કર્યાં હતાં. પણ હજી તો શૂટિંગ શરૂ થવાનાં ઠેકાણાં નહોતાં! રૂપિયા તો ચૂકવાઈ જ રહ્યા હતા! એટલે, આખરે પ્રેમજીએ હાથપગ છોડીને જુનો કરાર રદ કરીને 'જે દિવસે શૂટિંગ થાય તે દિવસના પૈસા તે જ દિવસે' એવો નવો કરાર કરવો પડ્યો.

છેવટે અમિતાભે જ સામે ચાલીને 'મીરાં'નો ત્યાગ કર્યો! તો હવે નવા રાણા કોણ બને? શોધ પુરી થઈ વિનોદ ખન્ના ઉપર જઈને. પરંતુ આ દરમ્યાન ફિલ્મના મહુરતને સવા બે વરસ વીતી ચૂક્યાં હતાં!

એમાંય, વચમાં તો વિનોદખન્નાના આડા ફાટ્યા હતા! તમે કિસ્મતના ખેલ તો જુઓ? જે મીરાંબાઈ મહેલ છોડીને ઝુંપડીમાં રહેવા જતાં રહેલાં એનો રોલ ભજવનારાં રૂપિયા વિના કામ કરવા તૈયાર નહોતાં, અને જે રાણા મહેલોના વૈભવમાં મશગૂલ હતા, એના અભિનેતા વિનોદ ખન્નાને પેલા રજનીશજીના રવાડે ચડીને સંસાર ત્યાગી દેવાનું ભૂત ચડ્યું હતું!

વિનોદ ખન્ના બધું અધૂરું છોડીને જતા જ રહેવાના હતા પરંતુ ગુલઝારની સમજાવટથી શૂટિંગ પુરું કરવા માટે માંડમાંડ સંમત થયા હતા.

પછી ફિલ્મનું શું થયું? તો મને બરાબર યાદ છે, તે વખતે ઉનાળાના વેકેશનમાં હું મારા રાજકોટના એક મિત્રના ઘરે થોડા દિવસ માટે ગયો હતો. એ જ વખતે 'મીરા'ની રેકોર્ડ રીલીઝ થઈ હતી.

મારા મિત્રના પપ્પા હરખઘેલા થઈને પહેલે જ દિવસે એ બ્રાન્ડ ન્યુ રેકોર્ડ ખરીદીને ઘરે લાવેલા! 'આમાં તો રવિશંકરનું સંગીત છે... રવિશંકરનું!' એમ પુરા ઉત્સાહથી અમે સૌ 'મીરા'ના ગાયનો સાંભળવા બેઠા...

પણ જેમ જેમ એક પછી એક ગીત આવતું ગયું તેમ અમારો ઉત્સાહ નીચોવાઈ રહેલાં પોતાંની જેમ નીતરતો ગયો! કસમ સે... એક પણ ગીત ગમવાનું તો બાજુએ રહ્યું, બે મિનિટ પછી યાદ પણ રહે તેવું ન લાગ્યું!

મારા મિત્રના પપ્પા તો એ હદે નિરાશ થઈ ગયેલા કે બીજા દિવસે દુકાનવાળાને જઈને કીધેલું કે 'આ રેકોર્ડ પાછી લઈ લ્યો તો કેટલા રૂપિયા દેશો?'

એ જમાનો એવો હતો કે ફિલ્મનું મ્યુઝિક ફલોપ, તો ફિલ્મ પણ ફલોપ! એમાંય, અહીં તો મહાન સિતારવાદક રવિશંકરનું નામ હતું! જોકે આખી ઘટનામાં અમને સતત એક સવાલ થયા કરતો હતો કે જો લતા મંગેશકર નહીં, તો કોઈને સુમન કલ્યાણપુરનો વિચાર કેમ નહીં આવ્યો હોય?

પણ પછી થયું કે 'આને જ તો કહેવાય... લતાજીનો ખૌફ!'

- **૧૯૪૭માં આવેલી તામિલ ફિલ્મ 'મીરા'માં અત્યંત સુંદર રૂપ અને એટલો જ સુંદર સ્વર ધરાવતાં કર્ણાટકી શાસ્ત્રીય સંગીતનાં ખ્યાતનામ ગાયિકા એમ.એસ. સુબ્બલક્ષ્મી હિરોઈન (અને ગાયિકા) તરીકે પરદા પર આવ્યાં હતાં.**
- **ફિલ્મનાં બાર ગીતોનું રેકોર્ડિંગ રવિશંકરે માત્ર ૨૪ દિવસમાં પતાવી દીધું હતું. કહે છે કે આ ગીતોની સ્વરરચના કે સર્જન શી રીતે થયાં, તેની કોઈ માહિતી મળતી નથી.**
- **રવિશંકર વિદેશી પ્રોગ્રામોમાં એટલા બિઝી રહેતા હતા કે ફિલ્મનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક છેવટે વિજય રાઘવ રાવે પતાવ્યું હતું.**
- **...અને વાણી જયરામને 'મેરે તો ગિરધર ગોપાલ' ગીત માટે ફિલ્મફેર એવોર્ડ પણ મળ્યો હતો. બોલો.**

અજબ ઐશ્વર્યાની ગજબ વાતો

સિનેમા એક્સપ્રેસ

શિશિર રામાવત

ઐશ્વર્યા રાય બચ્ચનનો આજે બર્થડે છે. એણે ૫૩ વર્ષ પૂરાં કરીને ૫૪મા વર્ષમાં ભવ્ય પ્રવેશ કર્યો છે. છેલ્લા ત્રણ-ત્રણ દાયકાથી ભારતના પોપ્યુલર કલ્ચરમાં ઐશ્વર્યા એક અણનમ સ્થાન ધરાવે છે. ગ્લેમરની દુનિયામાં, સમજોને કે, ઐશ્વર્યા જેવું કોઈ થયું નથી ને થવાનું પણ નથી. રજનીકાંતની જેમ! રજનીકાંતના અદ્ભુત 'સુપરપાવર' વિશેના જાતજાતના ટુચકા બન્યા છે. જો રજનીકાંતના જોક્સ ખૂબ ચાલી શકતા હોય તો આ ડિજિટલ યુગમાં ઐશ્વર્યાના મીમ-જોક્સ કેમ ન ચાલી શકે? આ રહ્યા કેટલાક સેમ્પલ્સ. સાંભળો...

■ ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થઈ ગયું. દેખીતી રીતે જ ભારતને ભવ્ય વિજય મળ્યો, અને આ યુદ્ધમાં અદભુત દેખાવ કરવા બદલ ઐશ્વર્યા રાયને શૌર્ય ચંદ્રક એનાયત કરવામાં આવ્યો. મોરચા પર ઐશ્વર્યાને જોઈને મુગ્ધ થઈ ગયેલા પાકિસ્તાની જવાનોએ કહ્યું હતું કે મેડમ, તમારું સ્માઈલ એટલું સુંદર છે કે એ જોઈને અમારા દિલ ધબકવાનું ભૂલી જાય છે. ઐશ્વર્યાએ કહ્યું: એમ? પછી તેણે પાકિસ્તાની સૈનિકો સામે નોનસ્ટોપ પંદર મિનિટ સ્માઈલ કર્યું અને...

■ એક દેશવ્યાપી સર્વેક્ષણમાં ૯૦ ટકા પુરુષોએ કબૂલ કર્યું કે તેમને કુંવારી કન્યાઓ નહીં, બલકે પરિણીત મહિલાઓ વધારે આકર્ષક અને ડિઝાયરેબલ લાગે છે. આ સર્વે ઐશ્વર્યા રાયનાં લગ્ન પછી કરવામાં આવ્યો હતો.

■ એક ટોચની પ્લાસ્ટિક કંપનીએ ઐશ્વર્યાનું એક શીશી જેટલા લોહીનું સેમ્પલ ખરીદવા માટે એકતાલીસ કરોડ રૂપિયાની ઓફર મૂકી છે. શા માટે? કંપની જાણવા માગતી હતી કે ઐશ્વર્યાના શરીરમાં પ્લાસ્ટિકનું પ્રમાણ એક્ઝેક્ટ્લી કેટલું છે. નેચરલી, અમિતાભ બચ્ચને પુત્રવધૂનું અપમાન કરનાર આ કંપની પર સાડા ચાર અબજનો દાવો ઠોકી દીધો છે. આ રકમના એક હિસ્સામાંથી એબી કોર્પ 'પા'ની સિક્વલ 'બા' બનાવશે. તેમાં ઐશ્વર્યા પોતાની સાસુમા જયા બચ્ચનની બા બનશે.

■ ઓલિમ્પિક્સમાં નજરથી તીર છોડવાની ગેમમાં ઐશ્વર્યા રાયે ગોલ્ડ મેડલ જીત્યો.

ઓલિમ્પિક્સમાં નજરથી તીર છોડવાની ગેમમાં ઐશ્વર્યા રાયે ગોલ્ડ મેડલ જીત્યો. ઐશ્વર્યાને જોકે એ વાતનો અફસોસ રહી ગયો કે તે 'અખિયોં કે ગોલી મારે' સ્પોર્ટમાં ભાગ લઈ ન શકી, કારણ કે નિયમ પ્રમાણે 'નજરોં કે તીર ચલાના' અને 'અખિયોં સે ગોલી મારના' આ બેમાંથી કોઈ એક જ સ્પોર્ટમાં ભાગ લઈ શકાય તેમ હતો!

■ ઐશ્વર્યાને જોકે એ વાતનો અફસોસ રહી ગયો કે તે 'અખિયોં કે ગોલી મારે' સ્પોર્ટમાં ભાગ લઈ ન શકી, કારણ કે નિયમ પ્રમાણે 'નજરોં કે તીર ચલાના' અને 'અખિયોં સે ગોલી મારના' આ બેમાંથી કોઈ એક જ સ્પોર્ટમાં ભાગ લઈ શકાય તેમ હતો.

■ એક કાર એક્સિડન્ટમાં ઐશ્વર્યા બળીને ભડથું થઈ ગઈ તેવી ખોટી અફવા ફેલાઈ. તે સાંભળીને દેશના સત્તર જુવાનોએ ચાકુ વડે પોતાની આંખો ફોડી નાખી. શા માટે? તેમને ખબર હતી કે ઐશ્વર્યાએ પોતાના નિધન પછી નેત્રદાન કરવાની જાહેરાત કરી હતી અને તેઓ પોતાની ફૂટેલી આંખની જગ્યાએ ઐશ્વર્યાની આંખ ફિટ કરાવવા માગતા હતા.

■ વાસ્તવમાં રંભા, મેનકા અને ઉર્વશી સહિતની સ્વર્ગની અગિયાર સિનિયર અપ્સરાઓનું કમોત હતું, અને તેઓ કાર એક્સિડન્ટને લીધે નહીં, પણ ઐશ્વર્યાના રૂપની ઈર્ષ્યાને કારણે બળીને ભડથું થઈ ગઈ હતી.

■ બોલિવુડના આઠ ટોપમોસ્ટ નિર્માતાઓ વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું છે. ઐશ્વર્યા રાય પ્રેગનન્ટ થતાં જ આ સૌએ તોતિંગ સાઈનિંગ અમાઉન્ટ આપીને તેના આવનારાં બાળકને સાઈન કરી લીધું હતું. નક્કી એવું થયું હતું કે ઐશ્વર્યાને જો દીકરી આવે તો સોળ વર્ષ પછી અને દીકરો આવે તો ઓગણીસ વર્ષ પછી વારાફરતી આઠેય પ્રોડ્યુસરોની ફિલ્મોમાં કામ કરશે. આ ૧૬ નવેમ્બરે આરાધ્યાને સોળમું વર્ષ બેસશે અને તકલીફ એ થઈ ગઈ છે કે આરાધ્યા કયા પ્રોડ્યુસરની ફિલ્મ કયા ક્રમમાં કરશે તે હજુ સુધી નક્કી થઈ શક્યું નથી. આજની તારીખે આઠેઆઠ નિર્માતાઓ આરાધ્યાની પહેલી ફિલ્મ બનાવવા માટે બથ્થંબથ્થા કરી રહ્યા છે.

અનુસંધાન પાનાનં ૦૯ પર